પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

**સુવિચાર**

દુકાળ પડ્યો છે આખી દુનિયામાં
પ્રેમ આદર અને સન્માનનો
કારણ કે લેવા દરેક માંગે છે પણ
કોઈ આપવા માંગતું નથી.

# અબતક ®

સાંધ્ય દૈનિક
ગ્રામ્ય આવૃત્તિ    પાનાઃ ૧૨
તા. ૨૬-૨-૨૦૨૬, ગુરૂવાર
વર્ષઃ ૧૪, અંક : ૨૯૮
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
Price Rs.:4  ABATAK-RAJKOT  0281- 2461234, 2460999  94266 72303  abataknews@gmail.com  @abtakmedia

**ધો.૧૦-૧૨ની પરીક્ષાનો પ્રારંભ બેન્ડબાજા અને ડાંડીયાના તાલે વિદ્યાર્થીઓનું સ્વાગત**

(વાંચો છેલ્લા પાને)

### શું છે ભારત-ઈઝરાયેલ? મિત્રથી પણ વિશેષ ભાઈ જેવો નાતો છે

# દુશ્મનની મિસાઈલ વાળ પણ વાંકો નહીં કરી શકે, હવે ઈઝરાયેલની આયર્ન ડોમ ભારતને સુરક્ષા કવચ આપશે

## આયર્ન ડોમ અને આયર્ન બીમ સિસ્ટમ 300 કિમી દૂરથી આવતા ડ્રોન કે મિસાઈલને હવામાં જ તોડી પાડશેઃ ઈઝરાયેલ માત્ર હથિયાર વેચશે નહીં, પણ તેની ‘આધુનિક’ ટેકનોલોજી ભારતને ટ્રાન્સફર કરશે

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઈઝરાયલ મુલાકાતે વૈશ્વિક સંરક્ષણ ક્ષેત્રે ખળભળાટ મચાવી દીધો છે. દુનિયાના અનેક દેશો જે હથિયારો માટે વર્ષોથી લાઈનમાં હતા, તે અત્યાધુનિક ટેકનોલોજી ઈઝરાયલ હવે માત્ર ભારતને સોંપવા જઈ રહ્યું છે. આ ડીલથી ભારતની સૈન્ય શક્તિમાં એવો ઉછાળો આવશે કે દુશ્મન દેશોના રડાર પણ નિષ્ફળ સાબિત થશે.એટલે સય દુશ્મનની મિસાઈલ વાળ પણ વાંકો નહિ કરી શકે, હવે ઈઝરાયલની આયર્ન ડોમ



ભારત દેશને સંપૂર્ણ સુરક્ષા કવચ આપશે.

આ વખતે ઈઝરાયલ માત્ર હથિયાર વેચશે નહીં, પણ તેની ’એકસકલુઝિવ’ ટેકનોલોજી ભારતને ટ્રાન્સફર કરશે. ’મેક ઈન ઈન્ડિયા’ હેઠળ આ ઘાતક હથિયારોનું નિર્માણ હવે ભારતીય ધરતી પર થશે. આ સિવાય ’રેમ્પેજ’ એર-ટુ-ગ્રાઉન્ડ મિસાઈલ અને ’આઈસ બ્રેકર’ નેવલ ક્રૂઝ મિસાઈલ પર પણ મહોર લાગવાની પૂરેપૂરી શક્યતા છે.

એન્ડવાન્સ મિલેટ્રી ટેકનોલોજીની દુનિયામાં યુનાઈટેડ સ્ટેટ્સ અને ચીન જેવા મહાસત્તાઓ હેડલાઈન્સમાં પ્રભુત્વ ધરાવે છે. છતાં, આધુનિક હવાઈ સંરક્ષણમાં સૌથી વિક્ષેપકારક નવીનતાઓમાંની એક ઈઝરાયલ તરફથી આવી રહી છે. આ સિસ્ટમને આયર્ન ડોમ અને બીમ કહેવામાં આવે છે. તે રક્ષણાત્મક યુદ્ધમાં એક મોટી છલાંગ રજૂ કરે છે. ઈન્ટરસેપ્ટર રોકેટ પર આધાર રાખતી પરંપરાગત મિસાઈલ ડિફેન્સ સિસ્ટમથી વિપરીત, આયર્ન બીમ આવનારા જોખમોનો નાશ કરવા માટે નિર્દેશિત લેસર ઊર્જાનો ઉપયોગ (અનુ. આઠમા પાને)


## ઈસ્લામ નહિ પણ એક્સ્ટ્રીમિસ્ટ ઈસ્લામ સામે પણ સુરક્ષા કવચ કેળવશે ભારત-ઈઝરાયેલઃ નેતન્યાહુ



ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ તાજેતરમાં એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે કે ભારત અને ઈઝરાયેલ આયર્ન એલાયન્સ નામના મજબૂત ગઠબંધનનું નિર્માણ કરશે, જે કટ્ટરપંથી ઈસ્લામના જોખમ સામે લડવા માટે હશે.આજાહેરાત ઈઝરાયેલની સંસદ નેસેટમાં કરવામાં આવી, જ્યાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઐતિહાસિક સંબોધન કરવા પહોંચ્યા હતા. નેતન્યાહુએ પીએમ મોદીના સંબોધન પહેલાં આ વાત કરી હતી. નેતન્યાહુએ કહ્યું કે,કટ્ટરપંથી ઈસ્લામ જે સમગ્ર માનવજાત અને સ્વતંત્ર રાષ્ટ્રોને ધમકી આપે છે, તેની સામે અમે એકસાથે આયર્ન એલાયન્સ બનાવીશું. એવા દેશોનું ગઠબંધન જે પ્રગતિ, માનવ મર્યાદા અને પરસ્પર આદરમાં માને છે. એવા દેશોનું ગઠબંધન જે જીવનને પવિત્ર માને છે અને તેમની સામે લડવા તૈયાર છે જેઓ મૃત્યુને પવિત્ર માને છે અને આપણને મધ્યયુગીન અંધકારમાં પાછા લઈ જવા માંગે છે.સાથે તેમણે ભારત-ઈઝરાયેલ સંબંધોને અદ્ભુત અને અદ્વિતીય ગણાવ્યા. તેમણે જણાવ્યું કે બંને દેશો વચ્ચે વેપાર બમણો થયો છે, સહકાર ત્રણ ગણો વધ્યો છે અને સમજણ ચાર ગણી વધી છે. તેઓએ કહ્યું કે ભારત અને ઈઝરાયેલ બંને પહેલાં કરતાં વધુ મજબૂત છે.

### ‘વસુધૈવ કુટુમ્બકમ’

## વિશ્વની શાંતિ, સ્થિરતા અને વાટાઘાટોને લઈ ઈઝરાયેલની પડખે રહેશે ભારતઃ પીએમ મોદી



ઈઝરાયેલની સંસદમાં સંબોધન કરતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આતંકવાદ ગમે ત્યાં હોય, પરંતુ તે દરેક જગ્યાએ શાંતિ માટે ખતરો ઊભો કરે છે. વિશ્વની શાંતિ, સ્થિરતા અને વાટાઘાટોને લઈ ઈઝરાયલની પડખે ભારત હરહંમેશ ઉભું રહેશે.આતંકવાદનો સામનો કરવા માટે સતત અને સંકલિત વૈશ્વિક કાર્યવાહીની જરૂર છે, કારણ કે આતંકવાદ ગમે ત્યાં હોય પણ દરેક જગ્યાએ શાંતિને જોખમમાં મૂકે છે. તેથી જ ભારત કાયમી શાંતિ અને પ્રાદેશિક સ્થિરતામાં યોગદાન આપતા તમામ પ્રયાસોને સમર્થન આપે છે. ગાઝા શાંતિ પહેલનો ઉલ્લેખ કરીને વડાપ્રધાને જણાવ્યું હતું કે યુએન સુરક્ષા પરિષદના સમર્થન સાથેની ગાઝા શાંતિ પહેલ એક માર્ગ પ્રદાન કરે છે. ભારતે આ પહેલ માટે પોતાનો મજબૂત ટેકો વ્યક્ત કર્યો છે.આતંકવાદના મુદ્દે ઈઝરાયેલની જેમ ભારત પણ કોઈ બેવડા ધોરણો વગર ઝીરો ટોલેરન્સની નીતિ ધરાવે છે. મોદીએ આની સાથે ગાઝા શાંતિ પહેલનું સમર્થન કરતાં જણાવ્યું હતું કે તે પ્રદેશમાં ન્યાયી અને કાયમી શાંતિનું વચન ધરાવે છે.ઈઝરાયેલ પર હમાસના આતંકવાદી હુમલામાં પોતાના નજીકના અને પ્રિયજનો ગુમાવનારા ઈઝરાયેલી પરિવારો પ્રત્યે ભારતની ઊંડી સંવેદના (અનુ. આઠમા પાને)

### હવે વધુ પાવરફૂલ લોકોએ ‘પ્રીમિયમ ચાર્જ’ આપવો પડશે

# એમેઝોન, ગુગલ, માઈક્રોસોફ્ટ, મેટા જેવી વધુ વીજળી “ઓહ્યા” કરતી કંપનીઓએ વધારે ફ્યુઅલ ચાર્જ આપવો પડશે!!!

## અમેરિકામાં સામાન્ય લોકો ઉપર વીજ બિલનો વધુ બોજ હટાવવા વ્હાઈટ હાઉસની મોટી પહેલઃ આગામી દિવસોમાં ભારત સહિતના દેશોમાં પણ આ પહેલ થાય તો નવાઈ નહિ

**અબતક, નવી દિલ્હી**

આગામી ૪ માર્ચે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ટેક કંપનીઓના પ્રતિનિધિઓ વચ્ચે મહત્વની બેઠક યોજવાના છે. જેમાં ડેટા સેન્ટરના કારણે વધતા વીજ વપરાશનો બોજ સામાન્ય નાગરિકો પર ન પડે તે માટે ખાસ કરાર પણ થવાનો છે. જેમાં એમેઝોન, ગુગલ, માઈક્રોસોફ્ટ, મેટા જેવી વધુ વીજળી ઓહ્યા કરતી કંપનીઓ માટે વધારે ફ્યુઅલ ચાર્જની જોગવાઈ કરવામાં આવશે.

અમેરિકામાં ડેટા સેન્ટર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના વધતા વ્યાપને કારણે વીજળીના વપરાશમાં તોતિંગ વધારો થયો છે. જેના કારણે સામાન્ય અમેરિકનોના વીજ બિલમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. આ સમસ્યાને ઉકેલવા માટે વ્હાઈટ હાઉસ દ્વારા એક મહત્વની યોજના તૈયાર કરવામાં આવી રહી છે, જેમાં ગૂગલ, માઈક્રોસોફ્ટ, એમેઝોન અને મેટા સહિતની મોટી ટેક કંપનીઓ સાથે વાટાઘાટો ચાલી રહી છે, જેથી નાગરિકોને મોંઘી વીજળીમાંથી રાહત આપી શકાય.




રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં તેમના ’સ્ટેટ ઓફ ધ યુનિયન’ સંબોધનમાં આ અંગે સ્પષ્ટતા કરી હતી કે, ટેક કંપનીઓએ તેમની વીજળીની જરૂરિયાતો જાતે જ પૂરી કરવી પડશે. તેમણે જણાવ્યું હતું કે કંપનીઓએ પોતાના ડેટા સેન્ટર માટે જાતે જ પાવર પ્લાન્ટ બનાવવા પડશે અથવા વીજળીની વ્યવસ્થા કરવી પડશે, જેથી સામાન્ય નાગરિકોને મોંઘી વીજળીનો માર સહન ન કરવો પડે. ટ્રમ્પે આ પહેલને ’રેટપેયર પ્રોટેક્શન પ્લેજ’ (ગ્રાહક સુરક્ષા સંકલ્પ) નામ આપ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, આગામી ૪ માર્ચે વ્હાઈટ હાઉસ ખાતે એક મહત્વપૂર્ણ બેઠક યોજાવા જઈ રહી છે. આ બેઠકમાં એમેઝોન, મેટા, માઈક્રોસોફ્ટ, આલ્ફાબેટ (ગૂગલની પેરન્ટ કંપની), ઈલોન મસ્કની એક્સએઆઈ, ઓરેકલ અને ઓપન એઆઈ સહિતની કંપનીઓના પ્રતિનિધિઓ હાજરી આપે તેવી શક્યતા છે. આ બેઠકમાં ટેક કંપનીઓ પાસે તેમના ડેટા સેન્ટરનો વીજ ખર્ચ જાતે ભોગવવાના કરાર પર હસ્તાક્ષર કરાવવામાં આવી શકે છે.

વ્હાઈટ હાઉસના પ્રવક્તા ટેલર રોજર્સે આ મામલે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, “આ બોલ્ડ પહેલ હેઠળ, વિશાળ ટેક કંપનીઓ નવા એઆઈ ડેટા સેન્ટર્સ માટે પોતાનો પાવર સપ્લાય જાતે જ બનાવશે અથવા ખરીદશે. આનાથી એ સુનિશ્ચિત થશે કે ભવિષ્યમાં ડેટા સેન્ટર્સની માંગ વધવા છતાં અમેરિકનોના વીજ બિલમાં કોઈ વધારો થશે નહીં.“ અગાઉ માઈક્રોસોફ્ટે પણ ગ્રાહકોના હિતમાં વીજ ઉત્પાદન અને કાર્યક્ષમતા વધારવા માટે સહયોગ આપવાની તૈયારી દર્શાવી હતી.

(અનુ. આઠમા પાને)

### ટેક કંપનીઓએ ‘પોતાનો ખર્ચ જાતે ઉઠાવવો’ પડશે

અમેરિકન સરકાર સ્પષ્ટ માને છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની આધુનિક ટેકનોલોજી દેશના વિકાસ માટે જરૂરી છે, પરંતુ તેનો આર્થિક બોજ જનતા પર ન આવવો જોઈએ. પ્રસ્તાવિત કરાર મુજબ, ડેટા સેન્ટર ડેવલપર્સે નવી વીજ ઉત્પાદન સુવિધાઓ માટેનો ૧૦૦% ખર્ચ જાતે જ ઉઠાવવો પડશે. આ ઉપરાંત, કંપનીઓએ લાંબા ગાળાના વીજ કરાર પણ કરવા પડશે જેથી જો ભવિષ્યમાં ડેટા સેન્ટર નિષ્ફળ જાય કે બંધ પડે તો પણ અન્ય સામાન્ય ગ્રાહકોને કોઈ આર્થિક નુકસાન ન જાય.

### કંઈ-કંઈ કંપનીઓનો સમાવેશ થાય છે?

વ્હાઈટ હાઉસના આ અભિયાનમાં વિશ્વની ટોચની ટેક કંપનીઓને આવરી લેવામાં આવી છે. જેમાં ગૂગલ (આલ્ફાબેટ), માઈક્રોસોફ્ટ, એમેઝોન, ફેસબુકની પેરન્ટ કંપની મેટા, ઓરેકલ અને એન્થ્રોપિકનો સમાવેશ થાય છે. આ સાથે જ ઈલોન મસ્કની એકસએઆઈ અને ચેટજીપીટી બનાવનાર ઓપનએઆઈ જેવી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રની દિગ્ગજ કંપનીઓને પણ આ જવાબદારીના દાયરામાં લાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે.

### પ્રિવેન્શન ઈઝ બેટર ધેન ક્યોર

# ગર્ભાશયના કેન્સરને નાથવા ૧૪ વર્ષની બાળાઓને વેક્સિન અપાશે

## સ્તન કેન્સર બાદ સૌથી વધુ દર વર્ષે ગર્ભાશય કેન્સરના અંદાજે ૮૦,૦૦૦ નવા કેસો નોંધાય છે જેમાં ૪૨,૦૦૦થી વધુ મહિલાઓ જીવ ગુમાવે છે

**અબતક, રાજકોટ**

ભારત સરકાર દ્વારા મહિલાઓના સ્વાસ્થ્ય સુરક્ષા કાજે એક ક્રાંતિકારી પગલું ભરવામાં આવ્યું છે. દેશમાં ગર્ભાશયના કેન્સર (સર્વાઈકલ કેન્સર) ના વધતા જતા કેસોને રોકવા માટે હવે ૧૪ વર્ષની દીકરીઓને મફતમાં HPV (હ્યુમન પેપિલોમાવાયરસ) રસી આપવામાં આવશે. આગામી ગણતરીના દિવસોમાં જ આ દેશવ્યાપી રસીકરણ અભિયાનનો પ્રારંભ થવા જઈ રહ્યો છે.અત્યાર સુધી ખાનગી હોસ્પિટલોમાં આ રસીના એક ડોઝની કિંમત આશરે ₹૪,૦૦૦ જેટલી હતી, જે હવે સરકારી હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રો પર તદ્દન




મફત ઉપલબ્ધ થશે.

નિષ્ણાતોના મતે ૧૪ વર્ષની બાળાઓ માટે આ રસીનો એક જ ડોઝ લાંબા ગાળાનું અને મજબૂત રક્ષણ પૂરું પાડવા માટે પૂરતો છે.આ અભિયાનમાં ’ગાર્ડાસિલ’ નામની રસીનો ઉપયોગ કરવામાં આવશે, જે આંતરરાષ્ટ્રીય સ્તરે માન્ય છે અને કેન્સર ફેલાવતા વાયરસ સામે રક્ષણ આપે છે.

ભારતમાં દર વર્ષે ગર્ભાશયના કેન્સરના અંદાજે ૮૦,૦૦૦ નવા કેસો નોંધાય છે અને આ ગંભીર બીમારીને કારણે ૪૨,૦૦૦ થી વધુ (અનુ. આઠમા પાને)

### શા માટે ૧૪ વર્ષની બાળાને જ રસી આપવામાં આવશે

વૈજ્ઞાનિક અભ્યાસો દર્શાવે છે કે નાની ઉંમરે (ખાસ કરીને ૯ થી ૧૫ વર્ષની વચ્ચે) જ્યારે HPV રસી આપવામાં આવે છે, ત્યારે શરીરની રોગપ્રતિકારક શક્તિ પુખ્ત વયની સરખામણીએ ઘણી વધારે એન્ટિબોડીઝ બનાવે છે. આનાથી કેન્સર સામે લાંબા સમય સુધી અને મજબૂત રક્ષણ મળે છે.



## પરીઓના સોનેરી તારા અને જાદુઈ ગીતો

# પરી કથાઓ તમારા બાળકોને વધુ બુદ્ધિશાળી બનાવે

### પરીઓની વાર્તાઓમાં સામાન્ય રીતે સારા અને ખરાબ વચ્ચેનો સંઘર્ષ દર્શાવવામાં આવે છે, જેમાં અંતે સત્ય અને સદાચારનો વિજય થાય છે: તે બાળકોમાં નૈતિક મૂલ્યો, સત્ય, દયા અને સહાનુભૂતિ જેવા ગુણો ખીલવે છે: પરીઓની બાળવાર્તાઓ બાળકોની કલ્પનાશક્તિને પાંખ આપે છે



આપણે નાના હતા ત્યારે દાદા દાદી પાસેથી ઘણી બધી બાળવાર્તાઓ સાંભળતા આવ્યા છીએ, એમાંય પરીઓની અને ઘોડા ઉપર આવતા રાજકુમારની વાર્તા માં ખૂબ જ મજા પડી જતી હતી. આ વાર્તા ઉપરથી એ જમાનાને ઘણું શીખવા મળતું હતું. બદલાતા યુગ સાથે એ વાર્તા પણ હવે બદલાઈ ગઈ છે. આજે વિશ્વના ઘણા દેશોમાં રાષ્ટ્રીય પરીકથા દિવસ ઉજવાઈ રહ્યો છે, ત્યારે આપણે તેને યાદ કરીને આપણા સંતાનોને આ વાત કરીશું. ૧૮ મી સદીથી, ઘણી પરીકથાઓને બાળકો માટે વધુ યોગ્ય બનાવવા માટે તેને ટોન કરવામાં આવી અને ફરીથી બનાવવામાં આવી.આ વાર્તાઓ અને શૈલીને પણ વિવિધ સમયગાળા અને સંસ્કૃતિઓ માટે અનુકૂલિત અને પુનઃશોધ કરવામાં આવી છે. મૂળ આધુનિક પરીકથાઓ ઉપરાંત, વિવિધ પુનઃકથનો પણ છે. પરીઓની બાળવાર્તાઓ બાળકોની કલ્પનાશક્તિને પાંખ આપે છે. જ્યારે બાળક પરીઓ, જાદુઈ દુનિયા અને અદભૂત ઘટનાઓ વિશે સાંભળે છે, ત્યારે તેના મનમાં નવી નવી કલ્પનાઓ જન્મે છે. આવી વાર્તાઓ બાળકને સર્જનાત્મક બનાવે છે અને ત પોતાના વિચારોને ખુલ્લેઆમ વ્યક્ત કરવાનું શીખે છે. પરીઓની બાળવાર્તાઓ બાળકના ભાવનાત્મક વિકાસમાં પણ મદદરૂપ બને છે. વાર્તાઓ સાંભળતા બાળકોમાં આત્મવિશ્વાસ વધે છે અને તેઓ ભય કે મુશ્કેલી સામે હિંમત રાખવાની પ્રેરણા મેળવે છે. આમ પરીઓની વાર્તાઓ માત્ર મનોરંજન જ નહીં, પરંતુ બાળકોના સર્વાંગી વિકાસ માટે પણ મહત્વપૂર્ણ સાબિત થાય છે.

પરીઓની વાર્તાઓમાં સામાન્ય રીતે સારા અને ખરાબ વચ્ચેનો સંઘર્ષ દર્શાવવામાં આવે છે, જેમાં અંતે સત્ય અને સદાચારનો વિજય થાય છે. આથી બાળકોને નૈતિક મૂલ્યો, સત્ય, દયા અને સહાનુભૂતિ જેવા ગુણો શીખવા મળે છે. તેઓ સમજવા લાગે છે કે સારા કાર્યોનું પરિણામ હંમેશા સકારાત્મક જ હોય છે. આજે પરીઓ અને રાજકુમારની વાર્તાઓ લુપ્ત થઈ ગઈ એવું નથી, પરંતુ સમય સાથે તેમની લોકપ્રિયતા ઘટી ગઈ છે. તેના પાછળ કેટલાક કારણો છે. સાંસ્કૃતિક પરિવર્તન, નવી વાર્તાઓનો પ્રવાહ, શૈક્ષણિક દ્રષ્ટિકોણ અને ડિજિટલ મનોરંજન જવાબદાર છે.જૂની પરીકથાઓમાં ઘણી વાર રાજકુમાર રાજકુમારીને બચાવે છે, આજના સમયમાં બાળકોને એવી વાર્તાઓ ગમે છે જ્યાં નાયિકા પોતે શક્તિશાળી હોય. કાર્ટૂન, ફિલ્મો અને કોમિક્સમાં સુપરહીરો, સાયન્સ-ફિક્શન અને આધુનિક પાત્રો વધુ લોકપ્રિય બન્યા છે.માતા-પિતા અને શિક્ષકો હવે એવી વાર્તાઓ પસંદ કરે છે જે બાળકોને મૂલ્યો, વિજ્ઞાન, પર્યાવરણ અને સામાજિક સમજણ આપે. આજના યુગમાં ડિજિટલ મનોરંજન, મોબાઈલ ગેમ્સ, એનિમેશન અને વેબ સિરીઝે પરંપરાગત પરીકથાઓને પાછળ ધકેલી દીધી છે.

હાલની સ્થિતિ જોઈએ તો પરીકથાઓ હજુ પણ પુસ્તકોમાં, બાળવાર્તાઓના સંગ્રહોમાં અને એનિમેટેડ ફિલ્મોમાં જીવંત છે. પરંતુ તેઓ હવે મુખ્ય પ્રવાહમાં નથી, કારણ કે બાળકોને માર્વેલ, ડિઝની, એનિમી કે મીનેક્રાફ્ટ જેવી દુનિયા વધુ આકર્ષે છે. મૂળ વાત એ છે કે વાર્તાઓ બદલાઈ ગઈ છે, પરંપરાગત પરીઓ અને રાજકુમારની જગ્યા હવે આધુનિક નાયકો અને નાયિકાઓએ લઈ લીધી છે.

રાષ્ટ્રીય પરીકથા કહેવાનો દિવસનો અર્થ એક સમયે રાજકુમારીઓ, શૂરવીર અને વાતો કરતા પ્રાણીઓની જાદુઈ વાર્તાઓ આપણા હૃદયને આશ્ચર્ય અને કલ્પનાથી ભરી દેતી હતી.

આપણે જાણીએ છીએ અને પ્રેમ કરીએ છીએ તેવી વાર્તાઓ શેર કરવાની સાથે, પરીકથાઓ સર્જનાત્મક બનવા અને તમારા લેખન કૌશલ્યને નિખારવા માટે એક સંપૂર્ણ શૈલી છે. એક જાણીતી વાર્તા લો અને તેને અલગ સમય અથવા સેટિંગને અનુરૂપ બનાવો, અથવા તમારી પોતાની વાર્તા શોધવાની કળા શોધો. તે 'વન્સ અપોન અ ટાઈમ' થી શરૂ થઈ શકે છે, પરંતુ 'હેપ્પીલી એવર આફ્ટર' છે કે નહીં તે સંપૂર્ણપણે તમારા પર નિર્ભર છે. ઘણી લાઈબ્રેરીઓ અને સાહિત્યિક સંસ્થાઓ વાર્તાઓ અને સર્જનાત્મક સંસાધનો પણ શેર કરશે અને પ્રસંગને ચિહ્નિત કરવામાં મદદ કરવા માટે કાર્યક્રમો પણ યોજશે. અજાયબીની વાર્તાઓ, જાદુઈ વાર્તાઓ કે પરીકથાઓ તરીકે પણ ઓળખાતી, ફેરી ટેલ્સ એ યુરોપિયન લોકકથાઓમાંથી ઉદ્ભવેલી કાલ્પનિક શૈલી છે. આ વાર્તાઓમાં ઘણીવાર ઝનુન, વામન, જાયન્ટ્સ, પરીઓ, જીનોમ, મરમેઈડ્સ જેવા પૌરાણિક જીવો દર્શાવવામાં આવે છે.મૂળ વાર્તાઓ હજારો વર્ષોથી મૌખિક રીતે પસાર થતી આવી છે, તેથી તે કોણે શરૂ કરી તે કહેવું અશક્ય છે. જોકે, કેટલીક પહેલી પરીકથાઓ જે લખાઈ અને પ્રકાશિત થઈ હતી તે ફ્રેન્ચ લેખકો ચાર્લ્સ પેરાઉલ્ટ અને મેડમ ડી'ઓલનોય દ્વારા લખાઈ અને પ્રકાશિત થઈ હતી. અત્યાર સુધીની સૌથી લોકપ્રિય વાર્તાઓમાં સિન્ડ્રેલા, બ્યુટી એન્ડ ધ બીસ્ટ, લિટલ રેડ રાઈડિંગ હૂડ, સ્નો વ્હાઈટ એન્ડ ધ સેવન ડ્વાર્વ્સ, જેક એન્ડ ધ બીનસ્ટોક અને સ્લીપિંગ બ્યુટીનો સમાવેશ થાય છે.૧૯મી સદીની શરૂઆતમાં, ગ્રિમ બ્રધર્સે જર્મનીના તમામ વર્ગના લોકો પાસેથી વાર્તાઓ એકત્રિત કરવામાં સમય પસાર કર્યો. તેમની કેટલીક પરીકથાઓમાં સિન્ડ્રેલા, સ્નો વ્હાઈટ, હેન્સેલ અને ગ્રેટેલ, રેપુંઝેલ, ધ ફ્રોગ કિંગ, રમ્પલેસ્ટિલ્ટસ્કીન અને લિટલ રેડ રાઈડિંગ હૂડનો સમાવેશ થાય છે.



**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

આ પરીકથાના પ્રાચીન મૂળ સમગ્ર વિશ્વમાં જોવા મળે છે, ભારતમાં વિક્રમ-બેતાલ અને પ્રાચીન ગ્રીસમાં એસોપની દંતકથાઓથી લઈને મધ્ય પૂર્વમાં અરેબિયન નાઈટ્સ સુધી. ૧૭ મી થી ૧૯ મી સદીના અંતમાં પરીકથાઓના સંગ્રહકો ઉભરી આવ્યા હતા.જેમાં સૌથી પ્રખ્યાત ચાર્લ્સ પેરાઉલ્ટ અને બ્રધર્સ ગ્રિમ હતા. જેમ જેમ પરીકથાનો ઈતિહાસ આધુનિક સમયમાં ઉભરી રહ્યો છે, તેમ તેમ તે સ્પષ્ટ છે કે આ શૈલી હજુ પણ પહેલા જેટલી જ લોકપ્રિય છે - ડિઝની ફિલ્મોની સફળતા પર નજર નાખો અને જુઓ કે આ વાર્તાઓ આપણા હૃદય અને કલ્પનાઓને કેવી રીતે આકર્ષિત કરે છે. આલ્બર્ટ આઈન્સ્ટાઈને એક વાર કહ્યું હતું, ''જો તમે તમારા બાળકોને બુદ્ધિશાળી બનાવવા માંગતા હો, તો તેમને પરીકથાઓ વાંચી સંભળાવો. આઈન્સ્ટાઈને આ વાર્તામાં કલ્પનાશકિતના મહત્વને ઓળખ્યું છે. મનોવિશ્લેષકો દ્વારા પરીકથાઓને ફળદ્રુપ જમીન પણ માનવામાં આવે છે. તે આપણા વ્યકિતગત અર્ધજાગ્રતના કાર્યને જ નહીં પરંતુ આપણા સામૂહિક માનસના મૂળભૂત તત્વોને પણ પ્રગટ કરી શકે છે. ઈ.સ. પૂર્વે ૩૦૦૦-ઈ.સ. પૂર્વે ૧૨૦૦માં પરીકથાઓની શરૂઆત થઈ હતી.૧૬૯૭માં ''ફેરી ટેલ'' શબ્દનો ઉપયોગ થયો હતો. આજ વર્ષ ચાર્લ્સ પેરાઉલ્ટ પોતાનું પહેલું વાર્તા પુસ્તક પ્રકાશિત કરે છે.૧૯મી સદીની શરૂઆતમાં બ્રધર્સ ગ્રિમની પરીકથાઓને લોકપ્રિય બને છે.

## ઉપલેટા: આચાર્ય હેમ વલ્લભ સુરીશ્વરજી મહારાજની પાવનકારી પધરામણી

**અબતક**
**કિરિટ રાણપરિયા, ઉપલેટા**



હિમાંશુ સુરી દાદાના શિષ્ય ભગવાન ધર્મરક્ષિત સુરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય રત્ન આજીવન આયંબિલના ભીષ્મ તપસ્વી આચાર્ય ભગવંત હેમ વલ્લભ સુરીશ્વરજી મહારાજ ઉપલેટા નગરે પધારી નગરપાલિકા સંચાલિત સર ભગવતસિંહજી તાલુકા શાળામાં સરસ્વતી માતાની મૂર્તિ સ્થાપિત બિરાજમાન કરી દરેક વિદ્યાર્થીઓને સરસ્વતી માતાનો બીજ મંત્ર આપી માતાના આશીર્વાદ પ્રાપ્ત થાય અને વિદ્યા પ્રાપ્ત થાય એવા આશીર્વાદ આપી મૂર્તિની સ્થાપના કરેલ ધન્યતા અનુભવે છે. આ પ્રતિષ્ઠા કાર્યક્રમમાં જૈન તપગત સંઘના પ્રમુખ કમલભાઈ શાહ તથા બકુલભાઈ વોરા પ્રવીણભાઈ મહેતા પ્રવીણભાઈ શાહ જીતેન્દ્રભાઈ હળવદિયા દીપકભાઈ વોરા મયુરભાઈ મહેતા રાજકોટ રાજેશભાઈ કારાવડીયા ઋત્વેશભાઈ શેઠ તથા સમગ્ર જૈન સમાજ ઉપસ્થિત રહ્યો હતો તેમજ ઉપલેટા શહેરના આગેવાનો પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન નિકુલભાઈ ચંદ્રવાડીયા, પૂર્વ પ્રમુખ દાનભાઈ ચંદ્રવાડીયા, ઉપપ્રમુખ જીજ્ઞાબેન વ્યાસ, જીજ્ઞેશભાઈ વ્યાસ, માધ્યમિક શિક્ષણ સમિતિના ચેરમેન કિંજલબેન કારાવડીયા, ચિંતનભાઈ કારાવડીયા, કિરીટભાઈ પાદરીયા ઉપસ્થિત રહ્યા હતા તથા આ સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન દીપકભાઈ વોરા તથા રાજેશભાઈ કારાવડીયાએ કરેલું હતું.

## અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘની હડતાલ નોટિસ મામલે પીજીવીસીએલનું સ્પષ્ટીકરણ

**અબતક, રાજકોટ,**

અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ (એ.જી.વી.કે.એસ.) દ્વારા કર્મચારીઓના પડતર પ્રશ્નોને લઈ હડતાલની આપવામાં આવેલી નોટિસ અંગે પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ (પી.જી.વી.સી. એલ.) દ્વારા સત્તાવાર સ્પષ્ટીકરણ આપવામાં આવ્યું છે. કંપનીના જણાવ્યા મુજબ યુનિયન દ્વારા તા. ૧૭-૦૧-૨૦૨૬ના રોજ મીટીંગની માંગ કરવામાં આવી હતી, જેના અનુસંધાને તા. ૦૨-૦૨-૨૦૨૬ના રોજ મેનેજમેન્ટ સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં યુનિયનના ઉચ્ચ હોદ્દેદારો હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન યુનિયન દ્વારા રજૂ કરાયેલા પાંચ પ્રશ્નોમાંથી ચાર પ્રશ્નો અંગે સકારાત્મક અને જરૂરી કાર્યવાહી કરવામાં આવી હોવાનું કંપનીએ જણાવ્યું છે. બાકી રહેલા એક પ્રશ્ન બાબતે કંપનીના નિયમો તથા કાયદાકીય અભિપ્રાયને ધ્યાને લઈ યોગ્ય નિર્ણય લેવાયો હોવાનું પણ સ્પષ્ટ કરાયું છે. આ તમામ મુદ્દાઓ અંગેનો વિસ્તૃત અને લેખિત જવાબ તા. ૧૮-૦૨-૨૦૨૬ના રોજ યુનિયનને પાઠવવામાં આવ્યો હતો. કંપનીએ વધુમાં ઉમેર્યું છે કે બેઠક બાદ રજૂ થયેલા અન્ય પ્રશ્નોનું પણ નિયમોનુસાર નિરાકરણ લાવવામાં આવશે. ત્યારબાદ યુનિયન દ્વારા અગાઉના મુદ્દાઓ ઉપરાંત વધુ ૧૧ મુદ્દાઓ ઉમેરી તા. ૨૩-૦૨-૨૦૨૬ના રોજ હડતાલની નોટિસ આપવામાં આવી હતી. તેના પ્રતિસાદરૂપે મેનેજમેન્ટ દ્વારા સિનિયર સેક્રેટરી જનરલ, ઊંઝાને તા. ૨૪-૦૨-૨૦૨૬ના રોજ ૨૪ કલાકમાં જ વિગતવાર અહેવાલ મોકલી આપવામાં આવ્યો હતો. કંપનીએ વધુમાં જણાવ્યું છે કે હડતાલની ચીમકી દ્વારા કંપનીની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાની અને આવનારા માર્ચ મહિનાની કામગીરીને અસર પહોંચાડવાની પરિસ્થિતિ ઊભી કરવાની કોશિશ કરવામાં આવી રહી છે. આંતરિક તપાસમાં કોઈપણ કર્મચારીને અન્યાય થયો હોવાની સત્તાવાર રજૂઆત કંપનીને પ્રાપ્ત થઈ નથી, તેમ પણ સ્પષ્ટ કરાયું છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૬-૦૨-૨૦૨૬ ગુરુવાર**
૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (ઓલ ધ બેસ્ટ પંડ્યા)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (માર્ગરીટા પીઝા)+(રાગી નો શીરો)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ:આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.સુશીલ કારીઆ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (કેરી ઓન લાલુ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલ જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ
**તારીખ ૨૭-૦૨-૨૦૨૬ શુક્રવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## હોળીની જાળની દિશાથી નક્કી થાય છે આવનારૂ વર્ષ: શાસ્ત્રી નવનીત પંડ્યા

### હોળી પ્રગટવાનો શુભ સમય સાંજે ૬.૪૯ થી ૮.૨૨ સુધી રહેશે

**અબતક**
**કીરીટ રાણપરીયા, ઉપલેટા**

ઈષ્ટિ, સોમ અને ચયન અગ્નિહોત્ર દર્શ પોર્ણ માસ અને ચાર્તુમાસ્ય વિગેરે ભેદ અનેક છે. ચાર્તુમાસ્ય જે ચાર માસમાં અંતમાં કરવામાં આવે છે. તે ચર્તુમાસ યજ્ઞ કહેવાય, ઋતુ છ છે. પરંતુ બે ઋતુમાં સમય સરખો હોય છે. તેથી મુખ્ય ઋતુ ત્રણ ગણાય છે. ઋતુની સંધીમાં એક ચાર્તુમાસ કરવાનું ગણાય છે. ફાગણ સુદ પુનમના બીજા દિવસથી ગરમીની ઋતુ શરુ થાય છે.

'હોળી'એ ચાર માસે થયો એ યજ્ઞ છે. જે લોકોના સારા આરોગ્ય માટે થાય છે. જે ભૂમિમાંથી નવું અન્ન ઉત્પન્ન થાય તે દેવતાઓને યજ્ઞ દ્વારા અર્પણ કરાય છે. જે અન્નથી દરેક જીવનનું રક્ષણ થાય છે. તે અન્ન માતા પૃથ્વી આપે છે. એટલે ગાયના છાણા ઘી અને અન્નની આહુતિઓનો હોમ એ હુતિક્ષણી કહેવાય ગીતાજીના ત્રીજા અધ્યાયમાં લખેલું છે કે જે અન્ન દેવોએ આપેલું છે. તે દેવતાઓને ન આપીએ તો તે ચોર ગણાય છે.

સાસ્ત્રોમાં લખેલું છે. જે હોળીમાં ઘડામાં અન્ન ભરીને દેવોને ધરેલ પ્રસાદ ગણાય છે. ભવિષ્ય પુરાણમાં એક ઉપાખ્યાન છે એક માલી નામના રાક્ષણની દીકરી 'ઢુંઢા' હતી. તેણે તપ કરી શિવજીને પ્રસન્ન કરી પોતાનું મૃત્યુ ન થાય તે માટે વરદાન માગ્યું જેવું વરદાન મળ્યું કે તેણી ઉન્મત થઈ બાળકોને દુ:ખી કરી હણવા લાગી જેમાં નાના બાળકોને સંધી કાળમાં (શરદી - તાવ - ઉધરસ) જેવા રોગથી દુ:ખી કરવા લાગી દરેક પ્રજા રઘુરાજા પાસે આવી ફરીયાદ કરી ત્યારે રાજાએ કુલગોર ''વસિષ્ઠજી'' ને ઉપાય પુછયો, ત્યારે કુલ ગુરૂ વસિષ્ઠના કહેવાથી ઔષધીના સુકા કાષ્ઠ અને છાણાનો ઢગલો કરી તેને બાળવાથી રોગનો નાશ થાય છે. તેવો ઉપાય શોધ્યો અને ત્રણ પ્રદક્ષિણા કરવી. એટલે જ આપણા ધર્મમાં 'વાડ કરવી' નો રીવાજ છે. જે ગાતા વગાડતા વાંજીત્ર સાથે ત્યાં જવું અને સૌપ્રજાએ સાથે મળીને નિરોગી અને સુખામય જીવન માટે હોળીનો ઉત્સવ ઉજવવામાં આવે છે.જે ઢુંઢા રાક્ષસણી હતી તે જ હોલીકા જે હિરણ્ય કસુપની બહેન હતી તેને અગ્નિ ન બાળે તેવી ચુંદડી વરદાનમાં મળેલી હતી તે ચુંદડી ઈશ્વરે પવનથી પ્રહલાદને ઓઢાળી અને હોલીકા બળી ગઈ ત્યારથી લોકો હોલિકા દહનન પવિત્ર ઉત્સવ ઉજવે છે. જેના પવનની દિશા અને અગ્નિની જવાલા ઉપરથી વાર્ષિક ભવિષ્યનું એક ઉત્તમ ગણીત હતું જે નીચે મુજબ છે.



* ઉત્તરનો પવન - શિયાળો લાંબો વરસાસ સારો
* પશ્ચિમનો પવન - વરસાદ સારો
* નૈઋત્યનો પવન - વરસાદ માટે શુભ ગણાય
* દક્ષિણનો પવન - વર્ષ ૫૦ ટકા થાય
* ઈશાનનો પવન - ઠંડી ખૂબ પડે ઉનાળો મોડો બેસે
* વાયવ્યનો પવન - વરસાદ અને ઉપજસારી
* પૂર્વનો પવન - ખંડવૃદ્ધિ
* અગ્નિ ખુણનો પવન - દુષ્કાળ
* ચારે દિશાએથી પવન - કાળ પડે પશુ અને પ્રજા પિડાય

**હોળી પ્રગટાવવાનું મુહુર્ત સોમવાર તારીખ ૨-૩-૨૦૨૬ સાંજે ૬.૪૯ થી ૮.૨૨, તે દિવસે ભદ્રા હોય પરંતુ દિવસની ભદ્રા રાત્રીના ભાગમાં દોષ ગણાય નહિ.**

## અબતક પંચાગ

### તા. ૨૭-૨ -૨૦૨૬ શુક્રવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ફાગણ શુદ અગીયારસ
**નક્ષત્ર** આર્દ્રા
**યોગ** આયુષ્યમાન **કરણ:** વણિજ
**સુર્યોદય** ૭.૧૧ **સુર્યાસ્ત:** ૬.૪૮
**ચંદ્ર રાશી** મીથુન શુક્રવારે રાત્રે ૩.૫૪થી કર્ક
**રાશિ અક્ષર** ક.છ.ઘ/ડ.હ
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૧૦.૩૦ થી ૧૨
**દિવસનાચોઘડીયા** ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ
**રાત્રીનાચોઘડીયા** રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૭ થી ૧.૨૩

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૬૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | ૭ | | ૨ | | | | |
| | | | | | | ૯ | | |
| | ૨ | | | ૯ | | | ૧ | |
| ૫ | | ૧ | | | | | | |
| | | ૨ | | | ૪ | | ૯ | |
| | ૩ | | | | | | ૭ | ૮ |
| | | ૪ | ૧ | | | | | ૩ |
| | | | | | | ૮ | | ૨ |
| | | | ૫ | ૮ | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૬૮ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૯ | ૬ | ૭ | ૩ | ૪ | ૮ | ૨ | ૫ |
| ૪ | ૮ | ૨ | ૯ | ૫ | ૬ | ૧ | ૩ | ૭ |
| ૫ | ૭ | ૩ | ૮ | ૧ | ૨ | ૯ | ૪ | ૬ |
| ૯ | ૪ | ૧ | ૫ | ૨ | ૩ | ૬ | ૭ | ૮ |
| ૬ | ૨ | ૭ | ૪ | ૮ | ૧ | ૩ | ૫ | ૯ |
| ૮ | ૩ | ૫ | ૬ | ૭ | ૯ | ૪ | ૧ | ૨ |
| ૨ | ૬ | ૪ | ૧ | ૯ | ૭ | ૫ | ૮ | ૩ |
| ૩ | ૫ | ૯ | ૨ | ૪ | ૮ | ૭ | ૬ | ૧ |
| ૭ | ૧ | ૮ | ૩ | ૬ | ૫ | ૨ | ૯ | ૪ |

## આવતીકાલનું રાશિફળ

### તા.૨૭.૨.૨૦૨૬ શુક્રવાર, સંવંત ૨૦૮૨, ફાગણ સુદ અગિયારસ, આર્દ્રા નક્ષત્ર, આયુષ્માન યોગ, વણિજ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ મિથુન (ક,છ,ઘ) રહેશે

**મેષ (અ,લ,ઈ) :** તમારા રસ-રુચિમાં આગળ વધી શકો, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
**વૃષભ (બ,વ,ઉ) :** પરિવાર માટે વિચારવાનો સમય મળે, સામાજિક કૌટિમ્બિક કાર્ય કરી શકો, દિવસ પ્રગતિકારક રહે.
**મિથુન (ક,છ,ઘ) :** તમારા વ્યક્તિત્વને નિખાર આપી શકો, અંગત વ્યક્તિઓ સાથે મતભેદ નિવારી શકો, આનંદ દાયક દિવસ.
**કર્ક (ડ,હ) :** માનસિક વ્યગ્રતાનો અનુભવ થાય, નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે, દિવસ એકંદરે સારો રહે.
**સિંહ (મ,ટ) :** નજીકના સ્થળોએ જવા આવવાનું થાય, નવા લોકો સાથે મળવાનું બને, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
**કન્યા (પ,ઠ,ણ) :** કામકાજ સારી રીતે પૂર્ણ કરી શકો, પરિવાર સાથે સમય વિતાવી શકો, આનંદ માણી શકો, શુભ દિન.
**તુલા (ર,ત) :** લાંબા સમયથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, તમારા કાર્યમાં ઈશ્વરી સહાય પ્રાપ્ત થાય, કામમાં સફળતા મળે.
**વૃશ્ચિક (ન,ય) :** જીવનમાં પરિવર્તન ની શરૂઆત થતી જોવા મળે, મનોમંથન કરી શકો, પોઝિટિવ વિચારોથી લાભ થાય.
**ધન (ધ,ભ,ફ,ઢ) :** જુના પ્રશ્નોનો હલ કરી શકો, તમારા અંદરૂની મામલા નિપટાવી શકો,દિવસ સફળ રહે.
**મકર (ખ,જ) :** વિશ્વાસપાત્ર વ્યક્તિ સાથે સમય વિતાવવો, કુસંગત અને વ્યસનથી દૂર રહેવા સલાહ છે, વાણીમાં સંયમ રાખવો.
**કુંભ (ગ,સ,શ) :** વિદેશ જવા ઈચ્છતા મિત્રોને સારું રહે, વિદ્યાર્થીવર્ગને સારું રહે, ઉચ્ચ અભ્યાસમાં સારું કામ કરી શકો.
**મીન (દ,ચ,ઝ,થ) :** શત્રુઓ પર વિજય મેળવી શકો, કોર્ટ કચેરીમાં રાહત મળે, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.

## સિંહ રાશિમાં થનારું ચંદ્રગ્રહણ સત્તાધીશો માટે કેવું રહેશે??



**જ્યોતિષાચાર્ય**
**રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨**


તા.૩ માર્ચ ૨૦૨૬ મંગળવારે સિંહ રાશિ અને પૂર્વાફાલ્ગુની નક્ષત્રમાં ખગ્રાસ ચંદ્રગ્રહણ થનાર છે જે વિષે અત્રે લખતો આવ્યો છું આ ગ્રહણ ભારતમાં દેખાવાનું નથી તેથી પાળવાનું નથી પરંતુ આ ગ્રહણ વૈશ્વિક સ્થિતિઓમાં ખાસ્સો ફેરફાર કરી શકે તેમ છે કેમ કે આ ગ્રહણમાં છ ગ્રહો સીધા જ જોડાયેલા છે અને અનેક યોગ સાથે આ ગ્રહણ આવી રહ્યું છે વળી સિંહ રાશિ રાજાની રાશિ છે, સિંહાસનની રાશિ છે, સત્તાની રાશિ છે માટે સિંહ રાશિમાં ગ્રહણ એ સત્તાની બાબતમાં મોટા ઉલટફેર સૂચવે છે સિંહાસનને ગ્રહણ લાગે છે માટે વિશ્વમાં સત્તા પરિવર્તનના પ્રબળ યોગ બને છે અને રાજા કે રાજતુલ્ય વ્યક્તિ કે ઉચ્ચ પદે બિરાજમાન લોકોને મોટા ફટકા પડે વળી સત્તાધીશો માટે આ સમય સંભાળવા જેવો ખરો અને કેટલાક દેશના વડા પર સંકટ વિશેષ જોવા મળે છે અને પદભ્રષ્ટ થવાના યોગ પણ ગણાય તો આ સમયમાં બનતા હોય યુદ્ધને પ્રબળ કરે છે જેથી ઈરાન અમેરિકા ઈઝરાયેલ વિશેષ હરકતમાં આવે અને ચીન પણ છુપી સહાય કરતું જોવા મળે તથા વિશ્વના દેશોમાં સંઘર્ષ વિશેષ જોવા મળે તો કુંદરતી આપદાઓ થી સાવધ રહેવા જેવો સમય ગણી શકાય અને આ સમયમાં આતંકી ગતિવિધિ તેજ થતી જોવા મળે.

### પાલીતાણા છ ગાઉ યાત્રાનો રવિવારથી પ્રારંભ

# જૈન-જૈનેતરો પાલીતાણા છ ગાઉ યાત્રા કરી પૂણ્યનું ભાથ્થુ બાંધશે

## પાલીતાણા છ ગાઉ યાત્રામાં જવાની વ્યવસ્થા

જૈન જાગૃતિ કેન્ટરના પૂર્વ પ્રમુખ મહેશભાઈ મહેતાની યાદીમાં જણાવ્યા મુજબ પાલીતાણા યાત્રામાં જવા-આવવા માટે તા. ૧ માર્ચ રવિવારે યાત્રાળુઓને એસ.ટી. બસ કરતા પણ ઓછા ભાવથી લકઝરી બસમાં લઈ જવામાં આવશે. વહેલા તે પહેલાના ધોરણે નામ લખાવવા માટે કુમારીકા શો રૂમ (મહેતા ટાઈપ બિલ્ડીંગ) લાખાજીરાજ રોડ, રાજકોટ, મો. ૯૮૨૪૨ ૪૪૫૫૦, રાજકોટથી ઉપડતી તમામ બસો શનિવાર તા-૨૮-૦૨-૨૦૨૬ રાતે ૧૦-૦૦ આસપાસ રવાના થશે.





**અબતક, રાજકોટ**

જૈન સમુદાયમાં વિશેષ મહત્વ ધરાવતી શત્રુંજય તિર્થની છ ગાઉની યાત્રાનો પ્રારંભ પાલીતાણા તળેટી ખાતેથી ફાગણ સુદ ૧૩ ને તા. ૦૧-૦૩-૨૦૨૬ ને રવિવારે વહેલી પરોઢે ૪-૦૦ થશે. ઢેબરા તેરસ તરીકે ઉજવાતી આ યાત્રામાં લાખો જૈન-જૈનેતર ભાવિકો ઉપરાંત દેશ-વિદેશના યાત્રાળુઓ પણ છ ગાઉ યાત્રા કરે છે. રાજકોટ શહેરમાંથી અંદાજીત ૪૦ થી ૪૫ લકઝરી બસો પાલીતાણા પહોંચશે.

રાજકોટથી છેલ્લા ૪૪ વરસ થી એટલે કે ૧૯૮૩ થી કોઈપણ જાતના વિધ્ન વિના અને ખાસ તો એ કે, કોઈની પાસેથી ડોનેશન કે ફંડફાળા ઉઘરાવ્યા વગર જ ફક્ત એસ.ટી. બસ કરતા પણ ઓછા ચાર્જથી ૪ થી ૫ બસોમાં જૈન - જૈનેતરોને છ ગાઉ યાત્રા કરાવતા જૈન શ્રેષ્ઠી અને જૈન જાગૃતિ સેન્ટરના પૂર્વ પ્રમુખ મહેશભાઈ મહેતાનું આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા દર વર્ષે સન્માન કરી, કુમકુમ તિલક કરી, શાલ ઓઢાડવામાં આવે છે.

શેત્રુંજય પર્વત ઉપર ૩૫૦૧ પગથીયા ચડીને ફક્ત આજના પ્રવિત્ર દિવસે જ ખુલ્લો રહેતો કેડી રસ્તો પસાર કરીને, આદેશ્વરદાદાના પક્ષાલનું જલ જે કુંડમાં માવે છે તેના દર્શન કરીને તિર્થંકર શ્રી અજીતનાથ સ્વામી તથા શાંતિનાથ સ્વામીની ડેરીએ યાતાળુઓ શાંતિ સ્ત્રોતનું સ્મરણ કરે છે.

અંદાજીત ૩૫ જેટલા ડોમમાં યાત્રાળુઓનું પગમા અંગૂઠા ધોઈને બહુમાન કરી, તિલક કરી, ચલણી સિક્કાઓ દ્વારા બહુમાન કરવામાં આવે છે. મોટા ભાગના યાત્રાળુઓ મળેલ ૫૦ થી ૬૦ સિક્કાઓ ગૌશાળાની દાન પેટીમાં પધરાવી દેતા હોય છે.શેઠ શ્રી આણંદજી કલ્યાજીની પેઢીની સીનીયર ટીમ જહેમત ઉઠાવતી હોય છે.

પાલીતાણાથી પાલના સ્થળે આવવા જવા માટે સિધ્ધપર-આદપુર-ઘેટી ગામ આવવા માટે મેસ.ટી. તરફથી સ્પેશિયલ ૫૦ થી વધુ બસો ફાળવવામાં આવેલ છે. તેમજ બોમ્બે થી સ્પેશિયલ ટ્રેનનું પણ આયોજન કરેલ છે. સુરત, બરોડા, અમદાવાદ, રાજકોટથી પણ સ્પેશિયલ એસ.ટી.બસો છ ગાઉ યાત્રા માટે મુકવામાં આવશે.

યાત્રાળુઓ માટે માણંદજી કલ્યાણજીની પેઢી દ્વારા વિશાળ ડોમમાં પીવાનું પાણી, પંખા, આરામની સુવિધાઓ, પાલત સ્થળે દહેરાસરમાં પૂજા માટેના વસ્ત્રો, સ્નાનવીધી,એકાસણા, આયંબીલના પાલ, સાધુ-સાધ્વીજીના સમુહમાં દર્શનનો લાભ, ડોકટર, ફીજીયોથેરાપીસ્ટ, તેલ માલીસ વિગેરેની ટીમો પણ સેવામાં જોડાય છે.

આ યાત્રાની આતિથ્ય ભાવના પામવી એ પણ જીંદગીનો એક મોટો લ્હાવો છે. અને એ પણ તમામ સુવિધાઓ નિઃશુલ્ક - એકપણ પૈસાના ખર્ચ વગર પામી શકાય છે.

---

**અવસાન થયેલ ખાતેદારોના સીધી લીટીના વારસદારો માટે**

# દ્વારકા મામલતદાર કચેરી ખાતે ૭મી માર્ચે સેવા સેતુ કાર્યક્રમ

**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૮-૦૧-૨૦૨૬ ના ઠરાવ ક્રમાંકઃ GAD/ AWR/ e-file/1/ 2025/ 2797/ ARTD-2 થી રાજયના જે ખાતેદારોના અવસાન થયેલ હોય અને તે ખાતેદારોની વારસાઈ નોંધ કરાવવાની બાકી હોય તેવા તમામ ખાતેદારોની વારસાઈ કરાવવા માટે તેમના સીધી લીટીના વારસદારો આગામી તા.૭-૨-૨૦૨૬૯ના રોજ યોજાનાર સેવા સેતુ ૨.૦ કાર્યક્રમમાં મહેસૂલી રેકર્ડ વારસાઈ નોંધ કરાવી શકે છે. આથી અવસાન પામેલ ખાતેદારના સીધી લીટીના વારસદારોને સેવા સેતુ કાર્યક્રમમાં વારસાઈ નોંધ કરાવવા માટે અરજી, ગામ નમૂના નં.૬, ૮-અ, ઉત્તરોત્તર ગામ નમૂના નં. ૬, મરણ પ્રમાણપત્ર, વારસાઈ આંબો, તમામ વારસદારોના ઓળખના પૂરાવા, સોગંદનામું વિગેરે પૂરાવા સાથે રાખી તા. ૭-૨-૨૬ ના રોજ યોજાનાર સેવા સેતુ ૨.૦ કાર્યક્રમમાં મહેસૂલી રેકર્ડે વારસાઈ નોંધ કરાવવાનો લાભ મેળવવા દ્વારકા મામલતદાર દ્વારા જાહેર અનુરોધ કરવામાં આવે છે.

---


**રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિતે**

# ધ્રોલઃ એમ.ડી મહેતા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર દ્વારા કાલે કિચન ગાર્ડન ફોર સરલ વુમન વિષય પર કાર્યશાળા

**મહિલાઓ વિજ્ઞાનના અભિગમ સાથે પોતાના ઘર આંગણે જ ઓર્ગેનીક શાકભાજી ઉગાડી શકે**

**અબતક,સંજય ડાંગર ધ્રોલ**

ગુજકોસ્ટ-ગાંધીનગર પ્રેરિત અને એમ.ડી. મહેતા એજ્યુકેશન ટ્રસ્ટ-ધ્રોલ સંચાલિત એમ.ડી. મહેતા જિલ્લા વિજ્ઞાનકેન્દ્ર-ધ્રોલ દ્વારા આગામી 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની ભવ્ય ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે ભારત સરકાર દ્વારા નિર્ધારિત થીમ (વિકસિત ભારતના નિર્માણમાં વિજ્ઞાન ક્ષેત્રે મહિલાઓનો ફાળો)



અંતર્ગત ગ્રામીણ મહિલાઓના સશકિતકરણ અને સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને ''કિચન ગાર્ડન ફોર રૂરલ વુમન'' વિષય પર એક વિશેષ કાર્યક્રમ યોજાશે.

આ કાર્યક્રમ આગામી તારીખ ૨૭-૦૨-૨૦૨૬, શુક્રવારના રોજ બપોરે ૨:૩૦ થી ૪:૩૦ કલાક દરમિયાન વિજ્ઞાનકેન્દ્ર, ધ્રોલ ખાતે આયોજિત કરવામાં આવ્યો છે. આ કાર્યશાળાનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ વિસ્તારની મહિલાઓ વિજ્ઞાનના અભિગમ સાથે પોતાના ઘર આંગણે જ ઓર્ગેનિક અને પોષણયુકત શાકભાજી ઉગાડી શકે તે માટે માર્ગદર્શન આપવાનો છે. કિચન ગાર્ડન પદ્ધતિ દ્વારા મહિલાઓ આર્થિક બચત કરવાની સાથે પરિવારને કેમિકલ મુક્ત આહાર પૂરો પાડી શકશે, જે અંતતઃ વિકસિત ભારતના લક્ષ્યને સાકાર કરવામાં મદદરૂપ થશે.આ રસપ્રદ અને ઉપયોગી કાર્યક્રમમાં જોડાવા માટે અથવા વધુ માહિતી મેળવવા ઈચ્છતા નાગરિકોએ સાયન્સ સેન્ટરના સંપર્ક નંબર ૯૪૯૯૫૬૪૪૮૧ અથવા ડો. સંજય પંડ્યાના મોબાઈલ નંબર ૯૯૭૯૨૪૧૧૦૦ પર સંપર્ક કરવા જણાવાયું છે. આ ઉપરાંત સંસ્થાની વેબસાઈટ www.mdmdsc.com પર પણ વિગતો ઉપલબ્ધ છે. ધ્રોલ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારની તમામ ઉત્સાહી મહિલાઓને આ કાર્યક્રમનો લાભ લેવા સંસ્થાના ચેરમેન ધર્મેશભાઈ મહેતા, સેક્રેટરી સુધાબેન ખંઢેરીયા તથા લતીપરના પ્રવીણભાઈ દ્વારા હાર્દિક આમંત્રણ અને અનુરોધ કરવામાં આવ્યો છે.

---

# જસદણ શહેર ભાજપ પ્રમુખ વિજય રાઠોડે બોર્ડ પરીક્ષાર્થીઓને પાઠવી શુભેચ્છા




**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**

આજથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાના પર્વ નિમિત્તે જસદણ શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ રાઠોડએ તમામ વિદ્યાર્થીઓને સફળતા માટે મંગલ કામનાઓ પાઠવી અને રાજકોટના તેજસ્વી તારલાઓ ઉત્કૃષ્ટ પરિણામ મેળવી પોતાના પરિવાર અને જસદણ શહેરનું નામ રોશન કરે તેવી અમે શુભકામનાઓ આપી છે.

---

# દ્વારકા નેશનલ હાઈવે ઉપર ગેરકાયદે દબાણોનો કડુસલો



**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**

યાત્રાધામ દ્વારકામાં આગામી ફુલડોલ ઉત્સવને ગણતરીના દિવસો બાકી રહયા છે ત્યારે લાખો ભાવિકો પગપાળા, રેલ - રોડ માર્ગે દ્વારકા તરફ પ્રયાણ કરી રહયા છે ત્યારે શહેરના મુખ્ય માર્ગો તથા હાઈવે પર વ્યાપક ભીડભાડની સંભાવના જોતાં વાહનોની અવરજવર સરળ બને અને પદયાત્રીઓને મુશ્કેલી ન પડે તે માટે આજરોજ દ્વારકા શહેર વચ્ચેથી નિકળતા નેશનલ હાઈવે પરના ગેરકાયદેસર દબાણો પર દાદાનું બુલડોઝર ચાલ્યું હતું. વહીવટી તંત્રે પોલીસ કાફલો સાથે રાખી હાઈવે પરના નડતરરૂપ કાચા પાકા દબાણોને હટાવવાની કામગીરી કરેલ.

---

# ભાવનગરના થોરાળામાં શામળાબાપા આશ્રમ ખાતે કાલે સંત શિરોમણી પૂ.લાલબાપુની પધરામણી

### ભવ્ય સામૈયા અને ધર્મસભાનું આયોજનઃ સુરેન્દ્રસિંહ વાળા પરિવાર દ્વારા ધર્મપ્રેમી જનતાને ભક્તિભીનું આમંત્રણ

**અબતક, રાજકોટ**

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના થોરાળા ગામે કાલે એક ભકિતસભર મંગલમય પ્રસંગની ઉજવણી કરવામાં આવશે. ગધેથડ સ્થિત શ્રી ગાયત્રી આશ્રમના ઉપાસક અને સંત શિરોમણી લાલબાપુની થોરાળાની પાવન ધરા પર પધરામણી થશે.

આ ધાર્મિક મહોત્સવની શરૂઆત કાલે શુક્રવારના રોજ સવારે ૯૩૦ કલાકે લાકે ભવ્ય સામૈયા સાથે કરવામાં આવશે. ત્યારબાદ બપોરે ૧૧ કલાકે એક વિશા ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ઉપસ્થિત ભાવિકોને પ.પૂ. સંત શિરોમણી લાલબાપુના આશીર્વચનો સાંભળવાનો અમૂલ્ય અવસર પ્રાપ્ત થશે.



પૂજય દોશુભગત પણ ઉપસ્થિત રહેશે. ભકતોને તમામ શ્રદ્ધાળુઓ માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ ધાર્મિક ઉત્સવમાં પધારવા માટે રાજકોટ મહાનગરપાલિકાના સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન સુરેન્દ્રસિહ વાળા તથા ક્રિષ્નપાલસિહ વાળા દ્વારા સમસ્ત ધર્મપ્રેમી જનતાને નિમત્રણા પાઠવવામાં આવ્યું છે.

---

# ઉપલેટામાં બી.એ.પી.એસ.ના દશાબ્દી મહોત્સવનો મંગળ પ્રારંભઃ મંદિરે રોશનીનો ઝગમગાટ

### જૂનાગઢ રાજકોટ સહિતના કોઠારી સ્વામીઓના હસ્તે સંસ્કાર પ્રેરિત નગર ખુલ્લું મુકાયું





**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા બીએપીએસ મંદિરને દશ વર્ષ પૂર્ણ થતા દશાબ્દી મહોત્સવ અંતર્ગત માનવ ઉત્કર્ષ મહોત્સવને રાજકોટ, જુનાગઢના કોઠારી સ્વામીઓના હસ્તે વિશાળ હરિભકતોની હાજરીમાં ખુલ્લો મુકાયો હતો.

દશાબ્દી મહોત્સવ અંતર્ગત શહેરના બીએપીએસ મંદિર સામે વિશાળ જગ્યામાં સંસ્કાર પ્રેરિત નગરમાં રાજકોટ મંદિરના કોઠારી સ્વામી પુજય બ્રહ્મતીર્થ સ્વામી જુનાગઢ મંદિરના કોઠારી પુજય ધર્મ વિનય સ્વામીના હસ્તે ઉપલેટા બીએપીએસ મંદિરના કલ્યાણ મૂર્તિ સ્વામીની વિશેષ ઉપસ્થિતિમાં માનવ ઉત્કષ મહોત્સવને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. સતત ૧૦ દિવસ આવનાર આ મહોત્સવમાં વ્યસન મુકિત અભિયાન અને બ્લડ ડોનેશન કેમ્પ સહિત સિવિલ સામાજીક માનવ ઉપયોગી કાર્યક્રમો યોજાશે. મહોત્સવ નિમિતે બીએપીએસ મંદિર વિવિધ રંગબે રંગીન લાઈટોથી ઝળહળી ઉઠયું છે.

ગઈકાલે સંસ્કાર પ્રેરિત નગરને ખુલ્લું મૂકાયેલ ત્યારે જીલ્લા ભાજપના મહામંત્રી રવિભાઈ માકડીયા નગરપાલિકાના પ્રમુખ વર્ષાબેન ગજેરા, ઉપપ્રમુખ અજયભાઈ જાગાણી, અસ્મીતાબેન મુરાણી, મહેશભાઈ સુવા, મનોજભાઈ નંદાણીયા, દિપકભાઈ સુવા, પૂર્વ નગરપતિ દાનભાઈ જીજ્ઞાબેન વ્યાસ નગર પ્રાથમિક શિક્ષણ સમીતીના ચેરમેન નિકુલભાઈ ચંદ્રવાડીયા, અગ્રણી બિલ્ડર નિલભાઈ માકડીયા, સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ જીજ્ઞેશભાઈ વ્યાસ, નગર સેવક હરસુખભાઈ સોજીત્રા, અશ્વિનભાઈ લાડાણી, ચંદ્રવાડીયા પ્લાસ્ટિક એસો.ના ઉપપ્રમુખ ભુપતભાઈ ગજેરા હરિભગત અને મ્યુનિ. કોલેજના પ્રિન્સીપાલ ડો. વલ્લભભાઈ નંદાણીયા, જસ્મીનભાઈ હિરાણી, સહિત હરિભકતો વિશાળ સંખ્યામાં હાજર રહ્યા હતા.

---


## પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ

**રાજકોટ વિભાગ માટે ઈ-હરાજી**

રાજકોટ મંડળ માટે નીચેના કેટલોગ માટે ઈ-હરાજી માટે બિડ મંગાવવામાં આવી છે, જે IREPS વેબસાઈટ પર પહેલાથી જ પ્રકાશિત થઈ ચૂક્યા છે.વિગતો નીચે મુજબ છે:

| કેટલોગ નં. | કોન્ટ્રેક્ટનો પ્રકાર | કેટેગરી | સમયગાળો |
|---|---|---|---|
| RJT-ADVT-25-10 | ૧) (વિવિધ-સ્ટેટિક સેવાઓ - ) એપ્લિકેશન આધારિત કેબ / બાઈક સેવાઓ 3) (પે અને યુઝ-લાઉન્જ/વેઈટિંગ /રિટાયરીંગ / ક્લોક રૂમ) ૪) જાહેરાત - સ્ટેશન પરની જગ્યા (નોન-ડિજિટલ) ૫) જાહેરાત - આઉટ ઓફ હોમ | વિવિધ-સ્ટેટિક સેવાઓ જાહેરાત | 03/05 વર્ષ |
| PARKING-RJTBKNG- MX-21-25-1 | ૨) BKNG-MX-21-25-1 (પાર્કિંગ - મિશ્ર) | (પાર્કિંગ - મિશ્ર) | 03 વર્ષ |

**ઈ-હરાજીની તારીખ અને સમય:** ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે ૧૮.03.૨૬ સવારે ૧૦:00 વાગ્યે ઉપરોક્ત કેટલોગ નં. હેઠળના લોટની વિગતો આગામી ઈ-હરાજી, ઝોન: પશ્ચિમ રેલવે, યુનિટ: રાજકોટ મંડળ - વાણિજ્યિક હેઠળ WWW.IREPS.GOV.IN (ઈ-હરાજી લીઝિંગ) વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

RJT 203

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



ઘરકામ માટે હેલ્પર જોઈએ છે

Mo. 9428513857

LATEST


## દ્વારકા નગર પાલિકા કચેરી, દ્વારકા

જાહેરાત અંક - ૬૮ /૨૦૨૫-૨૬

દ્વારકા નગરપાલિકા કચેરી દ્વારકા દ્વારા રાજ્ય સરકારશ્રી ની સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના SIMMSVY વર્ષ ૨૦૨૫-૨૬ ગ્રાંટ અંતર્ગત તથા સ્વચ્છ ભારત મિશન-૨.૦ અંતર્ગત દ્વારકા શહેરમાં વિવિધ જગ્યાએ FRP પોલ વીથ LED લાઈટ ઈન્સ્ટોલ કરવાનું પાણીની પાઈપલાઈન તેમજ એસ્પ્રીનલ ટોઈલેટ બ્લોકના કામ બાબતે નીચે મુજબની વિગતે ઓનલાઈન ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

| Sr. No. | Work Details | Tender Online Submission Last Date | EMD & Tender Fee Submission Last Date |
|---|---|---|---|
| 1 | Tender ID No. 280112,280150,280195,280292 | 16/03/2026 | 18/03/2026 |
| 2 | Tender ID No. 280227 | 11/03/2026 | 11/03/2026 |

ઉકત ઓનલાઈન ટેન્ડરો www.tender.nprocure.com પરથી ઉકત વિગતે દર્શાવેલ તારીખના સાંજે ૬ કલાક સુધીમાં ઓનલાઈન ટેન્ડરો ભરી શકાશે. તથા ટેન્ડરની ડીટેઈલ વિગતો ઓનલાઈન જોઈ શકાશે. ઈ.એમ.ડી.અને ટેન્ડર ફી ની રકમ ઉકત વિગતે દર્શાવેલ તારીખ સુધીમાં રજા સિવાયના દિવસોમાં આ કચેરીમાં રજી.એ.ડી./સ્પીડપોસ્ટ/કુરીયર થી સાંજના ૬:૦૦ વાગ્યા સુધીમાં પહોંચાડવાના રહેશે. ઈ.એમ.ડી. અને ટેન્ડર ફી વગરના ટેન્ડરો રદ ગણાશે. ટેન્ડર કવર ઉપર કામનું નામ સ્પષ્ટ લખવાનું રહેશે. કોઈપણ ભાવો મંજુર - નામંજુર કરવાના અધિકાર આ કચેરીને અબાધિત રહેશે.

તા.૨૪/૨/૨૦૨૬

અશ્વિન કે.ગઢવી, ચીફ ઓફીસર, દ્વારકા નગરપાલિકા
પરેશભાઈ એસ.ઝાખરીયા, કારોબારી ચેરમેન, દ્વારકા નગરપાલિકા
વિજયભાઈ કે. માણેક, ઉપપ્રમુખ, દ્વારકા નગરપાલિકા
કોમલબેન પી.ડાભી, પ્રમુખ, દ્વારકા નગરપાલિકા

## જાહેર નોટીસ

આથી હું ઝાલા અજીતસિંહ શિવુભા રહેવાસી સમય રેસીડેન્સી રાજ ખોડલ હોટલની પાછળ આશાપુરા ચોકડી ગોંડલ જિલ્લો -રાજકોટ.ગુજરાત રાજય તમામ જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. કે મારો સુપુત્રશ્રી ઝાલા વીરેન્દ્રસિંહ અજીતસિંહ મોબાઈલ આધારકાર્ડ નંબર- ૨૮૭૬ ૩૦૦૯ ૩૫૪૪ નંબર- ૯૯૯૮૧૦૬૩૨૯ મારા કહ્યા નથી અમારાથી અલગ રહે છે. તેની સાથે કોઈપણ જાતનો કોઈપણ વ્યકિતએ અન્યોએ નાણાંનો કે અન્ય કોઈપણ જાતનો વ્યવહાર વ્યવહાર કરવો નહી. જે કોઈપણ વ્યકિત વ્યવહાર કરશે તેની તમામ પ્રકારની અંગત જવાબદારીઓ પોતાની રહેશે જેની ખાસ નોંધ લેશો.

જેની જાહેર જનતા એ ખાસ નોંધ લેવી.

લી. પ્રમુખશ્રી
ઝાલા અજીતસિંહ શિવુભા


## જોઈએ છે

**શ્રી સીમાર સર્વોદય સોસાયટી સંચાલિત ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન**

**શ્રી મહિલા આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ-સીમાર (સેલ્ફ ફાઈનાન્સ)**

| ક્રમ | જગ્યાનો પ્રકાર | લાયકાત | વિષય | જગ્યા |
|---|---|---|---|---|
| 1 | આચાર્ય | MA 55% Ph.D 15 વર્ષનો શૈક્ષણિક અનુભવ | - | 1 |
| 2 | અધ્યાપક | MA 55%,NET,GSET,Ph.D | સમાજશાસ્ત્ર | 2 |
| 3 | અધ્યાપક | MA 55%,NET,GSET,Ph.D | હિન્દી | 1 |
| 4 | અધ્યાપક | MA 55%,NET,GSET,Ph.D | સંસ્કૃત | 1 |
| 5 | અધ્યાપક | MA 55%,NET,GSET,Ph.D | કેમિસ્ટ્રિ | 1 |
| 6 | અધ્યાપક | Msc 55%,NET,GSET,Ph.D | અંગ્રેજી | 1 |
| 7 | અધ્યાપક | Msc 55%,NET,GSET,Ph.D | માઈક્રોબાયોલોજી | 1 |
| 8 | અધ્યાપક | Msc 55%,NET,GSET,Ph.D | ફિઝિક્સ | 1 |
| 9 | લેબ ટેકનિશયન | Msc 55% | - | 1 |

**શ્રી ઉકાભાઈ ડોડીયા કોમર્સ કોલેજ- સીમાર (સેલ્ફ ફાઈનાન્સ)**

| ક્રમ | જગ્યાનો પ્રકાર | લાયકાત | વિષય | જગ્યા |
|---|---|---|---|---|
| 1 | P.T.I | M.P.ED 55% | - | 1 |
| 2 | લાઈબ્રેરિયન | M.L.I.Sc | - | 1 |
| 3 | અધ્યાપક | MA 55%,NET,GSET,Ph.D | અંગ્રેજી | 1 |
| 4 | અધ્યાપક | M.Com 55%,NET,GSET,Ph.D | એકાઉન્ટ | 4 |
| 5 | અધ્યાપક | MA 55%,NET,GSET,Ph.D | અર્થશાસ્ત્ર | 1 |

**શ્રી ઉકાભાઈ ડોડીયા બી.આર.એસ.કોલેજ-સીમાર(સેલ્ફ ફાઈનાન્સ)**

| ક્રમ | જગ્યાનો પ્રકાર | લાયકાત | વિષય | જગ્યા |
|---|---|---|---|---|
| 1 | અધ્યાપક | MRS 55%,NET,GSET,Ph.D | એગ્રોનોમી | 3 |
| 2 | અધ્યાપક | MRS 55%,NET,GSET,Ph.D | બાગાયત | 2 |
| 3 | અધ્યાપક | MRS 55%,NET,GSET,Ph.D | વિસ્તણ | 2 |

નોંધ : લાયકાત ધરાવતા ઉમેદવારોએ જગ્યા માટે અરજી પુરાવા સાથે દિન-15 માં કોલેજના સરનામે રજી. એડીથી અથવા ઈ-મેઈલ પર મોકલી આપવાના રહેશે.

સરનામું :- વેરાવળ - જૂનાગઢ હાઈવે મું.-સીમાર (કીડીવાવ) તા.વેરાવળ, જી.ગીર સોમનાથ-362255 E-mail: kidivav.bcom.clg@gmail.com

## તંત્રી લેખ

# પરીક્ષાને ટેન્શન તરીકે નહીં ઉત્સવ તરીકે અપનાવો

રાજ્યમાં બોર્ડની પરીક્ષા મહોત્સવનો પ્રારંભ થઈ ચૂક્યો છે.છાત્રો માટે આ ઘડી એક ઉત્સવથી રતિભાર પણ કમ નથી.જીવન દરેક પળે એક પરીક્ષા છે.વિધાર્થીકાળ દરમિયાન આવતી બોર્ડની પરીક્ષા વ્યક્તિના ઘડતરમાં બહુ મોટો રોલ ભજવે છે.પરીક્ષા એ જીવનનો અંત નથી પણ નવી શરૂઆત છે. તે વાતને દરેક છાત્રોએ સમજી લેવી જોઈએ.પરીક્ષાને ક્યારેય બોજ ન ગણવી કારણ કે,વર્ષ દરમિયાન અભ્યાસમાં જે ભણ્યા હોય તે રજૂ કરવાનો અવસર હોય છે.લખો વિધાર્થીઓ ભયમુક્ત અને શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે સરકાર દ્વારા પણ ખાસ તકેદારી રાખવામાં આવરી હોય છે.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં જ પરીક્ષા પે ચર્ચા થકી દેશભરના વિધાર્થીઓને કોઈપણ દબાણ કે ચિંતા વિના સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપવા માટે પ્રોત્સાહિત કર્યા છે. દરેક વ્યક્તિની એક વિશેષ ક્ષમતા હોય છે, એ ક્ષમતાને પારખીને પોતાની સ્કિલ પર વધુ ફોકસ કરીને ચિંતા મુક્ત થઈ પરીક્ષા આપવી જોઈએ.

પરીક્ષાએ વિધાર્થીઓના વર્ષભરની મહેનતનું પરિણામ મેળવવાનો અવસર છે.વિધાર્થીઓ કોઈપણ જાતના ડર કે માનસિક બોજ રાખ્યા વિના આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપવી જોઈએ. વિધાર્થીના પરિવારજનોએ ઘરનું વાતાવરણ હળવું રાખવા જોઈએ બાળકો પર વધુ માર્ક્સ લાવવાનું દબાણ લાવવાને બદલે તેના ઉત્સાહ વધારો કરતો રહેવો જોઈએ. રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા તમામ પરીક્ષા કેન્દ્રો પર જરૂરી સુવિધાઓ અને ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે, જેથી વિધાર્થીઓ શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા આપી શકે. તેજસ્વી વિધાર્થીઓ પોતાની પ્રતિભા સાબિત કરી રાજ્યનું અને પોતાના પરિવારનું નામ રોશન કરશે તે વાતમાં કોઈ શંકા નથી. પરીક્ષાના પેપર લખતી વખતે મન સ્થિર રાખી, જે આવડે છે તેને શ્રેષ્ઠ રીતે રજૂ કરો. મહેનત ચોક્કસપણે રંગ લાવશે.પરીક્ષાને એક ટેન્શન તરીકે લેવાના બદલે એક ઉત્સવ તરીકે ઉજવવામાં આવે તો જીવનમાં કોઈપણ કસોટીનો સામનો મકમતા પૂર્વક કરી શકાય છે.આજથી બોર્ડની પરીક્ષાનો આરંભ થઈ ચૂક્યો છે ત્યારે લાખો છાત્રોને સફળતા માટે અઢળક શુભેચ્છા.

# ધાણા-મરચા બાદ ગોંડલ માર્કેટીંગ યાર્ડમાં ઘઉંની પણ રેકોર્ડબ્રેક આવક

## ૩૦ હજાર ગુણીની ઘઉંની આવક થઈ: મણના ભાવ રૂ.૫૦૦થી રૂ.૬૫૦ બોલાયા



**અબતક,જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ માર્કેટીંગ યાર્ડમાં ધાણા અને લાલ મરચાની રેકોર્ડ બ્રેક આવક થયાબાદ ગઈકાલે ઘઉંની પણ વિક્રમી આવક થવા પામી છે. સૌરાષ્ટ્રના પ્રથમ પંકિતના પીઠામાં સારા ભાવ મળતા હોવાના કારણે સૌરાષ્ટ્રભરના ખેડુતો વિવિધ જણસીના વેચાણ માટે આપી રહ્યા છે.સૌરાષ્ટ નુ અગ્રીમ ગણાતું ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં નવા ઘઉંની આવક શરૂ કરવામાં આવી હતી. યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયા એ જણાવ્યું હતું કે નવા ઘઉંની પુષ્કળ આવક થતા યાર્ડ ઘઉંથી છલકાયું હતું.

યાર્ડમાં ગીર સોમનાથ, જૂનાગઢ પોરબંદર સહિત સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાંથી ખેડૂતો ઘઉં લઈને આવ્યા હતા. ઘઉંની પુષ્કળ આવક સાથે સિઝનની રેકોર્ડ બ્રેક ૩૦ હજાર ગુણીની આવક થઈ હતી. જેમાં ખેડૂતોને ૨૦ કિગ્રા ના ૫૦૦ થી લઈને ૬૫૦ સુધીના ભાવ મળ્યા હતા. હાલ ઘઉંની આવક રાબેતામુજબ ચાલુ છે તેવું યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયા એ જણાવ્યું હતું.

# જીગીશા પટેલના સમર્થનમાં ગોંડલમાં ૮મી માર્ચે વિશાળ જનસભા

## મહિલા સશક્તિકરણ મુદ્દે અવાજ ઉઠાવવાની ''આમ આદમી પાર્ટી''ની જાહેરાત

**અબતક, રાજકોટ**

આમ આદમી પાર્ટીના મહિલા નેતા જીગીશા પટેલ પર થયેલા હુમલા બાદ આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા અને યુવા નેતા યુવરાજસિંહ જાડેજાએ હોસ્પિટલમાં જઈ તેમના ખબર અંતર પૂછ્યા હતા. પ્રદેશ નેતા મનોજ સોરઠીયાએ જણાવ્યું કે, ગોંડલમાં સ્થાનિક કોર્પોરેટરના આદેશથી જીગીશાબેન પટેલ પર કેટલાક લોકોએ હુમલો કર્યો. જીગીશાબેનને માથાના ભાગે ખૂબ જ ગંભીર ઈજા થઈ છે. નેતા પર થતા આવા હુમલાઓ ખૂબ જ ગંભીર બાબત છે. આ અગાઉ પણ યુવા નેતા યુવરાજસિંહ જાડેજા પર હુમલો થયો હતો. આ હુમલો કરનાર લોકો વિરુદ્ધ પણ ફરિયાદ લેવામાં આવી નથી. ભાજપના નેતાઓને અમારી વિનંતી છે કે યુદ્ધ છેડવાનું કામ ન કરો, કારણ કે આટલી હદે તમે ઉતરી આવ્યા છો તો હવે ગુજરાતના લોકો તમને જવાબ આપશે. આમ આદમી પાર્ટીના યુવા નેતા યુવરાજસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં વર્ષોથી નારી વંદના, મહિલા સશક્તિકરણ અને બેટી બચાવો જેવા નારા આપવામાં આવે છે, પરંતુ વાસ્તવિક પરિસ્થિતિ તેના વિરુદ્ધ જોવા મળે છે. મહિલાઓના સન્માનની વાત કરતી ભાજપની સરકાર મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં નિષ્ફળ ગઈ છે.ગોંડલની ધરતી પર આવીને કોઈ પણ વ્યક્તિ જોઈ શકે છે કે મહિલાઓ સાથે કેવી રીતે વર્તન કરવામાં આવે છે ખાસ કરીને જીગીશાબેન પટેલ ઉપર થયેલા હુમલાને તેમણે મહિલા સુરક્ષા માટે ગંભીર પ્રશ્ન ગણાવ્યો. તેમણે આક્ષેપ કર્યો કે રાજ્યના ગૃહમંત્રી કોઈ પણ ગુનેગારને છોડવામાં નહીં આવે જેવા નિવેદનો આપવામાં આવે છે, પરંતુ હકીકતમાં ગુનેગાર તત્વોને બચાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. તેમના મત મુજબ, જીગીશાબેન પટેલ પર થયેલા હુમલાના મામલે પણ દોષિતોને બચાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. યુવરાજસિંહ જાડેજાએ જણાવ્યું કે આવનારા સમયમાં મહિલા સશક્તિકરણના મુદ્દે મોટા સ્તરે અવાજ ઉઠાવવામાં આવશે. ૮ માર્ચના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસને ધ્યાનમાં રાખીને ગોંડલમાં જીગીશાબેન પટેલના સમર્થનમાં વિશાળ જનસભા યોજવાની તૈયારી ચાલી રહી છે. તેમણે જણાવ્યું કે ગુજરાતની મહિલાઓને આપવામાં આવેલા વાયદા અને આશ્વાસનો હજી સુધી પૂર્ણ થયા નથી. જો જીગીશાબેન પટેલને ન્યાય નહીં મળે, તો ગોંડલની ભૂમિ પર જ લોકશાહી માધ્યમથી મજબૂત જવાબ આપવામાં આવશે.

## દશેરાએ ઘોડુ ન દોડ્યું

# સાવરકુંડલામાં દુકાન સળગવાના કોલ બાદ ફાયર ફાઈટરને ધક્કા મારવા પડ્યા

**અબતક, સોહીલ શેખ, સાવરકુંડલા**

સાવરકુંડલા નગરપાલિકાની શરમજનક પોલ ખુલી હોય તેમ એક તરફ દુકાન ભડભડ સળગતી હતી, અને બીજી તરફ પાલિકાનું ફાયર ફાઈટર ચાલુ કરવા લોકોએ ધક્કા મારવા પડ્યા હતા.

સાવરકુંડલાના જુના બસ સ્ટેન્ડ વિસ્તારના સેન્ટર પોઈન્ટ કોમ્પ્લેક્ષમાં એક મોબાઈલની દુકાનમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આગ એટલી વિકરાળ હતી કે જોતજોતામાં લાખોનો સામાન બળીને ખાખ થઈ ગયો. ફાયર વિભાગને જાણ કરવામાં આવી, ત્યારે જે ફાયર ફાઈટર પહોંચ્યું તેની હાલત 'ધખડધજ' હતી!''

'લોકોનો આક્ષેપ છે કે ફાયર ફાઈટર સમયસર પહોંચ્યું નહીં, અને જ્યારે પહોંચ્યું ત્યારે તે રસ્તામાં જ બંધ પડી ગયું! લોકોએ જાતે મહેનત કરીને ધક્કા મારીને ફરી ચાલુ કરાવ્યું હતું.

શહેરીજનો હવે સવાલ ઉઠાવી રહ્યા છે કે, શું સાવરકુંડલાની જનતાની સુરક્ષા આવા 'ધક્કા-સ્ટાર્ટ' તંત્રના ભરોસે છે?

# ગીર સોમનાથ જિલ્લામાં પીજીવીસીએલની મેગા ડ્રાઈવમાં દોઢ કરોડની રિકવરી

## વેરાવળ વિભાગ હેઠળ મેગા ચેકિંગ ઝુંબેશથી બાકીદારોમાં ફફડાટ, બીલ ભરવા કચેરીએ લાગી લાઈન




**અબતક જયેશપરમાર સોમનાથ**

વેરાવળ વિભાગ પીજીવીસીએલ દ્વારા ડીસ કનેક્શન ડ્રાઈવ દ્વારા બાકી બિલની વસુલાત માટેની ઝુંબેશ પૂરજોશમાં ચાલી રહી છે વેરાવળ વિભાગ હેઠળ મેગા ડીસ કનેક્શન ડ્રાઈવ દરમિયાન ૩૯૧ બાકીદારોના વીજ જોડાણ કાપવામાં આવ્યા હતા તેમની ,.બાકી રકમ ૪૮ લાખ હોય ડ્રાઈવ અંતર્ગત ૧૩૭૦ બાકીદારોએ તાત્કાલિક ધોરણે ૧૫૭.૫૮ લાખની રકમ ઓનલાઈન જમા કરાવી હતી વેરાવળ કાર્યપાલક ઈજનેર જીબી વાઘેલાએ આ ડ્રાઈવ અવિરત ચાલુ રહેશે બાકી દારૂ એ સમયસર બિલ ભરી દેવા અનુરોધ કર્યો છે

# ધારીમાં પીજીવીસીએલની મેગા ડ્રાઈવમાં રૂ.૫.૯૪ લાખના બીલ વસુલાયા

**અબતક, મેહુલ ત્રિવેદી, ધારી**

પીજીવીસીએલ કચેરી ધારી ના કાર્યક્ષેત્રમાં ઉપલી કચેરીના આદેશ મુજબ મેગા ડીશ કનેક્શન ડ્રાઈવનું આયોજન કરવામાં આવેલ જેમાં સારી સફળતા મળેલ છે.

વીજ ગ્રાહકોનો પણ સારો પ્રતિસાદ જોવા મળેલ છે

આ ડીસ કનેક્શન ડ્રાઈવમાં



કચેરી તરફથી જુદી જુદી ૧૦ ગેંગોનું આયોજન કરી વીજ બીલની રકમ રૂપિયા ૫ લાખને ૯૪ હજાર જેવી રકમની વસુલાત માટે ૯૯ જેટલા વીજ ગ્રાહકોના વીજ જોડાણો કાપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલી.

જેમાં ત્રણ લાખને ચાંચઠ હજાર રૂપિયાની વસુલાત માટે ૪૯ વીજ જોડાણો નો વીજ પુરવઠો કાપી વીજ પુરવઠો બંધ કરવામાં આવેલ છે.

તેમજ ૫૦ વીજ ગ્રાહકોએ વિવિધ બિલની બાકી રકમ રૂપિયા બે લાખને ત્રણ હજાર ભરપાઈ કરી આપેલ છે

આમ વીજ ગ્રાહકો દ્વારા પણ બાકી રકમ ભરપાઈ કરવા માટે સારો પ્રતિસાદ આપેલ છે.

ડીસ ડ્રાઈવ નું આયોજન અને મોનિટરિંગ નાયબ ઈજનેર શ્રી જે એલ સાંગાણી ના માર્ગદર્શન અને સુપરવિઝન નીચે કરવામાં આવેલ છે.

# ગોંડલ દશ દિવસીય સ્વદેશી મેળામાં નગરજનોનો જામ્યો મેળાવડો

## વોકલ ફોર લોકલ અભિયાનને નાગરિકોનો સ્વયંભૂ આવકાર

**અબતક,જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

વોકલ ફોર લોકલ' અભિયાનને વધુ વેગ આપવા નગરપાલિકા તથા એનએમએલયુ દ્વારા સ્વદેશી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્થાનિક ઉત્પાદકો અને હસ્તકલાકારોને પ્રોત્સાહન આપતા આ મેળામાં મોટી સંખ્યામાં નાગરિકો ઉમટી રહ્યા છે.સ્વદેશી મેળાનું ઉદઘાટન એનયુએમએલયુ શાખાનાં ચેરમેન સંગીતાબેન કુડલા નાં હસ્તે કરાયુ હતું.આ વેળા અગ્રણી અશોકભાઈ પીપળીયા,શહેર ભાજપ પુર્વ પ્રમુખ પીન્ટુભાઈ ચુડાસમા, નગરપાલિકા પ્રમુખ અશ્વિનભાઈ રૈયાણી, ઉપપ્રમુખ પરીતાબેન



ગણાત્રા,કારોબારી અદયક્ષ ક્રિપાલસિંહ જાડેજા,મનીષભાઈ રૈયાણી સહિત સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

મેળામાં સ્થાનિક કારીગરો, સ્વરોજગારી મહિલાઓ અને નાના ઉદ્યોગકારોને પોતાના ઉત્પાદનો પ્રદર્શિત અને વેચાણ માટે મંચ આપવામાં આવ્યો છે.

મેળામાં વિવિધ સ્ટોલ માં હેન્ડીક્રાફ્ટ સહિત વસ્તુઓ, ઘરગથ્થુ ખાદ્ય પદાર્થો, પરંપરાગત વસ્ત્રો અને દૈનિક ઉપયોગની વિવિધ સામગ્રી ઉપલબ્ધ છે.

લોકો ઉત્સાહ ભેર સ્થાનિક વસ્તુઓ ખરીદી 'વોકલ ફોર લોકલ' અભિયાનને સમર્થન આપી રહ્યા છે.

# ગોંડલમાં બ્રહ્મ સેવા ટ્રસ્ટની અન્નપૂર્ણા જોળી દ્વારા ગંગાસ્વરૂપા બહેનોને રાશનકીટ અપાઈ

## અન્નપૂર્ણા જોળીની સેવા જરૂરીયાતમંદ પરિવારો માટે આશિર્વાદ રૂપ



**અબતક,જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

રાજેશ્વર મહાદેવ મંદિર પંચવટી સોસાયટી ખાતે બ્રહ્મ સેવા ટ્રસ્ટ દ્વારા આર્થિક નબળી પરિસ્થિતિ વાળા બ્રહ્મ સમાજ ના ગંગા સ્વરૂપ બહેનો તેમજ બ્રહ્મ પરિવારો ને અન્નપૂર્ણા જોળી (રાશન કીટ ) અર્પણ કરવામાં આવી હતી.

બીનાબેન મહેશભાઈ ઠાકર તરફ થી બે તથા ગોવિંદભાઈ દેસાઈ પરિવાર તરફ થી પાંચ કીટ

ઉપરાંત અલખ હનુમાનજી ટ્રસ્ટ દ્વારા બ્રહ્મ પરિવારો ને સારી ક્વોલિટી ની ચટાઈ (શેતરંજી) નું વિતરણ કરવામાં આવ્યું હતું આ પ્રસંગે અલખ હનુમાનજી પરિવાર ના ગુલાબભાઈ, શેખરભાઈ વગેરે ટ્રસ્ટ તરફથી હાજર રહ્યા હતા કાર્યક્રમ દરમિયાન બ્રહ્મ સેવા ટ્રસ્ટ ના વિજયભાઈ ભટ્ટ. અજયભાઈ રાવલ. કિશોરભાઈ દવે. મહેશભાઈ પંડ્યા. રજનીભાઈ પંડ્યા. યશવંતભાઈ રાવલ. ઘનશ્યામભાઈ પંડ્યા. જેમીનભાઈ ભટ્ટ. અતુલભાઈ શુક્લ. જગદીશભાઈ પંડ્યા. સુરેશભાઈ. હર્ષદભાઈ,અભયભાઈ યાજ્ઞિક. મનોજભાઈ જોશી પંકજભાઈ પંડ્યા હાજર રહ્યા હતા.

# ગોંડલમાં પીજીવીસીએલની મેગા ડ્રાઈવ ફળી: એક કરોડની રિકવરી

**અબતક, જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

પીજીવીસીએલ શહેર પેટા વિભાગ દ્વારા અલગ-અલગ ૨૦ ટીમો રાખી દરેક ટીમને ૪૦ કનેક્શન નું લિસ્ટ આપવામાં આવેલું હતું ઘણા સમયથી જે વીજબિલ ભરવાના બાકી છે. એવા વીજ કનેક્શનનો ના સ્થળ પર નાણા વસૂલ ના કરી ડીશ કનેક્શન કરી તેના નાણા કચેરી ખાતે જ ભરપાઈ કરાવી અને તેનો રીકનેક્શન ચાર્જ ભર્યા બાદ જ ફરીથી ચાલુ કરવામાં સાંજ સુધીમાં ૪૭ કનેક્શન ની સમરી ભરાઈ ગઈ હતી જેના ૪૭ કનેક્શનના ઓફિસે બિલ ભરાઈ ગયા હતા તેમજ અલગ અલગ ટીમ દ્વારા હજી વધારે વીજ કનેક્શન આપવાની કાર્યવાહી ચાલુ રાખવામાં આવી હતી અંદાજે સાડા સાત લાખ જેવી રકમ અત્યારે ભરપાઈ થઈ ચૂકી છે.અને છેલ્લા ત્રણ દિવસ માં એક કરોડ રુપીયા ની રીકવરી કરાઈ છે.આગામી સમય માં પણ વિજ બીલ નાં બાકી લેણાં માટે કનેક્શન કાપવાની કાર્યવાહી ચાલુ રહેશે

# દ્વારકા જીલ્લાની જિલ્લા પંચાયતમાં અનેક જગ્યાઓ વર્ષોથી ખાલી

**અબતક, વિનાયક ભટ્ટ, દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લો દેવાડાનો જિલ્લો હોય અહી અનેક વર્ગ ૧-૨ ના અધિકારીઓને સજામાં મુકવામાં આવતા હોય આવા અધિકારીઓ પૈકી કેટલાક લાગવગની આવતા જ નથી તો કેટલાક અધિકારી આવીને થોડા સમયમાં બદલી કરીને ચાલી જતા હોય દ્વારકા જીલ્લા પંચાયતમાં આને કારણે કરોડોના વિકાસ કાર્યો ના થાય તથા કરોડોની ગ્રાંટ ચાલી જાય તેવી સ્થિતિ થવા પામી છે. જેમાં દ્વારકા જીલ્લાને ખુબ નુકશાન થાય છે.

હાલ દ્વારકા જીલ્લા પંચાયતમાં વર્ગ-૧ ની કુલ ચાર મહત્વની જગ્યાઓ ખાલી છે. તો વર્ગ-૨ ની પણ બે ટેકનીકલ સહિત ચાર જગ્યાઓ લાંબા સમયથી ખાલી પડી છે.

જિલ્લા પંચાયતમાં નાયબ જીલ્લા વિકાસ અધિકારીની એક, કાર્યપાલક ઈજનેર મ.મા. વિભાગ પંચાયતની એક, કાર્યપાલક ઈજનેર સિંચાઈની એક, જીલ્લા સમાજ કલ્યાણ અધિકારની એક, પ્રોગ્રામ ઓફીસર આઈ.સી.ડી. એસ. એક, નાયબ કાર્યપાલક ઈજનેર સિંચાઈ એક નાયબ જીલ્લા શિક્ષણ વિકાસની જગ્યા પણ ખાલી છે. ખાલી જગ્યાઓને લીધે વહીવટી પ્રક્રિયા ના થતા કામો વિલંબમાં પડતા કરોડોના વિકાસ કાર્યો અટકે છે.

# ધ્રાંગધ્રાના વાધગઢમાં દાડમની બાગાયત ખેતીના વિકાસ માટે યોજાયો માર્ગદર્શન સેમિનાર

## વર્લ્ડ ગ્રીન એગ્રો કંપનીના તજજ્ઞોએ ખેતી સબસીડી અંગે આપ્યું માર્ગદર્શન

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રા તાલુકાના વાધગઢ ગામે વર્લ્ડ ગ્રીન એગ્રો કંપની લિમિટેડ દ્વારા દાડમની આધુનિક ખેતી અંગે વિશાળ સેમિનાર યોજાયો હતો, જેમાં ૨,૦૦૦ થી વધુ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

વાધગઢ અને રણમલપુર પ્રગતિશીલ ખેડૂત ચંદ્રકાંતભાઈ ઈશ્વરભાઈ પટેલે પોતાની જમીનમાં દાડમનું વૈજ્ઞાનિક પદ્ધતિથી વાવેતર કરી અને આંતરપાક પદ્ધતિ અપનાવી સફળતા મેળવી છે દાડમની ખેતીમાં કંપની દ્વારા સૂચિત ઉત્તમ ગુણવત્તાવાળી દવાઓ અને



બિયારણનો ઉપયોગ કરીને ઉત્તમ ઉત્પાદન મેળવવામાં આવ્યું છે તેમની આ સફળતા અન્ય ખેડૂતો માટે પ્રેરણારૂપ બની છે સેમિનારમાં કંપનીના અધિકારી અતુલ રૂપાલા દ્વારા દાડમની બાગાયત ખેતી, યોગ્ય જમીન તૈયાર કરવાની રીત, ડ્રિપ સિંચાઈ પદ્ધતિ, રોગ-કીટ નિયંત્રણ અને ઉત્પાદન વધારવાના વૈજ્ઞાનિક ઉપાયો અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું ખાસ કરીને સરકાર દ્વારા બાગાયત ખેતી માટે અપાતી સબસીડી અંગે પણ ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા હતા. દાડમ જેવી બાગાયત પાકોમાં ડ્રિપ સિંચાઈ, પ્લાસ્ટિક મલ્ચિંગ, નેટહાઉસ અને વિવિધ યોજનાઓ હેઠળ સરકાર તરફથી સહાય મળતી હોવાથી ખેડૂતોને ઓછા ખર્ચે વધુ નફો મેળવવાની તક મળે છે વિધવત આયોજન અને વ્યાપક ઉપસ્થિતિને કારણે આ સેમિનાર ખેડૂતો માટે જ્ઞાનવર્ધક સાબિત થયો હતો.

# અમરેલીના લાઠીમાં ઔદ્યોગિક વિકાસના દુષ્કાળનું મ્હેણું ક્યારે ભાંગશે?

## લાઠીમાં જીઆઈડીસી બને આગેવાનોની ગાંધીનગરમાં રજુઆત

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લાનું લાઠી શહેર રાજકીય રીતે હંમેશા ભારતીય જનતા પાર્ટીનો અતૂટ ગઢ રહ્યું છે, પરંતુ કમનસીબી એ છે કે આ વિસ્તાર આજે પણ પાયાના ઔદ્યોગિક વિકાસ અને જીઆઈડીસી જેવી સુવિધાથી વંચિત છે.

લાઠીના યુવાનો રોજગારી માટે હિજરત કરવા મજબૂર બન્યા છે, લાઠી પાસે આજે પ્રભાવશાળી નેતૃત્વની કોઈ ખોટ નથી. છતાં પરિણામ શૂન્ય હોવાનું દેખાઈ રહ્યું છે, રાજ્યસભાના સાંસદ ગોવિંદભાઈ ધોળકિયાએ જાણીતા ઉદ્યોગપતિ છે. તો લાઠીના જરખીયાના વતની ભરતભાઈ સુતરીયા લોકસભાના સાંસદ છે. અને જનકભાઈ તળાવિયા



ધારાસભ્ય દિગ્ગજ નેતાઓ હોવા છતાં લાઠીમાં જીઆઈડીસીની મંજૂરી હજુ સુધી કાગળ પર જ રહી ગઈ હોય તેવું લાગે છે. નેતાઓ વારંવાર વિસ્તારની મુલાકાત લે છે, પરંતુ ઉદ્યોગોના મુદ્દે માત્ર આશ્વાસનો જ મળતા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. તાજેતરમાં જ લાઠીના સ્થાનિક આગેવાનો જીઆઈડીસીના પ્રશ્ને રજૂઆત કરવા માટે રાજ્યના પાટનગર ગાંધીનગર સુધી દોડી ગયા હતા. તો શું લાઠીને ખરેખર જીઆઈડીસી મળશે? આ સવાલનો ઉત્તર આપવાને બદલે નેતાઓએ ધારણ કરેલુ મૌન અનેક તર્ક વિતર્ક સર્જી રહ્યું છે.

જો સમયસર જીઆઈડીસીની સ્થાપના નહીં થાય અને રોજગારીની તકો ઊભી નહીં થાય, તો આગામી દિવસોમાં આ અસંતોષ રાજકીય આંદોલનનું સ્વરૂપ ધારણ કરી શકે છે તે હવે સરેઆમ ચર્ચાય રહ્યું છે.

# ગોંડલ યાર્ડની પેઢીના બેંક ખાતામાં સાયબર ફ્રોડના ૯૦૦ કરોડ જમા થયાનો ધડાકો

## ઓપરેશન મ્યુલ હંટ હેઠળ રાજકોટ ગ્રામ્ય પોલિસની તપાસમાં મોટા ખુલાસા : મનિષ કમાણી અને જય નાદપરાના એકાઉન્ટમાં સાયબર ફ્રોડના ૨૦૦ કરોડ જમાં થયાના બનાવમાં પડધરી પોલીસ મથકમાં ગુનો નોંધી છ શખ્સોની ધરપકડ કરાઈ'તી

### રાજકોટના મિહિર રંગાણી, હિરેન લીંબાસીયા અને તેલંગણાંના શખ્સના નામ ખુલતાં ધરપકડ, વધુ એકની શોધખોળ : ફ્રોડનો આંક ૧૫૦૦ કરોડને પાર

**અબતક, રાજકોટ**

દેશવ્યાપી ઓપરેશન મ્યુલ હંટ હેઠળ રાજકોટ ગ્રામ્ય પોલિસની તપાસમાં સાયબર ફ્રોડના નાણાંની હેરાફેરીનું મસમોટું રેકેટ ઝડપાયું છે. ગોંડલ માર્કેટિંગ યાર્ડની પેઢીના એકાઉન્ટમાં સાયબર ફ્રોડના ૯૦૦ કરોડ જમા થયાનો ઘટસ્ફોટ થયો છે. મનિષ કમાણી અને જય નાદપરાના એકાઉન્ટમાં સાયબર ફ્રોડના ૨૦૦ કરોડ જમાં થયાના બનાવમાં રાજકોટના મિહિર રંગાણી, હિરેન લીંબાસીયા અને તેલંગણાંના શખ્સના નામ પણ ખુલતાં તેની ધરપકડ કરાઈ હતી. કુલ ફ્રોડના ૧૫૦૦ કરોડની હેરફેર થયાનું ખુલ્યું છે.

રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા રાજ્ય વ્યાપી ઓપેરશન મ્યુલ હન્ટ અંતર્ગત રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં શંકાસ્પદ ટ્રાન્ઝેકશન ધરાવતા બેન્ક એકાઉન્ટની માહિતી એકત્રિત કરી કામગીરી શરૂ કરવાની આપેલ સુચનાથી સાયબર ક્રાઈમ પીઆઈ આર. જે. ગોધમની રાહબરીમાં પીએસઆઈ એમ.એન. રાઠોડ, સી.બી.વાંક તથા ટીમને સાયબર ક્રાઈમ ગાંધીનગર તરફથી મળેલ માહિતીના આધારે આ તમામ એકાઉન્ટનો સમનવ્ય પોર્ટલ તથા એનસીસીઆરપી પોર્ટલ ૧૯૩૦ પર શંકાસ્પદ એકાઉન્ટ બાબતે તપાસ કરતા તે એકાઉન્ટ પૈકી પડધરી મોવીયા યશ બેંક ખાતે ખુલેલ બેંક એકાઉન્ટ ગોંડલ માર્કેટીંગ યાર્ડ ખાતે આવેલ જ્યોત ટ્રેડીંગ કંપનીના ખાતામાં તપાસ કરતા એકાઉન્ટમાંથી આશરે ૨૦૦ કરોડની આસ-પાસની લેવડ-દેવડ મળી આવેલ.

જેના આધારે પડધરી પોલીસ સ્ટેશનમાં આઈટી એકટ સહિતની કલમ હેઠળ ગુન્હો દાખલ કરી ૬ આરોપીઓ અટક કરવામાં આવેલ છે. અને આ આરોપીઓ હાલ કોર્ટ કસ્ટડીમાં છે.



આ ગુન્હાની તપાસમાં અટક કરેલ આરોપીઓના મળેલ વધુ બેંક એકાઉન્ટની તપાસમાં આરોપી મનિષ કમાણી તથા જય નાદપરા તથા મિહિર રંગાણી મળી આશરે ૯૦૦ કરોડ રૂપિયાથી વધુની તેના એકાઉન્ટથી હેરફેર કરેલનું મળી આવેલ, જેથી ગુન્હાની તપાસમાં આ અગાઉના પકડાયેલ આરોપી મનિષ કમાણી તથા જય નાદપરા દ્વારા જે તેના બેંક એકાઉન્ટ મારફતે લેવડ-દેવડ થયેલ હોય તે તમામ રોકડા રૂપિયા ઉપાડી આંગડીયા મારફતે અગાઉના પકડાયેલ આરોપીઓ પ્રવિણસિંહ પરમાર, મહેન્દ્રસિંહ જાડેજા તથા મયુરસિંહ વાઘેલા મોટુ કમિશન લઈ આ આરોપી આદીલુદીન મહમદ મુનીરૂદીન મહમદને મોકલેલ હોય તેમજ ઓન લાઈન ટ્રાન્સફર કરેલનું મળી આવેલ હતું.

જેથી આ આરોપી આદીલુદીન મહમદ મુનીરૂદીન મહમદને અટક કરેલ છે. તેમજ આ ગુન્હામાં અગાઉ પકડાયેલ આરોપીઓ મનિષ કમાણી તથા જય નાદપરાના બેંક એકાઉન્ટ મિહીર રંગાણી સાયબર ફ્રોડના નાણાને રોકડમાં રૂપાંતરીત કરી હેર ફેર કરવા સારૂ આપેલ હોવાનું તપાસમાં ખુલેલ હોય અને તે એકાઉન્ટમાં નાણાની લેવડ- દેવડ હિરેન લીંબાસીયા મારફતે કરેલ હોય જેથી આ મીહીર રામજી રંગાણીની અટક કરેલ છે. તેની તપાસમાં તેની પેઢીના નામે અલગ અલગ બેન્ક એકાઉન્ટ મળી આવેલ હોય તેમાં પણ રૂપિયાની લેવડ-દેવડ કરેલ છે. અને આ લેવડ-દેવડ માં પોતાના હસ્તકના એકાઉન્ટમાં પણ રૂપિયાની લેવડ-દેવડ કરેલ છે. જેથી હિરેન લીંબાસીયાની પણ અટક કરેલ છે.

તેની તપાસમાં આ મિહીર રંગાણી તથા મનિષ રામાણી હસ્તકના તમામ બેન્ક એકાઉન્ટમાં થયેલ નાણાની લેવડ દેવડ હિરેનભાઈ લીંબાસીયાની મધ્યસ્થી થકી થયેલનુ તપાસમાં ખુલેલ છે.

આ ગુન્હામાં આરોપીઓએ અલગ અલગ સમય અને સ્થળે પુર્વ આયોજીત કાવતરૂ રચી, ગુજરાત રાજય તથા અન્ય રાજયના અલગ અલગ ભોગબનનાર વ્યકિતઓને લલચાવી તેઓ સાથે સાયબર ફ્રોડ દ્વારા છેતરપીંડી કે ઠગાઈ કરી નાણા મેળવી ગુન્હો કરેલ છે. આ તપાસ દરમ્યાન અત્યાર સુધીમાં પકડાયેલ આરોપીઓ દ્વારા આશરે ૯૦૦ કરોડ રૂપિયાની સાયબર ફ્રોડના નાણાનું રોકડમાં રૂપાંતર કરી તેની અલગ અલગ માધ્યમથી હેર ફેર કરેલનું તપાસમાં જણાયેલ છે. આ ગુન્હાની તપાસ હાલ ચાલુ છે.

હાલ પોલીસે પકડેલા આરોપીઓમાં આદીલુદીન મહમદ મુનીરૂદીન મહમદ (રહે. જેગતીયાલ ચીંથાકુંટા, તેલંગણા), મીહીર રામજી રંગાણી (રહે. રાજકોટ કુવાડવા રોડ જય ગુરુદેવ પાર્ક -૧ શેરી નં. ૨), હિરેન અશ્વિન લીંબાસીયા (રહે. રાજકોટ "શીવાલય" તીરૂપતિ પાર્ક -૨ નાના મોવા હરિદ્વાર હાઈસ વાળી શેરીમાં) નો સમાવેશ થાય છે.

# ધ્રાંગધ્રાના રાજપર સીમમાંથી વિદેશી દારૂ સાથે એક ઝડપાયો

### તાલુકા પોલીસે દરોડો પાડી ૭૩૭૦૦નો મુદ્દામાલ કબ્જે: સપ્લાયરની શોધખોળ

**અબતક**
**સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકા પોલીસ દ્વારા રાજપર ગામની સીમ વિસ્તારમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસે કુલ રૂ.૭૩,૭૦૦ની કિંમતની જુદી-જુદી બ્રાન્ડની ૨૩૮ બોટલ કબજે કરી એક શખ્સની ધરપકડ કરી છે, જ્યારે એક અન્ય આરોપીની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, પોલીસ સર્વેલન્સ સ્ટાફના પી.પી. ખુટી, વિક્રમભાઈ રબારી, નરેશભાઈ ભોજિયા અને બ્રિજરાજસિંહ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન રાજપર ગામની સીમ વિસ્તારમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવવામાં આવ્યો હોવાની ચોક્કસ બાતમી મળી હતી. બાતમીના આધારે તાત્કાલિક દરોડો પાડવામાં આવ્યો હતો.

દરોડા દરમિયાન સ્થળ પરથી વિદેશી દારૂની ૨૩૮ બોટલ કબજે કરી આરોપી પ્રવિણ સજાણીની ધરપકડ કરવામાં આવી હતી. પ્રાથમિક પૂછપરછમાં પ્રવિણ સજાણીએ દારૂનો જથ્થો દિનેશ ઉર્ફે ભૂરો ભલાભાઈ ગોલતર (રહે: સોલડી) પાસેથી મેળવ્યો હોવાનું કબૂલ્યું હતું.



# અમરેલી: દંપતી વચ્ચે માથાકુટ બાદ પરિણીતાનો આપઘાત

### પતિ પત્નીના ગૃહકલેશમાં પરિવાર વિખરાયો

**અબતક**
**હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલી શહેરના જેસીંગપરા વિસ્તારમાં હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. પતિ-પત્ની વચ્ચે થયેલી સામાન્ય બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા ૩૦ વર્ષીય પરિણીતાએ ગળાફાંસો ખાઈ પોતાનું જીવન ટૂંકાવ્યું છે. આ બનાવને પગલે સ્થાનિક પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. અમરેલીના જેસીંગપરા વિસ્તારમાં રહેતા ૩૦ વર્ષીય દર્શનાબેન અને તેમના પતિ દિપકભાઈ ભુરાભાઈ બાવળીયા વચ્ચે કોઈ અગમ્ય કારણોસર અંદરોઅંદર બોલાચાલી થઈ હતી. આ રકઝક બાદ આવેશમાં આવી જઈને દર્શનાબેને પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લીધો હતો. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા, પરંતુ કમનસીબે દર્શનાબેનનું મૃત્યુ નીપજ્યું હતું.

આ ઘટના અંગે મૃતકના પતિ દિપકભાઈ ભુરાભાઈ બાવળીયા ઉ.વ. ૪૦ એ અમરેલી સીટી પોલીસ મથકે જાણ કરી હતી. પોલીસે ઘટનાની નોંધ કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી.

# અમરેલીના દહીડા ગામે પ્રેમ લગ્નના મામલે બે પક્ષ વચ્ચે મારામારી

### દંપતી અને બે પુત્રને ગંભીર ઈજા: સામસામે ૧૮ શખ્સો સામે નોંધાતો ગુનો

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લાના દહીડા ગામે રાત્રિના સમયે પ્રેમલગ્નની અદાવતમાં હુમલો થયો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. દીકરાએ કરેલા પ્રેમલગ્નનો ખાર રાખીને એક જૂથ દ્વારા લાકડી અને પાઈપ જેવા હથિયારો સાથે હુમલો કરવામાં આવતા અફરાતફરી મચી ગઈ હતી. આ હુમલામાં મહિલાઓ સહિત બંને પક્ષોમાં કુલ ૧૮ જેટલા લોકો ઉપર સામાસામી ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

અમરેલીના દહીડા ગામના રવજીભાઈ ખીમાભાઈ ધાધલના દીકરાએ અમરશીભાઈની ભાણકી સાથે પ્રેમલગ્ન કર્યા હતા. પ્રેમસંબંધોના લગ્ન પરિવારને મંજૂર નહોતા, જેનું મનદુઃખ તેઓ લાંબા સમયથી રાખી રહ્યા હતા. જેને લઈ ગઈકાલે રાત્રિના આશરે ૧૧ વાગ્યાના અરસામાં, અમરશીભાઈએ અગાઉથી કાવતરું રચી, રવજીભાઈના મકાનમાં પ્રવેશ કર્યો હતો.અને સાથે દિનેશભાઈ, પાલભાઈ ગોરધનભાઈ સહિત ૧૪ જેટલા લોકોએ લાકડીઓ, લોખંડના પાઈપ અને અન્ય હથિયારો વડે પરિવારના સભ્યો પર હુમલો કર્યો હતો. આ હુમલામાં માત્ર પુરુષો ઉપરજ નહીં, પરંતુ ઘરની મહિલાઓ પર પણ ઢીકાપાટુ અને હથિયારો વડે હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં ફ્રેક્ચર સહિતની ઈજાઓ થયાનું જાણવા મળ્યું છે. તો રવજીભાઈ ધાધલ અને તેમના પત્ની ગીતાબેન સાથે દીકરા દિકરીએ પણ લાકડી અને ઢીકાપાટુનો માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાની ૪ લોકો સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે. હાલ બંને પક્ષોની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# સુરેન્દ્રનગર: હથીયાર સાથે ફોટો વાયરલ કરનાર વશરામ મોરીની ધરપકડ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર એસઓજી પોલીસે સોશિયલ મીડિયામાં હથિયાર સાથે ફોટો અપલોડ કરનાર શખ્સને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે મળતી માહિતી મુજબ એસઓજી સ્ટાફ દ્વારા બાતમીના આધારે સોશિયલ મીડિયામાં હથિયાર સાથે એક શખ્સે ફોટો અપલોડ કર્યો હોવાનું ધ્યાને આવ્યું હતું. આથી આ અંગે વધુ તપાસ હાથ ધરી ફોટો અપલોડ કરનાર શખ્સને ઝડપી પાડી પુછપરછ હાથ ધરતા પોતાનું નામ વશરામભાઈ જોગાભાઈ મોરી, રહે. થોરિયાળી, તા.સાયલા વાળો હોવાનું બહાર આવ્યું હતુ અને અંદાજે ૦૫ વર્ષ પહેલા હથિયાર સાથે ફોટો પડાવી તેને સોશિયલ મીડિયામાં અપલોડ કર્યો હોવાની કબુલાત કરી હતી. જ્યારે ઝડપાયેલ શખ્સની વધુ પૂરછપરછ કરતા ફોટોમાં રહેલ હથિયાર રણછોડભાઈ મોતીભાઈ, રહે.સુખસર, તા.ચોટીલા વાળાનું હોવાનું જણાવતા એસઓજી પોલીસે બન્ને વિરુદ્ધ ચોટીલા પોલીસ મથકે હથિયાર ધારા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ૮ કરોડના હાઈબ્રીડ ગાંજાના ગુનામાં વોન્ટેડ બોટાદનો શખ્સ દ્વારકાથી ઝડપાયો

**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળા દ્વારા અલગ અલગ ગુન્હામાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા કરેલ સુચના અન્વયે દેવભૂમિ દ્વારકા એલ.સી.બી. પી.આઈ. બી.જે.સરવૈયાના માર્ગદર્શનમાં એલસીબી ટીમના વર્કઆઉટ દરમ્યાન અમદાવાદમાં પકડાયેલ આશરે ૭ કરોડના હાઈબ્રીડ ગાંજાના ગુન્હામાં નાસતા ફરતા આરોપી અંગે મળેલ બાતમી આધારે દેવભૂમિ દ્વારકા એલ.સી.બી. ટીમે હરેશભાઈ ઠાકરશીભાઈ વાઘેલા રહે.બોટાદવાળાને દ્વારકા ખાતેથી પકડી પાડી આગળની કાર્યવાહી અર્થે દ્વારકા પોલીસને સોંપી આપેલ. સમગ્ર કામગીરીમાં એલસીબી પીઆઈ બી.જે.સરવૈયાની સુચના અનુસાર પીએસઆઈ બી.એમ.દેવમુરારી, પી.એસ.આઈ. એસ.વી.કાંબલીયા, એ.એસ.આઈ. બલભદ્રસિંહ ગોહિલ, અશ્વિન વડારીયા, જગદીશ કરમુર, હે.કોન્સ. પ્રદિપસિંહ જાડેજા, પો.કોન્સ. સચિન નકુમ તથા એલ.સી.બી. ટીમ દ્વારા કરવામાં આવેલ.



# સાવરકુંડલામાં હોમગાર્ડના કમાન્ડર વિરૂધ્ધ ફરિયાદ

### રાજકીય હોદ્દો ધરાવતા અધિકારીને પદમુક્ત કરવા માંગ

**અબતક, સોહીલ શેખ, સાવરકુંડલા**

સાવરકુંડલા શહેર હોમગાર્ડ દળમાં કંપની/પ્લાટૂન કમાન્ડર તરીકે ફરજ બજાવતા પ્રવીણભાઈ સાવજ વિરુદ્ધ નિયમોના ઉલ્લંઘન બદલ ડાયરેકટર જનરલ (હોમગાર્ડઝ એન્ડ સિવિલ ડિફેન્સ) ને લેખિત ફરિયાદ કરવામાં આવી છે. સાવરકુંડલાના સ્થાનિક નાગરિક જગદીશભાઈ ડાભી (ઠાકોર) દ્વારા કરવામાં આવેલી ફરિયાદ મુજબ, હોમગાર્ડ દળના જવાબદાર પદ પર હોવા છતાં પ્રવીણભાઈ સાવજ ભારતીય જનતા પાર્ટી, અમરેલી જિલ્લાના મંત્રી તરીકે સક્રિય રાજકીય હોદ્દો ધરાવે છે. ગૃહ વિભાગના હોમગાર્ડના સભ્ય કે અધિકારી કોઈપણ રાજકીય પક્ષ સાથે જોડાઈ શકતા નથી. આ નિયમ મુજબ હોમગાર્ડમાં ફરજ બજાવતા દરેક વ્યક્તિએ 'રાજકીય તટસ્થતા' જાળવવી ફરજિયાત છે. હોમગાર્ડ રૂલ્સના નિયમ ૧૭ અને ૨૦ મુજબ, રાજકીય પ્રવૃત્તિમાં સામેલ હોવું એ શિસ્તભંગનો ગંભીર ગુનો બને છે.

અરજદાર જગદીશભાઈ ડાભીએ ફરિયાદ સાથે ભાજપના નવનિયુક્ત હોદ્દેદારોની યાદી તેમજ સોશિયલ મીડિયા પર ઉપલબ્ધ રાજકીય કાર્યક્રમોના ફોટાઓ પુરાવા તરીકે રજૂ કર્યા છે. અરજીમાં માંગ કરવામાં આવી છે કે, હોમગાર્ડ દળની છબી અને નિષ્પક્ષતા જળવાઈ રહે તે માટે પ્રવીણભાઈ સાવજ સામે તાત્કાલિક વિભાગીય તપાસ હાથ ધરી તેમને ફરજ પરથી મુક્ત કરવામાં આવે.

### સ્ટેટ મોનીટરીંગ સેલે ઝડપેલા

# ઈડર: આંતરરાષ્ટ્રીય કોલ સેન્ટરની તપાસ એસ.ઓ.જી.ને સોંપાઈ

### એસ.પી. પાર્થરાજસિંહ ગોહિલ દ્વારા સીટની રચના ૧૦ શખ્સો પાંચ દિવસના રિમાંડ પર: ૧૧ની શોધખોળ

**અબતક,સંજય દિક્ષિત, સાબરકાંઠા**



ઈડરના બરવાવ રોડ પર આવેલા એક બિલ્ડિંગમાં ભાડે ચાલતા બોગસ કોલ સેન્ટર પર બે દિવસ અગાઉ સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે દરોડો પાડ્યો હતો આ દરોડામાં કોલ સેન્ટર સાથે સંકળાયેલા ૧૦ લોકોની અટકાયત કરવામાં આવી હતી.

એસ.એમ.સી ટીમે પૂછપરછ બાદ આશરે રૂ.૨૦.૩૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો મંગળવારે ૨૧ લોકો વિરુદ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. સ્ટેટ મોનિટરિંગ સેલના ભરત પીઠાભાઈ ચાવડાએ નોંધાવેલી ફરિયાદ મુજબ આ કોલ સેન્ટર આશરે આઠ મહિનાથી કાર્યરત હતું આરોપીઓ અમેરિકામાં સામાન્ય નામો ધારણ કરીને લોકોને ફોન કરતા હતા તેઓ અમેરિકાના નાગરિક ન હોવા છતાં લોન આપવાની લાલચ આપીને લોકોને ફસાવતા હતા. લોન મેળવવા ઈચ્છુક લોકોને 'વેરિફિકેશન ફી', 'લોન પ્રોસેસિંગ' અને 'એગ્રીમેન્ટ' ના નામે ૫૦ થી ૨૦૦ ડોલર પડાવી લેવામાં આવતા હતા એસ.એમ.સી ને મળેલી ચોક્કસ બાતમી અને પુરાવાના આધારે ટીમે દરોડો પાડી ૧૫ કલાકની મહેનત બાદ ૨૧ લોકોના નિવેદન લીધા હતા. આધારભૂત માહિતી મુજબ ૧૦ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે જ્યારે ૧૧ ફરાર છે તેમની વિરુદ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે

એસ.એમ.સી દ્વારા ઝડપાયેલા આ કોલ સેન્ટરની તપાસ એસ.ઓ.જી (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ) ને સોંપવામાં આવી છે જિલ્લા પોલીસ વડા ડો.પાર્થરાજસિંહ ગોહિલે આ મામલે તપાસ માટે એસ.આઈ.ટી (સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ) ની રચના કરી છે.

આ એસ.આઈ.ટી માં હિંમતનગર વિભાગીય કચેરીના ડી.વાય એસ.પી એ.કે.પટેલ,એસ.ઓ.જી પી.આઈ ડી.સી.પરમાર અને સાયબર પોલીસ સ્ટેશનના પી.આઈ બી.પી. ડોડિયાનો સમાવેશ થાય છે.

દરોડા દરમિયાન જપ્ત કરાયેલા મુદ્દામાલમાં રૂ.૩.૨૫ લાખના ૧૨ લેપટોપ,રૂ.૭.૪૫ લાખના ૪૦ મોબાઈલ ફોન, રૂ.૪૦,૫૯૦ રોકડ, રૂ.૧૦ લાખની એક કાર, રૂ.૧,૬૦૦ ના ૮ માઉસ, રૂ.૧૨૦૦૦ ના ૧૨ લેપટોપ ચાર્જર, રૂ.૧૦૦૦ ના ૧૦ મોબાઈલ ચાર્જર અને રૂ.૪૦૦૦ ના ૮ હેડફોનનો સમાવેશ થાય છે.

# ચોટીલામાં ફકીર સમાજના બે જૂથો વચ્ચે હિંસક અથડામણ

### પોલીસે ગણતરીની કલાકોમાં આરોપીઓને ઝડપી પાડ્યા

**અબતક, રણજીતસિંહ ધાધલ, ચોટીલા**



ચોટીલાના ગ્રામીણ બેંક પાસે ફકીર સમાજના બે જૂથો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. સામાન્ય બોલાચાલી બાદ મામલો ઉગ્ર બનતા બંને પક્ષો લાકડીઓ અને અન્ય હથિયારો સાથે સામસામે આવી ગયા હતા.

પ્રાથમિક માહિતી અનુસાર, ગ્રામીણ બેંક નજીક ફકીર સમાજના બે પરિવારો કે જૂથો વચ્ચે કોઈ કારણોસર બોલાચાલી થઈ હતી. આ બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કરતાં બંને પક્ષના લોકો લાકડીઓ લઈને સામસામે આવી ગયા હતા. આ ઝઘડામાં મહિલાઓ પણ લાકડીઓ સાથે જોડાઈ હોવાનું જાણવા મળ્યું છે.

અથડામણમાં બે થી ત્રણ વ્યક્તિઓને માથા અને પગના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ ચોટીલા પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો. પોલીસ આવે તે પહેલાં જ એક પક્ષના આરોપીઓ નાસી છૂટ્યા હતા. જોકે, પોલીસે સતર્કતા દાખવી તેમનો પીછો કર્યો અને ગણતરીની કલાકોમાં જ વાંકાનેર બાઉન્ડ્રી પાસેથી તેમને ઝડપી પાડ્યા હતા.

ચોટીલા પોલીસે ઝડપાયેલા આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. ધોળેદહાડે થયેલી આ ઘટનાને કારણે બજાર અને રહેણાંક વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો, પરંતુ પોલીસના ચુસ્ત બંદોબસ્ત અને ઝડપી કામગીરીને કારણે પરિસ્થિતિ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે.

# ધ્રોલ નજીક કારની ઠોકરે રાહદારી વૃધ્ધાનું મોત

### રસ્તો ક્રોસ કરી રહ્યા હતા ત્યારે સર્જાયો અકસ્માત

**અબતક**
**સંજય ડાંગર, ધ્રોલ**

જામનગર-રાજકોટ હાઈવે પર આવેલા ધ્રોલ નજીક ખોખારો હોટલ સામે રોડ ક્રોસ કરી રહેલા ૭૦ વર્ષીય વૃદ્ધાને બેફામ ઝડપે આવતી કારે ટક્કર મારતા તેમનું ગંભીર ઈજાઓને કારણે ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

બનાવની વિગતો મુજબ, ધ્રોલ તાલુકાના દેડકદડ ગામે રહેતા રંભીબેન માધાભાઈ સાડમીયા (ઉંમર ૭૦ વર્ષ) મોડપર ગામના પાટીયા પાસે આવેલી દુકાનથી સામાનની ખરીદી કરીને તેઓ જ્યારે પરત ફરી રહ્યા હતા અને ખોખારો હોટલ સામે હાઈવે રોડ ક્રોસ કરી રહ્યા હતા, ત્યારે ધ્રોલ તરફથી ફોર વ્હીલર ગાડી નંબર GJ-03-PD-8567 ના ચાલકે રંભીબેનને હડફેટે લીધા હતા. રંભીબેનને ટક્કર મારતા તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓને કારણે વૃદ્ધાનું કરુણ મોત નીપજ્યું હતું. આ અકસ્માત અંગે મૃતકના પુત્ર ધીરૂભાઈ સાડમીયાએ ધ્રોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે કાર ચાલક વિજયભાઈ ગોવિંદભાઈ ગરોધરા વિરુદ્ધમાં ગુનો દાખલ કર્યો છે. આ કેસની વધુ તપાસ પો.હેડ કોન્સ. આર.ડી. જાડેજા ધ્રોલ પોલીસ ચલાવી રહ્યા છે.

# જૂનાગઢમાં વ્યાજખોર બેફામ વધુ રૂપિયા કઢાવવા ધમકી

### રૂ.૧.૬૦ લાખના ૪ ગણા રૂપિયા મેળવી લીધા છતાં ૨.૧૧ લાખની પઠાણી ઉઘરાણી

**અબતક**
**દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢમાં વ્યાજખોરની દાદાગીરીની પોલીસ ચોપડે ચડી છે. વ્યાજે આપેલા રૂ. ૧.૬૦ લાખના ૪ ગણા રૂપિયા મેળવી લીધા છતાં વ્યાજના રૂ. ૨.૧૧ લાખ કઢાવવા પઠાણી ઉઘરાણી કરી, મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાઈ છે.

એ ડિવિઝન પોલીસ માંથી પ્રાપ્ત વિગતો મુજબ, જૂનાગઢની માઢ સ્ટ્રીટમાં ચિંનમય એપાર્ટમેન્ટમાં રહેતા હરેશભાઈ બચુભાઈ કોટક (ઉ.વ. ૫૬) ને પોતાના બાળકોની ફી ભરવા તેમજ ધંધા માટે રૂપીયાની જરૂરત પડતા તા. ૧/૬/૨૧ ના રોજ આરોપી ડેનીશભાઈ ઈશ્વરલાલ જસ્ટીન (રહે. ગીરીરાજ સોસાયટી, નોબલ સ્કુલ પાસે) પાસેથી છુટક છુટક કુલ રૂ. ૧,૬૦,૦૦૦ લીધેલ હતા. જેના ફરીયાદીએ આજદિન સુધીમા વ્યાજના વ્યાજ સાથે મળી કુલ રૂ. ૬,૦૪,૮૦૦ ચુકવી આપેલ હોવા છતા આરોપી ડેનીશભાઈ જસ્ટીન દ્વારા ફરીયાદી હરેશભાઈ કોટક તથા સાહેદોને અવાર નવાર ફોન કરી, તેમજ વોટસએપમા મેસેજ કરી, હજુ પણ તમારે વ્યાજના રૂ. ૨,૧૧,૦૦૦ આપવાના બાકી છે. તેમ કહી બળજબરીથી વધુ રૂપીયા કઢાવવા માટે ફોન ઉપર ગાળો આપી અને રૂપીયા નહી આપો તો મારી નાખવાની ધમકી આપી પઠાણી ઉઘરાણી કરી હોવાની ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદીની ફરિયાદના આધારે આરોપી સામે ગુન્હો નોંધવામાં આવ્યો છે, જેની તપાસ એ ડિવિઝન પો.સ.ઈ. ડી.બી.જોષી એ હાથ ધરી છે.

# જીલ્લા પંચાયતનું રૂ.૭૭૬ કરોડનું બજેટ મંજુર

**અબતક ઋષિ મહેતા**

મોરબી જીલ્લા પંચાયતની સામાન્ય સભામાં વર્ષ ૨૦૨૬-૨૭ માટે કુલ રૂ. ૭૭૬ કરોડનું વિશાળ બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. જીલ્લા પંચાયતના સભાખંડ ખાતે યોજાયેલી બેઠકમાં પ્રમુખ હંસાબેન જેઠાભાઈ પારેઘી, સચિવ અને જીલ્લા વિકાસ અધિકારી એન.એસ. ગઢવી સહિત સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. વિકાસમુખી દ્દષ્ટિકોણ સાથે રજૂ થયેલા આ બજેટમાં રૂ. ૭૩ કરોડ ૮૩ લાખનું સ્વભંડોળ પણ સામેલ છે.

આ બજેટમાં ગ્રામ વિકાસ અને મૂળભૂત સુવિધાઓને પ્રાથમિકતા આપવામાં આવી છે. પંચાયત અને વિકાસ કાર્યો માટે રૂ. ૧૦૩૨.૮૩ લાખની જોગવાઈ કરાઈ છે, જ્યારે બાંધકામ કાર્યો માટે રૂ. ૩૯૧.૬૫ લાખ ફાળવવામાં આવ્યા છે. શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તા સુધારણા અને સુવિધા વધારવા રૂ. ૨૬૩ લાખ તથા સામાન્ય વહીવટ માટે રૂ. ૧૬૭




## પંચાયત, બાંધકામ, શિક્ષણ અને કૃષિ ક્ષેત્રે વિશેષ ફાળવણી

લાખ નક્કી કરવામાં આવ્યા છે. કૃષિ ક્ષેત્રે ખેડૂતોને પ્રોત્સાહન મળે તે માટે રૂ. ૧૫.૧૦ લાખનો પ્રાવધાન પણ કરવામાં આવ્યો છે.

સ્વચ્છતા અને આરોગ્ય સુવિધા મજબૂત બનાવવા રૂ. ૪૩ લાખના ખર્ચે ભૂગર્ભ ગટર અને શોશ ખાડાની સફાઈ માટે જેટિંગ મશીન ખરીદવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઉપરાંત, પોષણ અભિયાનને મજબૂત કરવા જીલ્લાના ૩૬૨ ગામોમાંથી આવેલી માંગણી સામે ૨૬૨ પોષણ ખાટલાની ખરીદી કરવાની જાહેરાત કરવામાં આવી છે.

વિકાસ સાથે સંકળાયેલા મહત્વપૂર્ણ નિર્ણય તરીકે મોરબીના વીરપરથી લીલાપર માર્ગનું નામકરણ ઓ.આર. પટેલના નામે કરવાનો ઠરાવ પણ સભામાં મંજૂર કરવામાં આવ્યો હતો. આ બજેટથી આવનારા વર્ષે જીલ્લામાં આધારીય સુવિધાઓ અને ગ્રામ વિકાસને નવી દિશા મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

# માથાભારે વ્યાજખોરે ૫૦ હજારના બદલામાં વેપારીની કાર પડાવી લીધી

## ૧૦ દિવસ માટે લીધેલી રકમ ત્રણ ગણી પરત માંગી વેપારી સહિત પરિવારને જાનથી મારી નાખવાની ધમકી

**અબતક, ઋષિ મહેતા**

મોરબીમાં પણ મસાલાના વેપારીએ પોતાના ધંધામાં આર્થિક જરૂરિયાતને લઈને દસ દિવસ માટે એસન્ટ કાર ગીરવે રાખી રૂ.૫૦,૦૦૦/- ઊંચા વ્યાજે લીધા હતા. ૧૦ દિવસ બાદ વ્યાજ અને મુદલ પરત કરવા આવતા વેપારીને રૂ.૧.૫૦ લાખ ચૂકવી કાર પરત લઈ જવાનું કહી પરિવાર સહિત જાનથી મારી નાખવાની ધમકી આપનાર માથાભારે આરોપી વિરુદ્ધ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

મળતી માહિતી મુજબ, મોરબીના શકત શનાળા જુના ગામમાં રહેતા અને બેલા ગામ પાસે પાન-મસાલાની દુકાન ચલાવતા અરવિંદભાઈ હરજીભાઈ પનારા ઉવ.૪૫એ માથાભારે અને ગુનાહિત ઈતિહાસ ધરાવતા વ્યાજખોર ભરતભાઈ કાળુભાઈ ગોગરા વિરુદ્ધ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે, વર્ષ ૨૦૨૨માં ધંધાકીય જરૂરિયાતને કારણે તેમણે ૧૦ દિવસ માટે રૂ.૫૦ હજાર વ્યાજે લીધા હતા, આરોપી ભરત કાળુભાઈ ગોગરાએ ૩૦ ટકા વ્યાજની શરતે રકમ આપીને તેમની એસેન્ટ કાર રજી.નં. જીજે-૦૧-કેએન-૮૨૨૫ પોતાની પાસે રાખી હતી. ત્યારે દસ દિવસ બાદ ફરિયાદી અરવિંદભાઈ મૂળ રકમ પરત આપવા જતા આરોપીએ રૂ.૧.૫૦ લાખની માંગ કરી હતી. વેપારીએ આટલી મોટી રકમ અશક્ય હોવાનું કહી કાર પરત માંગતા આરોપીએ ગાળો બોલી ધમકીઓ આપી હતી. જે બાદ આરોપી અવારનવાર ફોન કરી જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો અને એક વખત ઘરે આવી પરિવારને પણ મારી નાખવાની ધમકી આપી હતી.

## હળવદ નજીક મોટરસાયકલ સ્લીપ થતા યુવકનું મોત

**અબતક, ઋષિ મહેતા**

હળવદ તાલુકામાં માર્ગ અકસ્માતની દુઃખદ ઘટના સામે આવી છે. જેમાં સુરેન્દ્રનગર જીલ્લાના મુળી તાલુકાના નાડધ્રી ગામના રહેવાસી રમેશભાઈ જાદુભાઈ ઓગાણીયા ઉવ.૪૦ ગઈ તા. ૨૧/૦૨ના રોજ પોતાના મોટરસાયકલ રજી. નંબર-જીજે-૧૩-બીએમ-૦૬૫૦ વાળુ ચલાવી ચરાડવાથી પોતાના ઘરે જતા હોય ત્યારે રસ્તામા ચરાડવા થી સમલી રોડ ઉપર મોટર સાયકલ પરનો કાબુ ગુમાવતા મોટર સાયકલ સ્લીપ થઈ જતા રમેશભાઈને માથામા અને શરીરે ગંભીર ઈજા થતા તેઓનું મૃત્યુ નીપજ્યું હતું. મૃત્યુના બનાવ અંગે હળવદ પોલીસે અ. મોતની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# મનપાની ફાયર બ્રિગેડ શાખા દ્વારા ૨૧૭ લોકોને ફાયર પ્રિવેન્શન અંગે અપાઈ તાલીમ

## શહેરમાં ફાયર સેફ્ટી વ્યવસ્થાની સઘન વ્યવસ્થાની કરાશે સમિક્ષા

**અબતક, ઋષી મહેતા**

મોરબી મહાનગરપાલિકાની અગ્નિશમન (ફાયર) શાખા દ્વારા ફાયર પ્રિવેન્શન અભિયાન અંતર્ગત ચાર સરકારી કચેરીઓમાં કુલ ૨૧૭ વ્યક્તિઓને આગથી બચાવ અને ઈમરજન્સી સ્થિતિમાં કરવાનાં પગલાં અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ટ્રેનિંગ દરમિયાન ફાયર સાધનોનો યોગ્ય ઉપયોગ, તાત્કાલિક પ્રતિસાદ અને સલામતીના નિયમોની વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત અગાઉ આપવામાં આવેલી નોટિસોના અનુસંધાને ૧૮૫ કોમ્પ્લેક્સ અને ૩૮ સમાજવાડીમાં ફાયર સેફ્ટી સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે અથવા કામગીરી પ્રગતિ હેઠળ છે. ફાયર એનઓસી વગર ચાલતી બિલ્ડિંગોને નોટિસ પાઠવી જરૂરી ગાઈડલાઈન પણ આપવામાં આવી છે. આ દરમિયાન



ફાયર સેફ્ટી અપ્રુવલ માટે ૧ અરજી પ્રાપ્ત થઈ હતી, જેને આર.એફ.ઓ. કચેરી ખાતે ફોરવર્ડ કરવામાં આવી છે.

મોરબીમાં ૨ રેસ્ક્યુ કોલ તેમજ ૩ આગ લાગવાના બનાવ નોંધાયા હતા, જેમાં ફાયર વિભાગના જવાનો દ્વારા આધુનિક પીપીઈ સાધનો સાથે સફળ ફાયર ફાઈટીંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી. અગ્નિશમન શાખાએ નાગરિકોને અપીલ કરી છે કે કોઈપણ દુર્ઘટના સમયે મોરબી ફાયર અને ઈમરજન્સી સર્વિસના ફોન નં. ૦૨૮૨૨ ૨૩૦૦૫૦, ૧૦૧ અથવા ૧૧૨ પર તાત્કાલિક સંપર્ક કરી જાનમાલની સુરક્ષા સુનિશ્ચિત કરવા અપીલ કરી છે.

# હત્યાકાંડના પડઘા ધોરાજીમાં પણ પડ્યા

## સોની યુવાનના હત્યારાને કડક સજા અપાવવા માંગ

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

મોરબી શહેરમાં બનેલી હત્યાની ઘટનાને લઈને ધોરાજી સોની સમાજમાં ભારે રોષ જોવા મળ્યો હતો. સમસ્ત સોની સમાજ દ્વારા ધોરાજી શહેરના નાયબ કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. તેમાં મોટી સંખ્યામાં સોની સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં મોરબીની ઘટનાને લઈને ધોરાજીના નાયબ કલેક્ટરને રજૂઆત કરવામાં આવી હતી.



જેમાં આરોપીને કડકમાં કડક સજા થાય તેવી માંગ કરી હતી.

સોની સમાજ દ્વારા ધંધા રોજ ઘર બંધ રાખી વિરોધ નોંધાવ્યો હતો અને નાયબ કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.

## ટ્રક અડફેટે મોટર સાયકલ ચાલકનુ મોત

**અબતક, ઋષિ મહેતા**

મોરબીઃ જામનગર-પીપળીયા હાઈવે રોડ ઉપર માર્ગ અકસ્માતના બનાવમાં રાજકોટ સ્થિત કંપનીમાં એન્જીનીયર તરીકે કામ કરતા ઉત્તરપ્રદેશના યુવકનું મોત નીપજ્યું હોવાનું

અમદાવાદમાં જલારામ વાટીકા ન્યુ મણીનગર રહેતા મૂળ હાથરસ જીલ્લાના ગુજરપુર ગામના વતની રાહુલભાઈ પ્રમોદભાઈ શર્મા ઉવ.૩૫ એ તાલુકા પોલીસ મથકમાં આરોપી ટ્રક ટેઈલર રજી.નં. આરજે-૧૯-જીજે-૮૬૯૭ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યા અનુસાર ગઈકાલે તા.૨૪/૦૨ના રોજ ફરિયાદીનો ભત્રીજો વિકાસભાઈ મુનેશભાઈ શર્મા પોતાનું મોટર સાયકલ રજી.ન. જીજે-૦૪-બીએલ-૯૯૯૧ લઈને જતો હોય તે દરમિયાન જામનગર-પીપળીયા હાઈવે રોડ ઉપર મોડપર બ્રિજ ઉપર ઉપરોક્ત ટ્રક ટેઈલરના ચાલકે પોતાનું વાહન બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી આવી મોટર સાયકલને હડફેટે લેતા મોટર સાયકલ ચાલક વિકાસભાઈ ટ્રક ટેઈલરની બોડી સાથે અથડાયા હતા, આ અકસ્માતમાં વિકાસભાઈને માથામાં ગંભીર ઈજાઓ પહોચતા તેમનું સ્થળ ઉપર કરૂણ મૃત્યુ નીપજ્યું હતું. હાલ તાલુકા પોલીસે ફરિયાદને આધારે આરોપી સામે બીએનએસ તથા એમવી એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વાંકાનેરના પીપળીયારાજ ગામે સર્પદંશથી ૧ વર્ષની બાળકીનું મોત

**અબતક, ઋષિ મહેતા**

વાંકાનેર તાલુકાના પીપળીયારાજ ગામે એક દુઃખદ બનાવ સામે આવ્યો છે, જેમાં ૦૧ વર્ષીય માસુમ બાળકીનું સર્પદંશથી મોત થયું છે.

જેમાં મૃતક આઈશાબેન મહમદફયાજ અબ્દુલભાઈ શેરસીયા ઉવ.૦૧ હાલ પોતાના નાનાના ઘરે પીપળીયારાજ ગામે હતા, ત્યારે ગઈકાલે તા.૨૫/૦૨ના રોજ બાળકી ઘરમાં રમતી હતી. રમતા રમતા તે સેટીપલંગ પર ચડી બારી પાસે હાથ રાખીને ઉભી હતી ત્યારે અચાનક ડાબા હાથમાં સાપે ડંખ માર્યો હતો. જેથી તેણીનું મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે બનાવ અંગે પોલીસે મૃતકની માતા પાસેથી પ્રાથમિક વિગતો મેળવી અ.મોત રજીસ્ટર કરી આગળની કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે.

# સોની વેપારીની હત્યાના પડઘા ઉપલેટામાં પડયા: વેપારીઓએ ધંધા-રોજગાર બંધ રાખ્યા

## ઉપલેટા મામલતદારને આવેદન આપી આરોપી સામે આકરી કાર્યવાહીની માંગ કરી




તસ્વીરઃ શહેઝાદ બાદશાહ

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

મોરબીમાં નજીવી બાબતે સોની યુવાન વેપારીની હત્યા થતા તેના પડઘા ગઈકાલે ઉપલેટામાં પડયા હતા. સોની વેપારીઓએ પોતાના ધંધા રોજગાર બંધ રાખી સ્થાનીક મામલતદારને આપી આરોપી સામે આકરી કાર્યવાહી કરવા માંગ ઉઠાવી છે.

બે દિવસ પૂર્વે મોરબી શહેરમાં ઓવરટેક કરવાની નજીવી બાબતે મોરબીના યુવાન સોની વેપારી જતીનભાઈ રસીકભાઈ આડેસરા ઉ.૩૩ની હત્યા કરવામાં આવી તેના પડઘા ગઈકાલે ઉપલેટા શહેરમાં પડયા હતા ઉપલેટા સોના ચાંદી એશો. દ્વારા ગઈકાલે મામલતદાર કચેરી વિશાળ સંખ્યામાં વેપારીઓ એકત્ર થઈ ઉપલેટા મામલતદાર નિખિલ મહેતાને આવેદન પત્ર આપ્યું હતુ. આ આવેદન પત્રમાં જે વ્યકિતએ સોની વેપારીની હત્યા કરી છે. તેને આકરી સજા થાય અને તેમના પરિવારને ન્યાય મળે તેમજ ભોગ બનનારને ઝડપી સહાય અને ન્યાય મળે તેવી આકરી કાર્યવાહી કરવા માંગણી કરી હતી આ તકે સોના ચાંદી એશો.ના પ્રમુખ દેવેનભાઈ ધોળકીયા, સુનિલભાઈ ધોળકીયા, સત્યેનભાઈ ચાવડા, કેયુરભાઈ ધધડા, આશિષભાઈ રાજપરા, મનોજભાઈ લલાડીયા, પરેશભાઈ રાજપરા સહિત બહોળી સંખ્યામાં સોની વેપારીઓ જોડાયા હતા.

# જિલ્લામાં કાયદો વ્યવસ્થાની કથળેલી પરિસ્થિતિ મુદે કોંગ્રેસનું કલેકટરને આવેદન

## સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલીંગ સઘન બનાવવા માંગ

**અબતક, ઋષી મહેતા**

મોરબી જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જીલ્લામાં વધતી ગુનાખોરી, દારૂ-જુગારની બદી અને પોલીસ પેટ્રોલિંગના અભાવ મુદ્દે કલેક્ટરને આવેદન પાઠવાયું છે. જીલ્લા પ્રમુખ કિશોરભાઈ ચીખલિયાની આગેવાનીમાં રજૂઆત કરી કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવવામાં આવી છે.

મોરબી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની કથળતી સ્થિતિ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. જીલ્લા પ્રમુખ કિશોરભાઈ ચીખલિયા સહિતની ટીમે કલેક્ટરને આવેદન આપી જણાવ્યું હતુ કે, છેલ્લા કેટલાક સમયથી મોરબી જીલ્લામાં ગુનાખોરીના બનાવોમાં નોંધપાત્ર વધારો થયો છે, જેના કારણે લોકોમાં ભય અને



અસુરક્ષાની ભાવના ફેલાઈ છે. શનાળા મેઈન રોડ જેવા જાહેર વિસ્તારોમાં થયેલી હત્યાની ઘટનાઓથી શહેરી વિસ્તારમાં દહેશતનો માહોલ છે. ઉપરાંત માળિયા અને આસપાસના વિસ્તારોમાં સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા અંદાજે રૂ.૧.૬૩ કરોડના વિદેશી દારૂની જપ્તીથી સ્થાનિક સ્તરે કાયદાનો અમલ નબળો પડ્યો હોવાનો આક્ષેપ કર્યો છે. બીજી તરફ ગ્રામ્ય વિસ્તારોમાં, ખાસ કરીને રોહિશાળા ગામમાં રાત્રિના ચોરીના બનાવોને કારણે ખેડૂતોમાં ભય ફેલાયો છે. કોંગ્રેસે દાવો કર્યો છે કે તાજેતરની હત્યાની ઘટના બાદ સતત રાત્રિ પેટ્રોલિંગ કરવાની માંગ છતાં પૂરતી કાર્યવાહી થતી નથી. સાથે જ નાના પ્રમાણમાં દારૂના કેસ નોંધાવી સંતોષ માનવામાં આવે છે, આ સાથે કોંગ્રેસ સમિતિએ માંગ કરી છે કે સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ પેટ્રોલિંગ સઘન બનાવવામાં આવે, ગુનેગારો સામે કડક કાર્યવાહી કરી કાયદાનો ડર બેસાડવામાં આવે અને દારૂ-જુગારના અડ્ડાઓ પર કાયમી રોક લગાવવામાં આવે. જીલ્લા કોંગ્રેસ સમિતિએ આશા વ્યક્ત કરી છે કે કલેક્ટર દ્વારા યોગ્ય તપાસ કરી પોલીસ તંત્રને જરૂરી કડક સૂચનાઓ આપવામાં આવશે જેથી મોરબી જીલ્લામાં ફરી શાંતિ અને સુરક્ષાનો માહોલ સ્થાપિત થઈ શકે.

# મહાપાલિકાની નાઈટ ડ્રાઈવમાં ૨૫ ઘરવિહોણાને આશ્રય અપાયો

**અબતક, ઋષી મહેતા**

મોરબી મહાનગરપાલિકાની યુ.સી.ડી. શાખા દ્વારા રાત્રિ દરમિયાન નાઈટ ડ્રાઈવ યોજી ફૂટપાથ પર રહેતા ૨૫ ઘરવિહોણા લોકોને મહારાણીશ્રી નંદકુંવરબા આશ્રયગૃહ ખાતે સ્થળાંતરીત કરવામાં આવ્યા હતા. આશ્રયગૃહમાં રહેવા-જમવાની નિઃશુલ્ક સુવિધા આપવામાં આવે છે.

મોરબી શહેરમાં રહેતા ઘરવિહોણા અને નિરાધાર લોકોને સુરક્ષિત આશ્રય મળે તે હેતુથી મોરબી મહાનગરપાલિકાની યુ.સી.ડી. શાખા દ્વારા નાઈટ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. રાત્રિના સમયે ફૂટપાથ પર સુતેલા લોકોને સ્થળ પર જઈ કાઉન્સેલિંગ કરી તેમને મહારાણી નંદકુંવરબા આશ્રયગૃહ ખાતે લાવવામાં આવ્યા હતા. આ આશ્રયગૃહમાં ઘરવિહોણા લોકોને



વિનામૂલ્યે રહેવા, જમવા સહિતની પ્રાથમિક સુવિધાઓ આપવામાં આવે છે. આશ્રયગૃહનું સંચાલન મોરબી મહાનગરપાલિકા દ્વારા નિમણૂક કરાયેલી શ્રી સિદ્ધિ ખાદી ગ્રામ ઉદ્યોગ કેળવણી સંસ્થા દ્વારા કરવામાં આવે છે. યુ.સી.ડી. શાખા તથા સંસ્થાના સ્ટાફે સંયુક્ત રીતે રાત્રિના સમયે વિવિધ વિસ્તારોમાં મુલાકાત લઈ ઘરવિહોણા લોકોને આશ્રયગૃહનો લાભ લેવા પ્રેરિત કર્યા હતા, જેથી ઠંડી અને અન્ય પરિસ્થિતિઓને કારણે તેમના આરોગ્ય પર કોઈ વિપરીત અસર ન પડે. આ ડ્રાઈવ દરમિયાન કુલ ૨૫ ઘરવિહોણા લોકોને તેમના પરિવાર સાથે આશ્રયગૃહમાં પહોંચાડવામાં આવ્યા હતા.

# પોતાની દીકરી સાથે અન્ય પાંચ કોડ ભરી કન્યાઓને પરણાવી દિનેશભાઈ બોરીચા બન્યા 'આદર્શ' પિતા

## સમાજના પરોપકારનો નવો રાહ કંડારવા લોરિયા પરિવારની આંગવી પહેલ

**અબતક, ઋષિ મહેતા**

મોરબીના લોહિયા પરિવારે સમાજના પરોપરકાર નો નવો રાહ બનાવી પોતાની દીકરી સાથે જરુરીયાત મંદ પરિવારની પાંચ કોડ ભરી કન્યાઓને પરણાવી એક આદર્શ પિતાનું ઉદાહરણ પુરુ પાડયું છે. મોરબીમાં આ વિચારને જીવંત ઉદાહરણ રૂપે દિનેશભાઈ ભીમજીભાઈ લોરિયાનું કાર્ય સમાજ માટે પ્રેરણાસ્રોત છે.

પોતાની લાડકી દીકરી દેવાંશીના પવિત્ર લગ્ન તેઓ ધામધૂમથી ઉજવી રહ્યા છે, સાથે સાથે સમાજ પ્રત્યેની પોતાની પવિત્ર ફરજ પણ નિભાવી રહ્યા છે. પોતાની ખુશીના પ્રસંગે ઉમા આદર્શ લગ્ન યોજનામાં પાંચ દીકરીઓના લગ્ન માટે દાતા બનીને તેમણે માત્ર સહાય નથી કરી, પરંતુ સમાજધર્મ અને સંસ્કારનું જીવંત ઉદાહરણ પૂરું પાડ્યું છે. જ્યાં એક તરફ પોતાની દીકરીના લગ્નની ખુશી છે, ત્યાં બીજી તરફ અજાણી દીકરીઓના જીવનમાં ખુશીના દીવા પ્રગટાવવાનો મહાન સંકલ્પ છે. આવો ઉદાર અને કરુણાભર્યો ભાવ સમાજના બંધારણને મજબૂત બનાવે છે.

અહીં જરૂરિયાતમંદને દયા નહીં, પરંતુ સન્માન મળે છે અને સમૃદ્ધને દાન નહીં, પરંતુ જવાબદારીની અનુભૂતિ થાય છે. અંતે, સમાજના બંધારણનો હેતુ માત્ર વ્યવસ્થા જાળવવાનો નથી, પરંતુ માનવીને માનવી તરીકે વિકસાવવાનો છે. સમૃદ્ધનો સહયોગ અને જરૂરિયાતમંદનો સન્માન આ જ સાચું સમાજબંધારણ છે.

# મનપાના નાયબ કમિશનરનું ક્લસ્ટર-૬ વિસ્તારોમાં નિરીક્ષણ

**અબતક, ઋષી મહેતા**

મોરબી મહાનગરપાલિકા દ્વારા નાયબ કમિશનર સંજયકુમાર સોનીના માર્ગદર્શન હેઠળ ક્લસ્ટર-૬ ના વિવિધ વિસ્તારોમાં સ્વચ્છતા અંગે નિયમિત નિકાલ અને સફાઈ કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

સાથે સાથે સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા વેપારીઓને દંડ પણ અપાયો હતો. વધુમાં, સોલિડ વેસ્ટ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ કંપોસ્ટીંગ ખાતરનો વૃક્ષારોપણના વાવેતર માટે ઉપયોગ કરવામાં આવશે.

મોરબી મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા ગઈકાલે તા.૨૪ ફેબ્રુઆરીના રોજ ક્લસ્ટર-૬ ના વિવિધ વિસ્તારોમાં સફાઈની કામગીરીનું નિરીક્ષણ નાયબ કમિશનર



સંજયકુમાર સોની દ્વારા કરવામાં આવ્યું હતું. આ વિસ્તારમાં ગઢની રાંગ, રામઘાટ, મહિલા પોલીસ સ્ટેશન, લીલાપર મેઈનરોડ અને વજેપર જેવા વિસ્તારોમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનના પોઈન્ટ ઉપર પણ વિઝિટ કરવામાં આવી હતી. ત્યારે નાયબ કમિશનરે સ્ટાફને નિયત સમયે ગાર્બેજ કલેકશન અને યોગ્ય નિકાલની સૂચના આપીને શહેરમાં સ્વચ્છતા જાળવવા માટે સુચનો આપ્યા હતા. આ ઉપરાંત, સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગને રોકવા માટે નગર દરવાજા અને શાક માર્કેટ વિસ્તારમાં ૧૨ જેટલા વેપારીઓને પાસેથી રૂ.૯,૦૦૦/-નો દંડ વસૂલવામાં આવ્યો હતો.

## પીઠડીયા ટોલનાકા નજીક સ્ટેટ મોનીટરીંગ સેલ ત્રાટકી

# પાયલોટીંગ સાથે જતો ૫૦૦ પેટી દારૂ ભરેલો ટ્રક ઝડપાયો : પાંચ શખ્સોની ધરપકડ

### મોડી રાતે અમદાવાદ તરફથી આવતો દારૂ ભરેલ ટ્રક જૂનાગઢ પંથકમાં પહોંચે તે પહેલાં જ એસએમસીની ટીમે દરોડો પાડ્યો : રાજકોટ ગ્રામ્ય પોલીસ ઊંઘતી ઝડપાઈ

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં ફરી એકવાર સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે દરોડો પાડતા સ્થાનિક પોલિસની સજાગતા પર સવાલો ઉભા થયાં છે. જેતપુર નજીક પીઠડીયા ટોલનાકા પાસે એસએમસી ટીમે દરોડો પાડી પાયલોટીંગ સાથે જતો ૫૦૦ પેટી ભરેલો દારૂ ઝડપી આશરે ૮૬ લાખના મુદ્દામાલ સાથે પાંચ શખ્સોની ધરપકડ કરી હતી. હાલમાં જ રાજકોટ શહેરના માર્કેટિંગ યાર્ડમાંથી દારૂ ભરેલ ટ્રક પકડાયાના થોડા દિવસો બાદ જ ફરીવાર ડીજીપી સ્કવોડએ વિરપુર પોલિસની હદમાં દરોડો પાડતા સ્થાનિક પોલીસમાં દોડધામ મચી ગઈ હતી.

દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર એસએમસી ડીઆઈજી નિરલિપ્ત રાય અને એસપી મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ અલગ અલગ ટીમો રાજ્યભરમાં દારૂ-જુગાર અને એનડીપીએસની બદી નેસ્ત નાબૂદ કરવા કાર્યવાહી કરી રહી છે. ત્યારે ગઈ મોડી રાતે એસએમસીની એક ટીમને મળેલ ચોક્કસ બાતમીના આધારે અમદાવાદ તરફથી એક દારૂ ભરેલ ટ્રક જેતપુર તરફ જઈ રહ્યો છે તેવી મળેલ બાતમીના આધારે ટીમ પીઠડીયા ટોલનાકા પાસે વોચમાં હતી ત્યારે બાતમી વાળો દારૂ ભરેલ ટ્રક ત્યાંથી પસાર થતાં તેને અટકાવી તપાસ કરતાં અધિકારીઓ પણ ચોંકી ગયાં હતાં.

એસએમસીની ટીમે હાલ અંદાજે ૫૦૦ પેટી દારૂ પકડી પાડવામાં આવ્યો હોવાની માહિતી મળે છે. જેની કિંમત રૂ.૫૧ લાખ હોવાનું પોલીસ સૂત્રો જણાવી રહ્યા છે. પોલીસે કુલ દારૂ અને વાહનો મળી રૂ.૮૬ લાખથી વધુનો મુદામાલ કબ્જે કરી પાંચ શખ્સોની ધરપકડ પણ કરી છે. ઉલ્લેખનીય છે કે, અમદાવાદ તરફથી પાયલોટીંગ સાથે દારૂ ભરેલો ટ્રક જૂનાગઢ પંથકમાં લઈ જવાતો હતો પણ દારૂનો જથ્થો રિસીવ થાય તે પૂર્વે જ એસએમસી ટીમ ત્રાટકી હતી.

હાલ એસએમસીની ટીમે તમામ આરોપીની પૂછતાછ આદરી છે અને વિરપુર પોલીસ મથકમાં ગુનો નોંધવા તજવીજ પણ આદરી છે. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો પહેલા જ રાજકોટ શહેરના માર્કેટિંગ યાર્ડમાં ઘઉંના બાચકાની આડમાં દારૂ ભરેલ ટ્રક એસએમસીની ટીમે પકડી પાડી બે શખ્સોની ધરપકડ પણ કરી હતી. ત્યારે ફરીવાર એસએમસીની ટીમ રાજકોટના ગ્રામ્ય વિસ્તારમાં ત્રાટકતા સ્થાનિક પોલીસમાં દોડધામ મચી ગઈ હતી.

### કુલ રૂ.૮૬ લાખથી વધુનો મુદામાલ જપ્ત, ગુનો દાખલ કરવાની તજવીજ: સપ્લાયર-રિસીવરનું નામ ખોલાવવા તજવીજ

# અરવલ્લી જિલ્લા પોલિસ વડા મનોહરસિંહ જાડેજાનો જન્મદિવસ



અરવલ્લી જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજાનો આજે તારીખ ૨૬ ફેબ્રુઆરીના રોજ જન્મદિવસ છે. વધુ વિગત મુજબ ધ્રોલ તાલુકાના જાબીડા ગામના વતની મનોહરસિંહ જાડેજા એમએસસી કેમેસ્ટ્રી સુધી અભ્યાસ પૂર્ણ કર્યા બાદ જીપીએસસીમાં પ્રથમ ક્રમે આવેલા ડીવાયએસપી તરીકે પોલીસ ખાતામાં ભરતી થયા હતા બાદ નર્મદા, બનાસકાંઠા, અને અમદાવાદ ગ્રામ્યના ધોળકા ખાતે ડીવાયએસપી તરીકે સુંદર કામગીરી બજાવી હતી. બાદ બઢતી સાથે રાજકોટ સિટીમાં ડીસીપી તરીકે પોસ્ટિંગ આપવામાં આવ્યું હતું.

રાજકોટ શહેરમાં કાર્યકાળ દરમિયાન કુનેહથી કાયદો અને વ્યવસ્થા જાળવી સુંદર કામગીરી બજાવી હતી. ત્યારબાદ ગીર સોમનાથ જિલ્લા પોલીસવડા તરીકે બદલી થઈ હતી ગીર સોમનાથ જિલ્લામાં ૩૫૦ કરોડથી વધુનું ડ્રગ્સ ઝડપી લીધું હતું. રાજ્યના પોલીસ વડા સોમનાથ ખાતે દોડી આવી એસપી મનોહરસિંહને પ્રશંસાપત્ર આપી સન્માન કરતા પોલીસને ગૌરવ અપાવ્યું હતું. તેમજ કોડીનારના જત્રાખડી ગામે માસુમ બાળકી રેપ વિથ મર્ડર કેસનો ભેદ ઉકેલી આરોપીને ઝડપી પાડી ફક્ત ૨૫ દિવસમાં ચાર્જસીટ કરી આરોપીને ફાંસીની સજા અપાવી પીડિત પરિવારને ન્યાય અપાવ્યો હતો. આ ઉપરાંત તાલાલા તાલુકામાં અંધશ્રદ્ધાને કારણે બાળકીની હત્યા કેસમાં આરોપીને જેલના સળિયા પાછળ ધકેલ્યો હતા, સુત્રાપાડા પંથકમાં બોગસ નિમણુકથી લોકોને ફસાવતી ટોળકીને ઝડપી લીધા હતા અને મોરેશિયસમાં ફસાયેલા પુવકને છોડાવવામાં સફળતા મળી હતી. ગીરસોમનાથ જિલ્લાના પોલીસ મથકોનો નવીનીકરણ કરી સિંહ ફાળો રહ્યો છે. પોલીસ જવાનો માટે રમત રમત અને સારી કામગીરી કરનાર પોલીસ સ્ટાફનું સન્માન કરવામાં આવે છે. સ્ટાફની સુવિધાઓ અને માંદગીના સમયે સહાય માટે હંમેશા તત્પર રહે છે. માનવ સંવેદના શીલતાના એક કિસ્સાઓ દાખવ્યા છે. કોડીનાર માં ભિક્ષાવૃત્તિ કરતા બાળકોને શોધી વિરાટનગર શાળામાં અભ્યાસ માટે પ્રવેશ અપાવ્યો હતો. આજે મનોહરસિંહ જાડેજાના જન્મદિવસે સગા સંબંધી, મિત્ર વર્તુળ અને પોલીસ સ્ટાફ દ્વારા અભિનંદનની શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે

# ગોંડલ: જીગીશા પટેલ પર હુમલામાં ચાર મહિલા સહિત નવ સામે ફરિયાદ

### સરગમ સોસાયટીમાં પ્રાથમિક સુવિધાના મામલે આપના મહિલા નેતા ને મારમારી કારમાં તોડફોડ કરી તી

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ શહેરના ભગવતપર વિસ્તારમાં આવેલી સરગમ સોસાયટીની પ્રાથમિક સુવિધાના મામલે ગયેલા આપના પ્રદેશ નેતા જીગીશા પટેલ પર સોમવારે થયેલા હુમલા અને કારમાં તોડફોડ પ્રકરણ ચાર મહિલા સહિત નવ શખ્સો સામે અંતે સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસ તપાસનો ધમધમાટ આદર્યો છે.

પોલીસ પ્રાપ્ત વિગત મુજબ ગોંડલ શહેરના ભોજરાજપરા વિસ્તારમાં રહેતા અને આપના જોઈન્ટ સેક્રેટરી જીગીશાબેન શામજી પોકર નામની મહિલાએ આશાપુરા ચોકડી પાસે રહેતા ક્રિશ્નાબેન રાવલ, તિરૂપતિ સોસાયટીમાં રહેતા દ્રષ્ટીબેન રાઠોડ, મનીષાબેન, ફેમીતબેન, તેનો પુત્ર મુન્નો અને સબ્બીર, લાલ ટોપી વાળો છોકરો અને એક અજાણ્યી મહિલા સહિતે મારમારી અને કારમાં તોડફોડ કર્યા અંગેની સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ભગવતપરા વિસ્તારમાં આવેલી સરગમ સોસાયટીમાં રોડ રસ્તા, પાણી અને કચરાના પ્રશ્ને મળેલી ફરિયાદ બાદ આપના જીગીશા પટેલ કાર્યકરો સાથે કારમાં દોડી ગયા હતા. ત્યારે ઉપરોકત ચાર આરોપી દ્વારા પોતાના વિસ્તારના પ્રશ્નોની રજૂઆત કરી જીગીશા પટેલ સાથે બોલાચાલી કરતા જીગીશાબેન તેમના કાર્યકરો સાથે કારમાં બેસી ગયા હતા. તેઓને પોતાના પ્રશ્ને કારમાં બેસી ગયા હતા. તેઓને પોતાના પ્રશ્ને નગરપાલીકા ખાતે આવવાનું કહેતા તે દરમિયાન ક્રિશ્નાબેન અને દ્રષ્ટીબેનએ પથ્થર લેતા સ્થાનિક મહિલા વચ્ચે પડેલા હતા. ત્યારે મામલો બિચકયો અને જીગીશાને મારમારી કારમાં તોડફોડ કરી હતી. ઘવાયેલા જીગીશાબેનને સ્થાનિક કક્ષાએ પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે રાજકોટની ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પોલીસે જીગીશાપટેલની ફરિયાદ પરથી ચાર મહિલા સહિત નવ શખ્સો સામે ગુનો નોંધુ વધુ તપાસ પીએસઆઈ એસ.આર. પંડયા સહિતના સ્ટાફ ચલાવી રહ્યા છે.

# મોરબીના ખાનપર ગામે પરિણીતાનો પિયરમાં એસિડ પી આપઘાત

### માનસિક બીમારીથી કંટાળી ચોટીલાના પીપળીયાની પરિણીતાએ પિયરમાં ભર્યુ અંતિમ પગલું

**અબતક રાજકોટ**

મોરબી જિલ્લાના ખાનપર ગામમાં ગઈકાલે હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં પિયર આવેલી ૩૦ વર્ષીય પરણીતાએ માનસિક બીમારીથી કંટાળી એસિડ ગટગટાવી લેતા તેનું મોત નીપજ્યું છે. આ બનાવને પગલે પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.પ્રાપ્ત વિગતો અનુસાર,

ચોટીલા તાલુકાના પીપળીયા ગામે રહેતા મનિષાબેન અશ્વિનભાઈ સાકરીયા (ઉં.વ. ૩૦) ગઈકાલે મોરબીના ખાનપર ગામે પોતાના પિતા રાઘવભાઈ હૂકાભાઈ સરવૈયાના ઘરે આવ્યા હતા. મનિષાબેન છેલ્લા કેટલાક સમયથી માનસિક બીમારીથી પીડાતા હોવાનું જાણવા મળ્યું છે અને તેની દવા લેવા માટે તેઓ પિયર આવ્યા હતા. ગઈકાલે પિયરમાં હતા ત્યારે અચાનક તેમણે એસિડ પી લેતા તબિયત લથડી હતી. પરિવારે તેમને તાત્કાલિક બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક મનિષાબેનને સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે,

જેમણે માતાની છત્રછાયા ગુમાવી છે. મનિષાબેન બે ભાઈ અને એક બહેનમાં સૌથી નાના હતા. બનાવની જાણ થતા જ સ્થાનિક પોલીસે હોસ્પિટલ પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. હાલ પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. યુવાન વયે પરણીતાના આપઘાતથી ખાનપર અને પીપળીયા બંને ગામમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

# થાનમાં જય અંબે સોસાયટીમાં યુવાને કર્યો આપઘાતનો પ્રયાસ

### યુવાને અગમ્ય કારણોસર ગળેફાંસો ખાધો

**અબતક રાજકોટ**

થાનમાં આવેલી જય અંબે સોસાયટીમાં ગઈકાલે યુવાને અગમ્ય કારણોસર પોતાના ઘરે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવવાનો પ્રયાસ કરતા ચકચાર મચી ગઈ છે. ગંભીર હાલતમાં યુવાનને સારવાર અર્થે તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ , થાનની જય અંબે સોસાયટીમાં રહેતા અને મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા રાહુલભાઈ ઘનશ્યામભાઈ વલાણીયા (ઉં.વ. ૨૬, જાતે કોળી) ગઈકાલે જ્યારે ઘરે એકલા હતા ત્યારે કોઈ અગમ્ય કારણોસર દોરી વડે ગળેફાંસો ખાઈ લીધો હતો. થોડીવાર બાદ જ્યારે પરિવારના સભ્યો ઘરે પરત ફર્યા ત્યારે રાહુલભાઈને બેભાન હાલતમાં લટકતા જોઈ ચોંકી ઉઠ્યા હતા. પરિવારે તાત્કાલિક તેમને નીચે ઉતારી સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં તેમની હાલત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે રાહુલભાઈ બે ભાઈ અને એક બહેનમાં વચેટ છે અને તેમને સંતાનમાં એક દીકરી છે. કયા કારણોસર તેમણે આ પગલું ભર્યું તે હજુ જાણી શકાયું નથી. આ મામલે સ્થાનિક પોલીસે નોંધ કરી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# થાન પાસે હીટ એન્ડ રન:ઈકોની ઠોકરે ચોટીલાના શ્રમિકનું મોત

### મજૂરીકામ કરી પરત ફરતી વખતે સર્જાયો અકસ્માત

**અબતક રાજકોટ**

થાન અને વાવડી ગામના પાટીયા વચ્ચે ગઈકાલે સાંજે હીટ એન્ડ રનની ઘટના બની હતી. મજૂરીકામ પતાવી મોટરસાયકલ પર ઘરે પરત ફરી રહેલા ૨૫ વર્ષીય શ્રમિક યુવાનને પૂરપાટ ઝડપે આવતી ઈકો કારે અડફેટે લેતા તેનું મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે મૃતક શ્રમિકના પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ચોટીલામાં રહેતા રવિભાઈ દેસાભાઈ મેણીયા (ઉં.વ. ૨૫) ગઈકાલે પોતાનું મજૂરી કામ પૂર્ણ કરી મોટરસાયકલ પર સવાર થઈ ઘરે પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન થાન અને વાવડી ગામના પાટીયા પાસે રોડ પરથી પસાર થતી વખતે ઈકો કારે તેમને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે રવિભાઈને માથાના તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનિકો દ્વારા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવતા તેમને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, રવિભાઈ મજૂરી કામ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમના પરિવારમાં પત્ની અને સંતાનમાં એક નાનો દીકરો છે, જેણે પિતાની છત્રછાયા ગુમાવી છે. રવિભાઈ એક ભાઈ અને બે બહેનોમાં સૌથી નાના હતા. યુવાન પુત્રના મોતના સમાચાર મળતા જ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પોલીસે આ મામલે ગુનો નોંધી અકસ્માત સર્જનાર કાર ચાલક વિરુદ્ધ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઉપલેટાના ખીરસરામાં પોપટભાઈ વાઘેલાના ઘરમાંથી રૂ. ૨.૦૮ લાખની ચોરી

### ખેડૂતે મગફળી-તુવેરદાળ સહિતની ખેદપેદાશ વેંચી રોકડ કોઠીમાં રાખી'તી : પરિવાર કામ પર જતાં તસ્કરો ત્રાટક્યાં

### એએસપી સિમરન ભારદ્વાજ સહિતના અધિકારીઓ દોડી ગયા : ભાયાવદર પોલિસ દ્વારા તપાસનો ધમધમાટ

**અબતક, રાજકોટ**

ઉપલેટાના ખીરસરામાં રહેતા પોપટભાઈ વાઘેલાના ઘરમાં તસ્કરો ત્રાટકયા હતાં. ખેડૂતે જણસ વેંચી રાખેલા રૂ.૨.૦૮ લાખની ચોરી કરી નાસી છૂટતાં પોલીસે તપાસનો ધમધમાટ આદર્યો હતો.

બનાવ અંગે ઉપલેટાના ખીરસરામાં પડવલા રોડ પર રહેતાં પોપટભાઈ પથુભાઈ વાઘેલા (ઉ.વ.૫૦) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ પત્ની મંજુ અને સંતાન બે દીકરા તથા ત્રણ દીકરીઓ સાથે રહે છે. જેમાં મોટી દિકરી હંસા અને નાનો દિકરો સાગર ભાંખ ગામ પાસે આવેલ સોલારમાં કામ કરે છે અને ત્યાજ રહે છે. તેઓ ખીરસરા ગામના રસીકભાઈ પટેલની ખેતીની ૨૦ વિઘા જમીન એક વર્ષ માટે વાવવા રાખેલ છે. ચાલુ વર્ષમાં મગફળી ૧૦ ખાંડી તથા ૮૦ મણ તુવેરદાળ થયેલ તે વેચેલ જેમાં મગફળીના રૂ. ૨.૩૦ લાખ આવેલ તથા તુવેરના રૂ.૧.૧૫ લાખ આવેલ હતા. જેમાથી મજુરી ચુકવેલ અને તેઓની પાસે રૂ.૨.૦૮ લાખ વધેલ હતા. તે મકાને રૂમમાં લોખંડની એક પેટી(કોઠી)માં પૈસા રાખેલ હતા.

ગઈ તા. ૨૪ ના રાત્રિના દશેક વાગ્યે તેઓને વહેલી સવારના રસીકભાઈ પટેલના ખેતરમાં ઘઉંમાં પાણી વાળવાનું હોઈ જેથી વાડીએ જઈને સુઈ ગયેલ હતો. ગઈકાલે સવારના છ વાગ્યાથી બપોરના બે વાગ્યા સુધી વાડીએ પાણી વાળેલ બાદ બપોરે અઢી વાગ્યે ઘરે આવેલ હતો. ત્યારે ઘરના મેઈન દરવાજાની જારીનું તાળુ તથા મકાનના રૂમનું તાળુ તુટેલ હતુ. જેથી રૂમમાં જઈને જોયેલ તો લોખંડની પેટી (કોઠી)નો આગળીયો પણ તૂટેલ હતો. તેઓએ કાળો થેલામાં પૈસા રાખેલ હતા તે થેલો રૂમમાં પલંગ ઉપર પડેલ અને તે થેલામાં રૂ.૨.૦૮ લાખ ભરેલ થેલી હતી તે જોવામાં આવેલ નહિ.

જેથી પેટીમાં બીજો સામાન જેત તે સ્થીતીમાં અંદર હતો તેમજ ચાંદીને સાંકળતા તથા સોનાની મુરકલી જે પેટીમાં જે તે સ્થીતીમાં હતી. જેથી તેઓએ સાળા દીનેશભાઈને કહેલ કે, તારી બહેનને બોલાવ ઘરે ચોરી થયેલ છે, જેથી દીનેશે પત્ની મંજુને બોલાવેલ અને દીકરી નીતા બકરા ચરાવવા ગયેલ હતી તે આવેલ પણ હતી. ત્યારે દીકરી નીતાએ કહેલ કે, મારા મમી સવારના સાતેક વાગ્યે ગામમાં મજુરીએ ગયેલ હતા તેમજ હુ સવારના દશેક વાગ્યે ઘરે તાળુ મારીને બકરા ચરાવવા માટે ગયેલ હતી. જેથી તેઓના ઘરેથી રૂ.૨.૦૮ લાખની રોકડની ચોરી થતાં ફરીયાદ નોંધાવી હતી.બનાવ અંગેની ફરીયાદ પરથી ભાયાવદર પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. બનાવની જાણ થતાં એએસપી સીમરન ભારદ્વાજ તુરંત દોડી ગયાં હતાં અને તસ્કરોને પકડવા માટે સ્ટાફને સૂચના આપી હતી.

# ધ્રાંગધ્રાના જીવા ગામે જીવંત મહિલાને મૃત દર્શાવી મિલકત પચાવી પાડવાનો કારસો ખુલ્લો પડ્યો

### ખેતી જમીનમાં વારસાઈ પાડી કૌભાંડ આચરવામાં બે સામે ફરિયાદ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રા જીવા ગામે આવેલી વડીલો પ્રાજી જમીનને હડપ કરવા માટે બે શખ્સો દ્વારા કારસો રચી જીવીત મહિલાને મૃત દેખાડી તેનું મૃત સર્ટિફિકેટ બનાવી અનેરએન્ટ્રીમાં નોંધ પડાવી મહિલાની જમીન પોતાના નામે કરાવવાનું કાર્ય કરતાં મહિલાને ધ્યાનમાં આવતા બંને શખ્સો સામે ફરિયાદ નોંધાવતા ચકચાર મચી ગયો છે.

ધાંગધ્રાના જીવા ગામે આવેલી સરવે નંબર ૯૨૯ અને ખાતા નંબર ૯૦૯ વાળી જમીન માં ખોટી નોંધ પડાવી હોવાનું બહાર આવતા આમ આ જમીનના વડીલો પારાજી જમીન હોવાથી તેના વારસદાર તરીકે નીતાબા નવલસિંહ રાણા આવતા હોય ત્યારે આ જમીનમાં ફરિયાદી નીતાબા નવલસિંહ રાણાને આરોપી મહેન્દ્રસિંહ બહાદુરસિંહ જાડેજા અને રામદેવસિહ દ્વારા મહિલાને મૃત દેખાડી અને જીવા ગ્રામ પંચાયતમાંથી મૃત સર્ટીફીકેટ લઈ અને તેની વારસાઈ નોંધ કરી અને ખોટી નોંધ પાડી ગુનો કર્યાનું બહાર આવતા મહિલા દ્વારા તપાસ કરતા પોતે જીવિત હોય અને મૃત દેખાડી હોવાનું જણાતા ચોકી ઉઠ્યા હતા આ અંગે મહિલા દ્વારા ધાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનમાં આરોપી મહેન્દ્રસિંહ બાહાદુરસિહ જાડેજા અને રામદેવસિહ સામે, છેતરપિંડી કરી પોતે જીવત હોય મૃત જાહેર કરીને ખોટી નોંધ પાડવી કાવતરૂ કરી બન્ને સામે ગુનો નોંધાવતા ધ્રાંગધ્રા તાલુકા પોલીસે ગુનો નોંધી આ અંગે વધુ તપાસ ઈન્ચાર્જ પીઆઇ નરેન્દ્રસિંહ ચુડાસમા કરી રહ્યા છે.

# ધ્રાંગધ્રા: સગીરાને ગર્ભવતી બનાવનાર આરોપીને ૨૦ વર્ષની સજા

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રામાં વાડીમાં દુષ્કર્મના કેસમા આરોપીને સાહેદની જુબાની દસ્તાવેજીક પુરાવા અને સરકારી વકીલની દલીલને ધ્યાનમા લઈને વીસ વર્ષની સજા અને દસ હજારનો દંડ ફટકારવામાં આવેલ આરોપીને જેલ હવાલે કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો.

ધ્રાંગધ્રાની સીમમાં ૧૯ માર્ચ ૨૦૧૯મા ના ભોગ બનનારને આરોપી ગોપાલભાઈ તડવી વાડીમાં લઈ જઈને એકલતાનો લાભ લઈને દુષ્કર્મ આચરેલ ગર્ભવતી બનાવેલ ધ્રાંગધ્રા તાલુકા પોલીસમાં ફરીયાદ નોધવામાં આવી હતી ત્યારે પોલીસે આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કરવામાં આવ્યા હતા. જેનો કેસ ધ્રાંગધ્રા એડીસનલ સેસન્સ કોર્ટમાં ચાલતાં ફરીયાદીની જુબાની તપાસ અધીકારી દ્વારા રજુ કરવામાં આવેલ એફઆરઆઈની નકલ તપાસના કાગળો અને તપાસ અધીકારીની અને ડોક્ટરની જુબાની દસ્તાવેજીક પુરાવા અને સાહેદાની દલીલો અને સરકારી વકીલ વી એચ ભટ્ટ અને પી બી મકવાણાની દલીલ અને જુદાં જુદાં કેસના રજુ કરેલ ચુકાદાઓ ને ધ્યાન મા લઈને ધ્રાંગધ્રા એડીસનલ સેસન્સ કોર્ટ ના જજ એમ પી ચૌધરી એ આરોપી ગોપાલભાઈ તડવી ને વીસ વર્ષની સજા દસ હજારનો દંડ ફટકારવામાં આવ્યો દંડની રકમ ન ભરે તો વધુ એકમાસની સજાનો હુકમ કરી આરોપીને જેલ હવાલે કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો.

# કુખ્યાત પાયલ બુટાણી ફરી બેફામ બની ફરિયાદીના ઘરે ધસી જઈ બીજીવાર માર માર્યો

### જેતપુરના અમરનગર રોડની ઘટના : ચોરીનો આળ મૂકી હુમલો કરતા મહિલાએ ફરિયાદ નોંધાવી'તી : ગુનો નોંધાવ્યાનો ખાર રાખી ફરીવાર ફટકારી

**અબતક, રાજકોટ**

જેતપુરમાં કુખ્યાત પાયલ બૂટાણી ફરી બેફામ બની છે. સફાઈ કામ કરવા આવતી મહિલા પર ચોરીનો આળ મૂકી દંપતીને માર માર્યા બાદ ગુનો દાખલ થતાં ફરીવાર ફરિયાદીના ઘરે ધસી જઈ હુમલો કર્યો હતો. જેથી પાયલ બૂટાણી અને પાયલ ડાભી વિરુદ્ધજેતપુર સીટી પોલીસે બીજો ગુનો દાખલ કરી તપાસ આદરી હતી.

બનાવ અંગે જેતપુરના અમરનગર રોડ પર આકાશ રેસીડેન્સીમાં રહેતાં હીનાબેન પ્રવીણભાઈ જેઠવા (ઉ.વ.૩૬) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે કુખ્યાત પાયલ બૂટાણી અને પાયલ ડાભીનું નામ આપી જણાવ્યું હતું કે, તેણીને સંતાનમા ત્રણ દીકરીઓ છે.

ગઈકાલે સાંજના સમયે તેઓ ઘરે દીકરીને રમાડતી હતી ત્યારે પાયલ ભાવેશ બુટાણી તથા પાડોશમા રહેતી પાયલ ડાભી ઘરે આવેલ અને કહેવા લાગેલ કે, તે કેમ અમારા વિરૂધ્ધમા પોલીસ ફરીયાદ કરેલ છે, જેથી તેમને કહેલ કે, તમે કાલે મારી તથા મારા પતિ સાથે મારામારી કરેલ અને મને હાથમા ઈજા કરેલ છે, જેથી મે તમારી સામે જેતપુર સીટી પોલીસ સ્ટેશનમા ફરીયાદ કરેલ છે, તેમ કહેતા પાયલ બુટાણી અને પાયલ ડાભી ઉશ્કેરાય ગયેલ અને માર મારી કહેવા લાગેલ કે, જો તે ફરીવાર અમારા વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરી તો તને જાનથી મારી નાખશું તેમ કહી ધમકી આપવા લાગેલ અને બંનેએ શરીરે ઢીકા પાટુનો મુંઢ માર મારેલ હતો. તેણીના સાસુ મનહરબાએ વધુ મારમાથી છોડાવેલ અને આ બંને ઘરેથી જતી રહેલ અને ફ્લેટની નીચે પાર્કિંગમા તથા શેરીમા જાહેરમાં ગાળો આપી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી જેતપુર પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

ઉલ્લેખનીય છે કે, જેતપુરની કુખ્યાત પાયલ બુટાણીએ લખણ ઝળકાવી તેમના મકાને સફાઈ કરવા આવતી મહિલા પર ચોરીનો આળ મૂકી તેને માર માર્યો હતો. બાદમાં ફરીવાર ઘરે ધસી જઈ મહિલા અને તેના પતિ પર હુમલો કરતા પાયલ બુટાણી, તેની માતા સહીત ત્રણ વિરુદ્ધ ગઈકાલે ગુનો નોંધાયો હતો, જેનો ખાર રાખી ફરીવાર મારામારી કરી હતી.

# જૂનાગઢમાં જાહેરમાં જુગાર રમતા સાત શખ્સો પકડાયા

**અબતક, દર્શન જોષી,જુનાગઢ**

જુનાગઢ એ ડિવિઝન પોલીસે શહેરમાં જુગાર અંગે દરોડો પાડી, જાહેરમાં જુગાર રમતા ૭ ઈસમોને પકડી પાડી, રોકડા રૂ. ૧૬,૪૯૦ તથા જુગારના સાહિત્ય સહિતની મુદામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જુનાગઢ એ ડિવિઝન પોલીસે શહેરના ફરઝાના હોલ નજીક ખાપરા કોઢીયાની ગુફાની સામે જુગાર અંગે દરોડો પાડી, જાહેરમાં જુગાર રમતા સોયબ અલીભાઈ શેખ, સનીભાઈ ભીમાભાઈ સોલંકી, રજાકભાઈ બોદુભાઈ સમા, લલીતભાઈ બાબુભાઈ ચુનારા, રવીભાઈ રાજુભાઈ સોલંકી, આશીફભાઈ દાદાભાઈ ઠેબા તથા દાઉદખા હબીબખા પઠાણને પકડી પાડી, પટ માંથી રોકડા રૂ. ૧૬,૪૯૦ તથા જુગારના સાહિત્ય સહિતની મુદામાલ કબજે કરી તમામ આરોપીઓ સામે જુગાર ધારા કલમ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# જામનગર: તારે આ સ્ત્રી સાથે શું લેવા દેવા છે? તેમ કહી જમાઈ પર સાસરિયાઓએ માર માર્યો

## રિસામણે બેઠેલી પત્ની, સસરા અને સાળા સહિતનાઓએ યુવાન અને તેના માતા પિતા ઉપર હુમલો કર્યો

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગરના ધરારનગર આવાસમાં રહેતા રીક્ષાચાલક યુવાન અને તેના માતા-પિતા ઉપર હુમલા મામલે રિસામણે બેઠેલી યુવાનની પત્ની અને તેના પરિવારના ચાર સભ્યો સામે પોલીસ ફરિયાદ નોંધાય છે. સસરાને પાડોશી મહિલા સાથે માથાકૂટ ન કરવાનું કહેતા તારે આ સ્ત્રી સાથે શું લેવા દેવા છે? તેમ કહી આરોપીઓ તૂટી પડ્યા હતા.

શહેરના ધરારનગર ૨ માં રહેતા યુસુફભાઈ સુમરાએ તેમના વેવાઈ તૈયબભાઈ સુમરા, વેવાઈના પુત્ર અલ્તાફ, અલ્તાફની પત્ની સાયરાબેન અને સાઝમીનાબેન સામે ફરિયાદ નોંધાવી જણાવ્યું કે તા.૨૪ ફેબ્રુઆરીના સાંજે ફરિયાદીનો પુત્ર ઈસ્તિયાઝ યુસુફભાઈ સુમરા તેના સસરા તૈયબભાઈ જ્યાં રહે છે ત્યાં પાડોશમાં રીક્ષા પાર્ક કરવા ગયા હતા. ત્યારે સસરા તૈયબભાઈ સુમરા અને પાડોશી નિશાબેનને બંનેનો ઝઘડો ચાલતો હોવાથી ઈમ્તિયાઝે તેના સસરા તૈયબભાઈને ઝઘડો ન કરવા જણાવ્યું હતું. આ વેળાએ ઈસ્તિયાઝનો સાળો અલ્તાફભાઈ તથા રિસામણે રહેલી ઈસ્તિયાઝની પત્ની સાજમીનબેન અને સાયરાબેન અલતાબભાઈ સુમરા શેરીમાં ભેગા થઈ ગયા હતા અને નિશાબેન સાથે તારે શું લેવા દેવા છે? તેમ કહીને અલ્તાફભાઈ અને સાજમીનબેને ઈમ્તિયાઝ ઉપર હુમલો કરી દીધો હતો. રીક્ષાચાલક ઈસ્તિયાઝના પિતા વચ્ચે પડતા વેવાઈ તૈયબભાઈ અને તેના કુટુંબના સભ્યોએ બને પિતા-પુત્ર ઉપર લોખંડના પાઈપ વડે હુમલો કર્યો હતો. વધુમાં પત્ની હસીનાબેન પર હુમલો કર્યો હતો.

હુમલા અંગેના અન્ય એક કેસમાં ટીડોડીવાડીમાં રહેતા સમીર અજીજભાઈ સમા નામના વેપારીએ કાદર મુલ્લા અને અબ્દુલ સામે ફરિયાદ નોંધાવી જણાવ્યું કે પોતાને આરોપીઓ સાથે રેકડી રાખવા બાબતે ઝઘડો થયો હતો. જે બાબતે સમજાવવા જતા કાદરે કહ્યું કે બહુ પાવર છે એ કાઢી નાખજે. બાદમાં લોખંડનો પાઈપ લઈને તૂટી પડ્યો હતો. કાદરભાઈએ જાનથી મારી નાખવાની ધમકી આપતા બંને આરોપીઓ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

# બેડ ટોલનાકા નજીક કાર અને ખાનગી બસ વચ્ચે અકસ્માત

## કારમાં સવાર યુવતિ સહિતના ચાર વ્યક્તિને નાની મોટી ઈજા

**અબતક સાગર સંઘાણી, જામનગર**

જામનગર-ખંભાળિયા માર્ગ પર આવેલા બેડ ટોલનાકા નજીક કાર અને ખાનગી લક્ઝરી બસ વચ્ચે અકસ્માત થયો હતો. બસની ઠોકરે કારમાં સવાર એક યુવતિ સહિતના ચાર વ્યકિતને ઈજા પહોંચી છે.

જૂનાગઢ શહેરમાં રહેતા મહેશકુમાર નાથાલાલ વાઘેલા (ઉ.વ.૫૯) પોતાની કાર લઈને જામનગરમાં આવ્યા બાદ જયેશભાઈ શાંતીભાઈ પરમાર તથા તેમના દિકરી માનશીબેન પરમાર, જયેશભાઈના સાળા પંકજભાઈ સોઢા સહિતના કારમાં સવાર થઈ જામનગર ખંભાળિયા ધોરી માર્ગ પર બેડ પાસેથી પસાર થઈ રહ્યા હતા. આ વેળાએ તેઓની કારને અકસ્માત નડ્યો હતો. શિવ શક્તિ ખાનગી લક્ઝરી બસના ચાલકે કારને ઠોકરે ચડાવતાં અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં કારને નુકસાની થઈ હતી, ઉપરાંત અંદર બેઠેલી વ્યક્તિઓને નાની મોટી ઈજા થઈ હોવાથી જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી. મહેશકુમારની ફરિયાદના આધારે સિક્કા પોલીસે બસ ચાલક સામે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

# જામનગર: તમારા પતિને કહી દેજો ગાડીનો કાચ તો તુટશે જ... કહી વેપારીની કારમાં તોડફોડ

## કારમાં નુકસાની અને ટાટિયા તોડી નાખવાની ધમકી મામલે ફરિયાદ નોંધાઈ

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગર જિલ્લાના ધ્રોલમાં વેપારીની કારમાં તોડફોડ કરી એક આરોપીએ નુકસાન કરતાં મામલો પોલીસ મથકે લઈ જવાયો છે. આરોપીએ ફરવા માટે કાર લઈ જવાની માંગણી કરતા વેપારીએ મનાઈ કરી હતી. જેમાં ઉશ્કેરાઈ ગયેલા આરોપીએ કારના કાચ તોડી ધાકધમકી આપતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

ધ્રોલના ગોકુલપાર્ક વિસ્તારમાં રહેતા અનેબિલ્ડીંગ મટીરીયલનું કારખાનું ધરાવતા થોભણભાઈ લાખાભાઈ ભૂંડિયાએ ધ્રોલના જ રહેવાસી બ્રિજરાજસિંહ નિરુભા જાડેજા સામે ફરિયાદ નોંધાવી જણાવ્યું કે બ્રિજરાજસિંહ નીરૂભા જાડેજા બહાર ગામ જવા માટે અવાર નવાર વેપારીની ગાડી લઈ જતા હતા આ વખતે ગાડી દેવાની ના પાડતા આરોપીએ વેપારીના ઘર પાસે પાર્ક કરવામાં આવેલી કારના કાચના ભાગમાં પાઈપ ફટકારી કાચ તોડી નાખ્યા હતા. તોડફોડ કરી રૂ ૮૦૦૦ નું નુકસાન કર્યું હતું. વેપારીના પત્નીએ બ્રિજરાસિંહને ગાડીનો કાચ કેમ તોડ્યો? તેમ પૂછતા આરોપીએ બેફામ ગાળો કહ્યું કે તમારા પતિને કહી દેજો કે ગાડીનો કાચ તો તુટશે જ...મને કામ માટે ગાડીની જરૂર હોય અને તમારા પતિએ ગાડીની ના પાડી હતી. જેથી ગાડીના કાચ તોડ્યા છે અને તમારા પતિ ધ્રોલમાં જ્યા ભેગા થશે ત્યા તેના ટાટિયા તોડી નાખીશ. આમ ધમકી આપતા હાલ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ગાંધીધામ મનપાનું મેગા ઓપરેશન: કરોડોની કિંમતની સરકારી જમીન ખુલ્લી કરાઈ

## વોર્ડ નં. ૬ અને સેક્ટર-૯માં ગેરકાયદેસર બાંધકામો પર મનપાનું બુલડોઝર ફર્યું; રહેવાસીઓએ સ્વેચ્છાએ દબાણો હટાવી તંત્રને સહકાર આપ્યો



**અબતક ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં સરકારી જમીન પર થયેલા અનઅધિકૃત દબાણો દૂર કરવાની કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ કામગીરી અંતર્ગત કરોડોની કિંમતના મહત્ત્વના પ્લોટ દબાણમુકત કરી મહાનગરપાલિકાએ તેનો કબજો મેળવ્યો છે અને આ સ્થળો પર જાહેર ઉપયોગી પ્રોજેક્ટ્સ શરૂ કરવાની જાહેરાત કરી છે.

ગાંધીધામના વોર્ડ નંબર ૬ ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં ડી.એ.વી. કોલેજની સામે આવેલ મહાનગરપાલિકાના ૪૫૯૦.૩૭ ચો.મી. પ્લોટ પર કેટલાક ઈસમો દ્વારા ગેરકાયદેસર રીતે કબજો કરી બાંધકામ કરવામાં આવ્યું હતું. મહાનગરપાલિકાની ટીમે આ તમામ અનઅધિકૃત બાંધકામો દૂર કરી પ્લોટનો કબજો સંભાળ્યો છે. આ પ્લોટનો ઉપયોગ હવે શહેરના નાગરિકો પોતાના સામાજિક પ્રસંગોની ઉજવણી માટે કરી શકશે. આ માટે અંદાજે ₹૪૧ લાખના ખર્ચે બ્યુટીફિકેશનની કામગીરી હાથ ધરવામાં આવશે, જેમાં ગ્રીન લોન, પેવર બ્લોક અને મજબૂત કમ્પાઉન્ડ વોલ બનાવવામાં આવશે. આ કામગીરી માટેના ટેન્ડર પણ પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યા છે.

અન્ય એક ઓપરેશનમાં, સેક્ટર ૯/ઈ (ટ્રાન્સપોર્ટ નગર) માં આવેલ ૩૫૫૧.૯૦ ચો.મી. ના પ્લોટ પર થયેલા દબાણો દૂર કરવા માટે મહાનગરપાલિકાએ ૧૪૬ આસામીઓને નોટિસ પાઠવી હતી. તંત્રની કડક કાર્યવાહી અને સમજાવટને પગલે લોકોએ સ્વેચ્છાએ પોતાના દબાણો હટાવી લીધા હતા. નાગરિકોના આ સહકારથી મહાનગરપાલિકાની મશીનરી, માનવશકિત અને સમયની બચત થઈ છે. આજે આ પ્લોટનો કબજો પણ મહાનગરપાલિકાએ વિધિવત રીતે સંભાળી લીધો છે.

ગાંધીધામ મહાનગરપાલિકાએ જણાવ્યું છે કે, શહેરના મુખ્ય માર્ગો અને મનપાની માલિકીના પ્લોટ પરના દબાણો દૂર કરી જાહેર ઉપયોગિતાના વિવિધ પ્રોજેક્ટ્સ હાથ ધરવા માટે તંત્ર મક્કમ છે. આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ ચાલુ રાખી શહેરના વિકાસને વેગ આપવામાં આવશે.

# જામનગર અને જામજોધપુરમાંથી બે ટુ-વ્હીલર ચોરાયા

## બાઈકની ઉઠાંતરી કરનારા બેલડી સીસીટીવીમાં કેદ

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગર શહેર અને જામજોધપુર બસ સ્ટેશનમાંથી બે ટુવ્હીલર ચોરાયાની જુદા જુદા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. આથી પોલીસે સીસીટીવી ફૂટેજ તપાસી આરોપીઓ સુધી પહોંચવા તપાસ આરંભી છે. જામનગરના પાઠક ફળી વિસ્તારમાં રહેતા હેમેનભાઈ મનુપ્રસાદ દવેએ ગત તા. ૨૦ ના રોજ જામનગર મહાનગરપાલિકાના સ્પોર્ટ સંકુલ પાસે સ્કૂટર પાર્ક કર્યું હતું. જેને કોઈ અજાણ્યો શખ્સ હંકારી જતા પોલીસ સમક્ષ ચોરી મામલે ફરિયાદ નોંધાવાઈ છે. સીસીટીવી કેમેરાઓની ચકાસણી કરતા બે તસ્કરો વાહનચોરીને અંજામ આપતા દ્રશ્યમાન થયા હતાં જેના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. જામજોધપુર તાલુકાના ધ્રાફા ગામમાં રહેતા એસટીના નિવૃત્ત કર્મચારી અજીતસિંહ બળવંતસિંહ જાડેજાએ જામજોધપુર બસ સ્ટેન્ડમાં પોતાનું બાઈક પાર્ક કર્યું હતું, જેને નિશાના બનાવી તસ્કર બાઈક ચોરી જતા જામજોધપુરના પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાઈ છે. જેના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.


# જુનાગઢ શહેર ભાજપ પ્રમુખ સામે ગંભીર આક્ષેપોથી સ્થાનિક રાજકારણમાં ભૂકંપ: નવી-જુનીના એંધાણ

## યુવા ભાજપ પૂર્વ - ઉપપ્રમુખ તેજશ જોશીએ ભાજપ અધ્યક્ષ ગૌરવ રૂપારેલીયા સામે વહીવટનો સરાજાહેર આક્ષેપ કર્યા

## આક્ષેપો ખોટા કોઈકના ઈશારે થયા હોવાનો ગૌરવ રૂપારેલીયાનો બચાવ

**અબતક દર્શન જોશી, જુનાગઢ**





જુનાગઢ મહાનગરના ભાજપ અધ્યક્ષ વ્યાજખોર હોવાની સાથે મનપાના કામોમાં ટકાવારી ઉઘરાવતા હોવાનો અને સંગઠનમાં વહીવટીયા અને નજીકના લોકોનો સમાવેશ કરી, વર્ષોથી પાર્ટી માટે લોહી રેડતા કાર્યકરોને સ્થાન આપવામાં ના આવ્યા હોવાના ગંભીર આક્ષેપ સાથેનો ભૂકંપ ભાજપના યુવા પાંખના પૂર્વ ઉપપ્રમુખ દ્વારા થતા સ્થાનિક ભાજપમાં હાઈ વોલ્ટેજ ધડાકા થયા છે. જૂનાગઢના સ્મશાનના ઓટલે બેસી જુનાગઢ મહાનગરના ભાજપના યુવા પાંખના પૂર્વ ઉપપ્રમુખ તેજસ જોશીએ જુનાગઢ મહાનગરના ભાજપ અધ્યક્ષ ગૌરવ રૂપારેલીયા સામે ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું છે કે, ગૌરવ રૂપારેલીયા મોટા વ્યાજખોર છે, શહેરના અનેક લોકો તેની વ્યાજની ચુંગાલમાં ફસાયા છે, તેઓ કાર્યાલયમાં બેસી રૂપિયાની ઉઘરાણીઓ કરે છે, આ સાથે જુનાગઢ મનપાના વિકાસ કામોમાં પણ પોતાની એક ટકો વહીવટ ઉઘરાવી રહ્યા છે, આ માટે બાંધકામ શાખામાં પોતાના માણસો ગોઠવ્યા છે. જેના કારણે ભારે ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે.

આ સાથે તેજસ જોશીએ આક્રોશ સાથે ભાજપના સંગઠનમાં મહાનગર અધ્યક્ષે પોતાની સાથે ફરતા અને અંગત લોકોને સ્થાન આપ્યા હોવાનો આક્ષેપ કરી, વહીવટિયાઓને હોદાઓ બાટયાં હોવાની તથા આર.ટી.આઈ. એક્ટિવેસ્ટ અને કોંગ્રેસમાંથી આવેલને મહામંત્રી બનાવી દીધા હોવાનું જણાવી, વર્ષોથી પક્ષ માટે લોહી રેડતા પાયાના કાર્યકરોની ઉપેક્ષા કરી, લાગતા વળગતાઓને હોદાઓની લ્હાણી કરી હોવાના આક્ષેપ ઉછાળ્યા છે. જુનાગઢ મહાનગરના ભાજપના યુવા પાંખના પૂર્વ ઉપપ્રમુખ એ જુનાગઢ મહાનગરના ભાજપ અધ્યક્ષ ગૌરવ રૂપારેલીયા સામે ગંભીર આક્ષેપો કરી, આ બાબત પી.એમ.ઓ. અને પ્રદેશ તથા રાષ્ટ્રીય સંગઠન સુધી પહોંચાડી હોવાનું જણાવતા જૂનાગઢના સ્થાનિક તથા પ્રદેશ ભાજપમાં હાઈ વોલ્ટેજ ધડાકા થયા છે. શહેર ભરમાં આ આક્ષેપો ચર્ચાનો વિષય બની છે.

બીજી બાજુ આ આક્ષેપો પાયા વિહોણા હોવાનું અને કોઈકના ઈશારે થતાં હોવાનું જણાવી જુનાગઢ મહાનગરના ભાજપ અધ્યક્ષ ગૌરવ રૂપારેલીયા પણ આકરા પાણીએ સામે આક્ષેપ કર્યા છે કે, ગિરનાર દરવાજાથી જવાહર રોડ ઉપર તપાસ કરો તો માલુમ પડશે કે, કયા વ્યાજખોરો થાય છે, આ સાથે અધ્યક્ષે એવો પણ જણાવી રહ્યા છે કે, પાર્ટીની એક પરિવાર એક હોદો એવી નીતિ રીતિ છે, ત્યારે તેજસ જોષીના આરતીબેન જોશી હાલમાં મહાનગર ભાજપના મહિલા મોરચાના અધ્યક્ષ છે, તેથી તેમને હોદો અપાયો નથી.

ગૌરવ રૂપારેલીયા એ આ સાથે એ પણ જણાવાયું છે કે, આ બાબતથી પ્રદેશ ભાજપ અધ્યક્ષ, પ્રભારી, સહિત પ્રદેશ કક્ષાએ આ બાબતથી માહિતગાર કરાયા છે, અને ખોટા પાયા વિહોણા આક્ષેપ કરનાર સામે શિસ્તભંગ સહિતના પગલા ભરાઈ શકે છે.

(પહેલા પાનાનું ચાલું)

### દુશ્મનની મિસાઈલ...

કરે છે. નિષ્ણાતો તેને વાસ્તવિક યુદ્ધભૂમિની પરિસ્થિતિઓ માટે રચાયેલ પ્રથમ ઓપરેશનલ લેસર-આધારિત હવાઈ સંરક્ષણ પ્રણાલીઓમાંની એક કહે છે.

આયર્ન બીમની વિશેષતા એ છે કે તે પ્રકાશની ગતિએ મુસાફરી કરતા ઉચ્ચ-ઊર્જાવાળા લેસર બીમને ફાયર કરવાની ક્ષમતા ધરાવે છે, જેનાથી તે શોધ થયા પછી તરત જ રોકેટ, ડ્રોન, મોર્ટાર અને ટૂંકા અંતરના પ્રોજેક્ટાઈલ્સને અટકાવી શકે છે. જ્યારે મિસાઈલ ઈન્ટરસેપ્ટર્સને લોન્ચ સમય અને ફ્લાઈટ સમયની જરૂર પડે છે, ત્યારે લેસર લોકિંગ શરૂ થતાં જ પ્રહાર કરે છે. આ પ્રતિભાવ સમયને ઘટાડે છે અને ઈન્ટરસેપ્શન કાર્યક્ષમતામાં વધારો કરે છે.

આયર્ન ડોમ સહિત પરંપરાગત મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ સૌથી મોટી ખામીઓમાંની એક કિંમત છે. દરેક ઈન્ટરસેપ્ટર મિસાઈલ હજારો ડોલર કે તેથી વધુ ખર્ચ કરી શકે છે. આયર્ન બીમ આ સમીકરણને સંપૂર્ણપણે બદલી નાખે છે. એક લેસર શોટ માટે વીજળીનો ખર્ચ ફક્ત થોડા ડોલર થાય છે. એવી પરિસ્થિતિઓમાં જ્યાં સેંકડો રોકેટ અથવા ડ્રોન એકસાથે લોન્ચ કરવામાં આવે છે, ત્યાં ખર્ચનો ફાયદો બની જાય છે.

મિસાઈલ-આધારિત સિસ્ટમો ભૌતિક ભંડાર પર ખૂબ આધાર રાખે છે. એકવાર ઈન્ટરસેપ્ટર ખાલી થઈ જાય, પછી સિસ્ટમને ફરીથી સપ્લાય કરવી પડે છે. જોકે, આયર્ન બીમ મુખ્યત્વે વીજળી પર આધાર રાખે છે. જ્યાં સુધી પૂરતા પાવર સ્ત્રોતો હોય ત્યાં સુધી સિસ્ટમ ફાયરિંગ ચાલુ રાખી શકે છે. મિસાઈલોને ફરીથી લોડ કરવાની જરૂર નથી.

### પીએમ મોદી...

વ્યકત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે ઈઝરાયલની જેમ ભારત પણ આતંકવાદ સામે ઝીરો ટોલેરન્સની નીતિ ધરાવે છે અને આતંકવાદીના મુદ્દે કોઈ બેવડા ધોરણો ધરાવતું નથી.

### ફ્યુઅલ ચાર્જ...

ઉલ્લેખનીય છે કે, એઆઈ સિસ્ટમ સામાન્ય ઈન્ટરનેટ સેવાઓ કરતા અનેક ગણી વધુ વીજળી વાપરે છે. અમેરિકાના ઊર્જા વિભાગના અંદાજ મુજબ હાલ ડેટા સેન્ટર દેશની ૪% વીજળી વાપરે છે, જે વર્ષ ૨૦૨૮ સુધીમાં વધીને ૧૨ ટકા સુધી પહોંચી શકે છે. આ વિકટ પરિસ્થિતિમાં સરકારની આ કડક નીતિ સામાન્ય લોકોને મોટી આર્થિક રાહત આપશે.

### વેકિસન...

મહિલાઓ જીવ ગુમાવે છે. કેન્સર થયા પછીની મોંઘી અને પીડાકારક સારવાર કરતા, નાની ઉંમરે રસી આપીને તેને થતું અટકાવવું એ જ શ્રેષ્ઠ ઉપાય છે.

સરકારે સ્પષ્ટતા કરી છે કે આ રસીકરણ ઝુંબેશ પ્રાથમિક અને સામુદાયિક આરોગ્ય કેન્દ્રો, જિલ્લા હોસ્પિટલો અને સરકારી મેડિકલ કોલેજોમાં ચલાવવામાં આવશે. રસીકરણ સમયે તાલીમબદ્ધ મેડિકલ સ્ટાફ હાજર રહેશે જેથી કોઈ પણ આડઅસરની સ્થિતિમાં તાત્કાલિક સારવાર મળી શકે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### પરીક્ષાનો પ્રારંભ...

૮૦૦૦૦થી વધુ વિધાર્થીઓની કસોટી શાંતિપૂર્ણ માહોલમાં શરૂ થઈ છે.

પરીક્ષાર્થી ગેરરીતિમુકત વાતાવરણમાં નિર્ભયતાથી પરીક્ષા આપી શકે તે માટેની પણ વ્યવસ્થા દરેક પરીક્ષા કેન્દ્ર પર કરવામાં આવી છે. પરીક્ષા કેન્દ્રની તમામ બિલ્ડિંગ સીસીટીવીથી સજ્જ કરવામાં આવ્યા છે. તેમજ તમામ પરીક્ષા સેન્ટર પર આરોગ્ય વિભાગની ટીમ પણ હાજર છે. દિવ્યાંગ વિદ્યાર્થીઓને આ વર્ષે એક કલાકનો સમય વધારે આપવામાં આવ્યો છે.

ધો.૧૦ના ૯.૦૭ લાખ અને ધો.૧૨ સાયન્સના ૧.૧૯ લાખ, ધો.૧૨ સામાન્ય પ્રવાહના ૫.૦૧ લાખ વિદ્યાર્થીઓની પરીક્ષા આપશે, ધોરણ ૧૦માં પહેલુ પેપર ભાષાનું છે. ધો.૧૨ સાયન્સમાં ફિઝિક્સનું પેપર છે. ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં અર્થશાસ્ત્રનું પેપર છે. ૧૭૦૧ સેન્ટર પર પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. ટ્રાફિકમાં ફસાયેલા વિદ્યાર્થીઓ માટે હેલ્પલાઈન પણ જાહેર કરવામાં આવી છે. ૧૦મા ધોરણની પરીક્ષાઓ ૧૬ માર્ચ સુધી અને ૧૨મા ધોરણની પરીક્ષાઓ ૧૮ માર્ચ સુધી ચાલશે. વિદ્યાર્થીઓ માટે બોર્ડ દ્વારા ખાસ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, કોઈપણ શંકાસ્પદ ઈમેલ કે ધમકી મળે તો તુરંત પોલીસનો સંપર્ક કરવા અને અજાણ્યા વ્યક્તિઓને શાળામાં પ્રવેશ ન આપવા કડક સૂચના આપવામાં આવી છે.

### શૈક્ષણિક કેલેન્ડર...

દિવસો, જાહેર રજાઓની વિગતો તેમજ બોર્ડની જાહેર પરીક્ષાની વિગતો જાહેર કરાય હતી. જાહેર રજાઓની તારીખમાં સરકાર દ્વારા કોઈ ફેરફાર કરવામાં આવ્યો છે જે મુજબ ફેરફાર કરવા

અગાઉ જાહેર થયેલી રજા અનુસાર ધુળેટીની રજા ૩ માર્ચે, ચેટી ચાંદ રમઝાદ ઈદની રજા, ૨૦મી માર્ચે અને રામ નવમીની રજા ૨૭મી માર્ચના રોજ જાહેર કરવામાં આવી હતી. દરમિયાન રજામાં કરાયેલા ફેરફાર અનુસાર હવે ધુળેટીની જાહેર રજા ૪ માર્ચના રોજ, ચેટીચાંદની રજા ૧૯મી માર્ચના રોજ, રમઝાદ ઈદની જાહેર રજા ૨૧મી માર્ચના રોજ અને રામ નવમીની ૨૬મી માર્ચના રોજ જાહેર કરાય છે.

### ડ્રગ્સ મુક્તિ...

પાસાઓને ધ્યાનમાં રાખીને ઈન્વેસ્ટિગેશન કરી ડ્રગ નેટવર્કના મુળ સુધી પહોંચી ગુનેગારો સામે કડક પગલાં લીધા છે.

સંઘવીએ ઉમેર્યું હતું કે, ડ્રગ્સના દુષણ સામે લડવા માટે સરકારે માત્ર કાયદાકીય કાર્યવાહી જ નહીં, પણ માનવીય અભિગમ પણ અપનાવ્યો છે. ડ્રગ્સની આદતનો ભોગ બનેલા યુવાનોને જેલમાં મોકલવાને બદલે, સુરત અને અમદાવાદ જેવા શહેરોમાં પોલીસ કમિશનરના અધ્યક્ષ સ્થાને તેમના પરિવાર સાથે મળીને કાઉન્સેલિંગ દ્વારા તેમને ફરી મુખ્ય પ્રવાહમાં લાવવાના પ્રયાસો કરવામાં આવે છે. અસરગ્રસ્તોને સ્થાનિક સ્તરે જ મદદ મળી રહે તે માટે આ વર્ષના બજેટમાં દરેક જિલ્લામાં ડ્રગ્સ મુક્તિ માટે નવા સેન્ટર ખોલવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ બાબતે વિગતે માહિતી આપતા મંત્રી કૌશિક વેકરીયાએ જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં સમગ્ર રાજ્યમાં ૧,૬૪૭ ગુનાઓ નોંધાયા છે, જેમાં આશરે ૪૧,૦૦૦ કિલો ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે, જેની બજાર કિંમત આશરે રૂ.૩,૭૨૭ કરોડ થાય છે. છેલ્લા બે વર્ષમાં જામનગર અને કચ્છ જિલ્લામાં ૧૩૫ ગુનાઓ હેઠળ ૩૦૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને રૂ.૨૪૪.૫૯ કરોડથી વધુની કિંમતનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે.

દરિયાઈ માર્ગે થતી ડ્રગ્સની હેરાફેરી અટકાવવા માટે એટીએસ અને અન્ય એજન્સીઓ સતત સતર્ક છે. 'ડ્રગ્સને ઉગામો અને પકડનારને પ્રોત્સાહન'ના સૂત્ર સાથે ગુજરાત સરકાર યુવા પેઢીને બચાવવા કટિબદ્ધ છે. ડ્રગ્સ નેટવર્કને તોડવા માટે રાજ્યમાં ૬ ઝોનમાં એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સનું માળખું કાર્યરત કરવામાં આવ્યું છે.

ગુજરાતમાં ડ્રગ્સ સંબંધિત ક્રાઈમ રેટ માત્ર ૦.૮ છે, જે સમગ્ર દેશમાં સૌથી ઓછો છે. ડ્રગ્સના વેપાર દ્વારા ઊભી કરવામાં આવેલી ગેરકાયદે મિલકતો પર પણ રાજ્ય સરકારે કચ્છ જિલ્લામાં રૂ.૩૨.૨૦ કરોડની મિલકતો જપ્ત કરી છે અને ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ફેરવ્યું છે. જામનગરમાં ગૌચર અને સરકારી જમીન પર ડ્રગ્સ માફિયાઓએ ઉભા કરેલા ગેરકાયદે મકાનોને જમીનદોસ્ત કરવામાં આવ્યા છે ઉમેર્યું હતું.

મંત્રીએ કહ્યું કે, દરિયાઈ માર્ગ હોય કે અન્ય માધ્યમ, ગુજરાત પોલીસ અને એટીએસની બાજ નજરને કારણે ડ્રગ્સના સોદાગરો માટે હવે ગુજરાતમાં કોઈ સ્થાન નજામનગરમાં ગૌચર અને સરકારી જમીન પર ડ્રગ્સ માફિયાઓએ ઉભા કરેલા ગેરકાયદે મકાનોને જમીનદોસ્ત કરવામાં આવ્યા છે. સરકારના આ સઘન પ્રયાસોને પરિણામે રાજ્યમાં ડ્રગ્સના દૂષણને જડમૂળથી ઉખેડી નાખવા માટે લોકભાગીદારી પણ વધી રહી છે.

### મોરબીના સિરામિક ઉદ્યોગો...

નિયંત્રણ બોર્ડ (જીપીસીબી) દ્વારા આકરા પગલાં લેવાયા હતા. સિરામિક એકમોને સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી કે જો તેઓ પાઈપ્ડ નેચરલ ગેસ (પીએનજી) નો સ્વીકાર કરશે તો જ તેમને ઉદ્યોગ ચલાવવાની મંજૂરી મળશે. તેમ છતાં અનેક એકમોએ નિયમોનો ભંગ કરી કોલ ગેસિફાયરનો ઉપયોગ ચાલુ રાખ્યો હતો.

વર્ષ ૨૦૨૪ માં એક ખાસ કમિટી દ્વારા પર્યાવરણને થયેલા નુકસાનનો અંતિમ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો, જેમાં કુલ નુકસાનીનો અંદાજ રૂ. ૧૨૨.૦૫ કરોડ આંકવામાં આવ્યો હતો. આ રિપોર્ટના આધારે, મે ૨૦૨૫ માં જીપીસીબી દ્વારા કુલ ૬૦૬ જેટલા સિરામિક એકમોને દંડ ભરવા માટે નોટિસ ફટકારવામાં આવી હતી. આ દંડની રકમ તમામ દોષિત ઉદ્યોગો વચ્ચે સમાન ધોરણે વહેંચવાનો પ્રસ્તાવ મુકાયો હતો.

જીપીસીબીના આ આદેશ સામે ૬૦૬ માંથી ૩૩૭ સિરામિક એકમોએ એનજીટીમાં અપીલ કરી હતી. ઉદ્યોગકારોએ વિવિધ કારણો રજૂ કરીને દંડને પડકાર્યો હતો. તેમની મુખ્ય દલીલ એ હતી કે જીપીસીબી દ્વારા કોઈપણ પ્રકારની કારણદર્શક નોટિસ (શો-કોઝ નોટિસ) પાઠવવામાં આવી ન હતી અને તેમને સાંભળવાની તક આપ્યા વિના જ સીધો દંડ ફટકારી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત, કોલ ગેસિફાયરનો કબજો મેળવ્યાના દિવસથી જ પેનલ્ટીની ગણતરી કરવાના નિયમને પણ તેઓએ ગેરકાયદેસર ગણાવ્યો હતો.

આ તમામ દલીલો સાંભળ્યા બાદ એનજીટી પુણે બેન્ચે સ્પષ્ટ કર્યું હતું કે તમામ દોષિત ઉદ્યોગો માટે ઈડીસીની કુલ રકમની ગણતરી યોગ્ય રીતે કરવામાં આવી છે. ટ્રિબ્યુનલે નોંધ્યું હતું કે ઉદ્યોગોને નાના, મધ્યમ અને મોટા એમ ત્રણ ભાગમાં વહેંચીને તેમની સાઈઝના આધારે દંડની વહેંચણી કરવાનો નિર્ણય બિલકુલ વ્યાજબી છે. આટલા મોટા પાયે થયેલા નુકસાનના મામલામાં દંડ વસૂલવા માટે આનાથી સારો બીજો કોઈ વિકલ્પ હોઈ શકે નહીં, તેમ જણાવીને એનજીટી એ ઉદ્યોગોની તમામ અપીલો ફગાવી દીધી હતી.

### પોલીસ ભરતી...

અને ૧૨૯ હથિયારી પીએસઆઈ માટે સીધી ભરતીની પ્રક્રિયા હાલ કાર્યરત છે, જે પૂર્ણ થતા વડોદરા શહેરની ઘટ પૂરી કરવામાં આવશે.

છેલ્લાં બે વર્ષમાં વડોદરા શહેરમાં ૩૮૯ હેડ કોન્સ્ટેબલને એએસઆઈ તરીકે બઢતી આપવામાં આવી છે. જ્યારે ૪૩૪ પોલીસ બિનહથિયારી કોન્સ્ટેબલને હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી અપાઈ હોવાનું તેમણે ઉમેર્યું હતું.

### "ગાય"ને રાજ્યમાતા...

સરકારની રહેમનજર હેઠળ ધમધમી રહ્યું છે. રોજબરોજ ગૌ-માંસના જથ્થા પકડાય છે, ત્યારે એ સાબિત થાય છે કે સરકારી દાવાઓ માત્ર પોકળ છે અને ગાયોના રક્ષણ માટે કોઈ નક્કર કાયદો અમલવારીમાં આવતો નથી.

### રાજકોટના પેલેસ રોડ...

બંને મૃતદેહને પોસ્ટમોટમ અર્થે ખસેડી તપાસ શરૂ કરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગત અનુસાર ગત રાત્રીના આશરે ૧૧૩૦ વાગ્યા આસપાસ પેલેસ રોડ નજીક આવેલ વર્ધમાનનગરમાં મનમંદિર એપાર્ટમેન્ટ ફ્લેટ નંબર સી-૪૦૨ માં આગ ભભૂકી ઉઠી હતી. ત્યારે પાર્કિંગમાં હાજર સિક્યુરિટી ગાર્ડ વિક્રમભાઈને કાચ ફૂટવાનો અવાજ સંભળાતા તેઓ ચોથા મળે દોડી ગયા હતા. જ્યાં ફ્લેટ નં. સી-૪૦૨ માં આગ લાગ્યાનું ધ્યાને આવતા તેમણે તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરતા કનક રોડ ફાયર સ્ટેશન અને બેડીપરા ફાયર સ્ટેશન ખાતેથી બે ફાયર ફાઈટર ઘટના સ્થળે દોડી ગયા હતા અને દોઢ કલાક સુધી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. જે બાદ ફ્લેટમાંથી એક વૃદ્ધા અને એક વૃદ્ધનું મૃતદેહ મળતા બંનેને સરકારી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યા હતા. આગની ઘટનામાં મોતને ભેટેલા મૃતકોની ઓળખ પ્રભાબેન ભગવાનજીભાઈ પુજારા (ઉવ ૯૨) અને નરેન્દ્રભાઈ ભગવાનજીભાઈ પુજારા (ઉવ ૬૧) તરીકે થઈ હતી.

બનાવને પગલે મૃતકોના પરિજનો દોડી આવ્યા હતા. મૃતકોની મળતી માહિતી મુજબ પ્રભાબેનને પાંચ સંતાનો છે. જેમાં નરેન્દ્રભાઈ ચાર ભાઈ પૈકી ત્રીજા પુત્ર હતા. જયારે નરેન્દ્રભાઈને એક પુત્ર નીલ અને પુત્રી કોમલ છે. પુત્રીના લગ્ન થઈ ગયા હોય તેણી સાસરે રહે છે. બનાવ ટાણે નરેન્દ્રભાઈના પત્ની શિલ્પાબેન અને પુત્ર નીલ બહાર ગયા હોય તે બંનેનો આબાદ બચાવ થયો હતો. મૃતક નરેન્દ્રભાઈ સોની બજાર ખાતે કોમલ હેન્ડીક્રાફટ નામે દુકાન ધરાવી વેપાર કરતા હતા.

પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર ફ્લેટમાં આગ લાગતા માતા-પુત્રનું ગુગળામણથી મોત થયું હતું. જો કે, સચોટ કારણ જાણવા મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યા હતા.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ:** રાજકોટ નિવાસી મોહનભાઈ લવજીભાઈ સિધ્ધપુરા (ઉ.વ.૯૯) તે બીપીનભાઈ, રાજુભાઈ સિધ્ધપુરા, ઉષાબેન, અરૂણાબેન, રીટાબેન (મુંબઈ) વિણાબેન (મોરબી) ના પિતા, જીગેશ, દર્શિતના દાદા, જેતપુર નિવાસી સ્વ. મોહનલાલ કેશવજીભાઈ મકવાણાના જમાઈનું તા. ૨૫ ને બુધવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૨૭ ને શુક્રવારે સાંજે ૪ થી ૬ દરમિયાન નાગર બોર્ડીંગ વિરાણી સ્કુલ સામે, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** રાજકોટ નિવાસી ચંદ્રકાંતભાઈ અવિચળભાઈ પીઠડિયા (ઉ.વ.૬૯)નું તા. ૨૫-૨ ને બુધવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૨૭ ને શુક્રવારના રોજ સાંજે ૫ થી ૬ દરમિયાન પંચનાથ મંદિર, લીંબડા ચોક, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# જૂનાગઢઃ બહાઉદ્દીન આર્ટ્સ કોલેજ ખાતે ''એક ભારત શ્રેષ્ઠ ભારત'' વિષય પર રાષ્ટ્રીય સેમિનાર યોજાયો

## રાષ્ટ્રીય એકતા અને સાંસ્કૃતિક વારસાના સંદર્ભમાં પ્રેરક વિચારો રજૂ કરાયાઃ પ્રતિભાગીઓ ઉત્સાહભેર સહભાગી થયાં



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના સંલગ્ન જૂનાગઢની ઐતિહાસિક બહાઉદ્દીન સરકારી આર્ટ્સ કોલેજના ઈંગ્લીશ વિભાગ દ્વારા ''એક ભારત શ્રેષ્ઠ ભારત'' વિષય પર એક ભવ્ય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત (KCG) ના આર્થિક સહયોગથી આયોજિત આ સેમિનારમાં વિવિધ કોલેજોના આચાર્યો, અધ્યાપકો અને આશરે ૩૦૦ જેટલા પ્રતિભાગીઓએ ઉત્સાહભેર ભાગ લઈ રાષ્ટ્રીય એકતાના મંત્રને ગુંજતો કર્યો હતો.

સેમિનારના મુખ્ય વક્તા તરીકે રાજસ્થાન વિદ્યાપીઠ, ઉદયપુરના કુલાધિપતિ પ્રો. ડો. બળવંત જાનીએ ભારતીય જ્ઞાન પરંપરા અને બંધારણીય પાસાઓ દ્વારા રાષ્ટ્રને એકસૂત્રે બાંધતા પરિબળો પર પ્રકાશ પાડ્યો હતો. બીજા મુખ્ય વક્તા પ્રો. મહેશભાઈ ઓઝાએ યુવાનોને રાષ્ટ્રીય એકતાના 'રાજદૂત' બનવા આહ્વાન કરી આંતર-રાજ્ય સાંસ્કૃતિક વિનિમયનું મહત્વ સમજાવ્યું હતું.

કોલેજના આચાર્ય ડો. જે. આર. વાંઝાએ મહેમાનોનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે, સાંસ્કૃતિક આદાનપ્રદાન અને વિવિધતામાં એકતા જ ભારતની સાચી શકિત છે. વિશેષ ઉપસ્થિત બહાઉદ્દીન સાયન્સ કોલેજના આચાર્ય ડો. આર. પી. ભટ્ટે ૧૯૦૨થી ચાલી આવતા કોલેજના ઐતિહાસિક વારસાને રાષ્ટ્રીય ચેતના સાથે જોડી પ્રેરણાદાયી ઉદબોધન આપ્યું હતું.

# પડધરીની લોટ્સ સ્કુલમાં બોર્ડના પરીક્ષાર્થીઓને અપાયું વિદાયમાન

## વિદ્યાર્થીઓને અપાયું પરીક્ષાલક્ષી માર્ગદર્શન



**અબતક, ભૌમિત તળપદા, પડધરી**

લોટસ સ્કૂલમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ના વિદ્યાર્થીના વિદાય સમારંભનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં દરેક વાલીઓએ શાળા પરિવાર તરફથી નિમંત્રણ આપવામાં આવેલ હતું. આ કાર્યકર્મમાં શાળાના ટ્રસ્ટી ડો. રમેશભાઈ બોડા દ્વારા વિધાર્થીઓને મોટીવેશન કર્યા તા તેમજ શાળાના આચાર્ય કિશોરભાઈ થોરીયા દ્વારા વિધાર્થીઓને પરીક્ષા લક્ષી માર્ગદર્શન આપેલ હતું. તેમજ શાળા ના અન્ય શિક્ષકો દ્વારા વિધાર્થીઓને માર્ગદર્શન આપેલ હતું. તેમજ આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વાલીઓએ હાજરી આપી હતી કાર્યક્રમમાં ધોરણ ૧૦ તેમજ ધોરણ ૧૨ ના ટોપ ૧૦ સ્ટુડન્ટ વિધાર્થી ઓ ને શિલ્ડ આપી ને સન્માનિત કર્યા હતા. ને આ કાર્યક્રમ પૂરો થયા બાદ ભોજન ની વ્યવસ્થા કરવામાં આવેલ હતી.

# કોટડાસાંગાણીમાં ભક્તિ મહોત્સવઃ બાલા હનુમાનજી મંદિરે અવિરત ધૂનનો ૨૩માં વર્ષમાં મંગલ પ્રવેશ

## શનિવારે ૧૨ કલાકની 'અખંડ ધૂન' અને 'મહાપ્રસાદ'નું ભવ્ય આયોજન




**અબતક, સલીમ પાતાણી, કોટડાસાંગાણી**

રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી શહેરમાં શ્રદ્ધા અને ભકિતનો અનોખો સંગમ રચાવવા જઈ રહ્યો છે. શ્રી બાલા હનુમાન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત 'અધ્યાત્મ અખંડ ધૂન મંડળ' દ્વારા શ્રી બાલા હનુમાનજીના સાનિધ્યમાં છેલ્લા ૨૨ વર્ષથી દરરોજ નિયમિત ૧ કલાક ચાલતી રામધૂને સફળતાપૂર્વક ૨૨ વર્ષ પૂર્ણ કર્યા છે. આ આસ્થાના ૨૩મા વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે આગામી શનિવારે ભવ્ય ધાર્મિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

બાલા હનુમાનજી મંદિરે ભકિતની આ જ્યોત છેલ્લા બે દાયકાથી વધુ સમયથી અવિરત પ્રજ્વલિત છે. આ પવિત્ર અવસરને યાદગાર બનાવવા માટે આગામી તારીખ ૨૮/૦૨/૨૦૨૬, શનિવારના રોજ બપોરે ૧૨:૦૦ વાગ્યાથી રાત્રે ૧૨:૦૦ વાગ્યા સુધી ૧૨ કલાકની 'અખંડ ધૂન' યોજાશે. કોટડાસાંગાણીના શેડ રોડ પર આવેલી શ્રી વિશ્રામ સાહેબની વાડી ખાતે આ ભકિતમય કાર્યક્રમ યોજાશે, જેમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડી પ્રભુ ભકિતનો લ્હાવો લેશે.

ધાર્મિક કાર્યક્રમની સાથે જ સાંજે ૦૬:૩૦ કલાકે તમામ ભાવિકો માટે મહાપ્રસાદની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. સંસ્થાપન અધ્યાત્મ અખંડ ધૂન મંડળ અને શ્રી બાલા હનુમાન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આ ધર્મોત્સવમાં જોડાવા માટે જાહેર જનતાને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ૨૨ વર્ષની અવિરત સાધના બાદ આ મંડળ આજે પંથકમાં આધ્યાત્મિકતાનું એક મોટું કેન્દ્ર બની ગયું છે.

# ઈડરના ફીંચોડ પંચાયતના મહિલા સરપંચને હોદ્દા પરથી દૂર કરવા તાલુકા પંચાયતની કવાયત

## ત્રણ સંતાનોના મામલે સરપંચ ઘેરાયા કાલે હાજર રહી પુરાવા રજૂ કરવાના આદેશ

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના ફીંચોડ ગામના મહિલા સરપંચ બે થી વધુ બાળકો ધરાવતા હોઈ ગેરલાયક ઠરાવવાની માંગ સાથે ગામના જ એક વ્યક્તિએ સાબરકાંઠા કલેક્ટર,જીલ્લા વિકાસ અધિકારી અને ગાંધીનગર વિકાસ કમિશનર સુધી લેખિત રજૂઆત કરી હતી આ રજૂઆત બાદ તાલુકા વિકાસ અધિકારીએ સરપંચને ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ હાજર રહી આધાર પુરાવા રજૂ કરવા નોટીસ આપતા આ સમગ્ર મામલે નવા જૂનીના એંધાણ વર્તાઈ રહ્યા છે.

ફીંચોડ ગામના મહિલા સરપંચ ઈન્દિરાબેન અમૃતજી સોલંકી ત્રણ બાળકો ધરાવતા હોઈ પંચાયત ધારાનો ભંગ થતો હોવા બાબતે ગામના જ સોલંકી જુગાજી નાગરજીએ સ્થાનિક કક્ષાએથી લઈ ગાંધીનગર સુધી લેખિત રજૂઆતો કરી હતી આ રજૂઆત થકી તેઓએ જણાવ્યું હતુ કે સરપંચ ત્રણ બાળકો ધરાવતા હોવા છતાં ચૂંટણી ફોર્મમાં નમૂના નંબર ૪ ન એકરાર નામામાં બે બાળકો દર્શાવી હોદ્દાનો લાભ લેવા ખોટું એકરાર નામુ રજૂ કર્યું હતું ખોટું એકરાર નામુ કરવું એ ગુનો હોવા છતાં તેઓએ આ પ્રકારનું કૃત્ય આચર્યું હતુ તેઓએ એકરાર નામામાં ત્રણ સંતાનો પૈકી એક પુત્રીનું નામ દર્શાવ્યું ન હતું.

જેથી રજૂઆત કર્તાએ ત્રણ સંતાનો હોવા છતાં સરપંચના હોદ્દા પર બેસી પંચાયત ધારાનો ભંગ કર્યો હોઈ તેઓ સામે પંચાયત ધારાની ૧૯૯૩ ની કલમ ૩૨/૨ મુજબ કાર્યવાહી કરવા અને હોદ્દા પરથી દૂર કરવા માંગ કરી હતી અરજદારની આ રજૂઆત બાબતે તપાસનીશ અધિકારીની નિમણૂક કરી તપાસ અહેવાલ બાદ સરપંચને નોટિસ ફટકારી હતી અને તારીખ ૨૭ ફેબ્રુઆરીના રોજ પુરાવા સાથે હાજર રહેવા આદેશ કર્યો હતો તાલુકા પંચાયતની આ નોટિસ બાદ હાલમાં સરપંચ માથે લટકતી તલવાર હોય તેવું દ્દશ્ય જોવા મળી રહ્યું છે.

# મેટોડા જીઆઈડીસી સ્થિત સરદાર પટેલ પ્રાથમિક શાળામાં વાર્ષિકોત્સવ ઉજવાયો

**અબતક, બી.એમ.ગોસાઈ, મેટોડા**

મેટોડા જીઆઈડીસી શ્રી સરદાર પટેલ સરકારી પીએમ શ્રી પ્રાથમિક શાળાઈ પ્રથમ વાર્ષિકોત્સવ મોરપીંછ કાર્યક્રમ જ્યોત સી એન સી ઓટોમિશનના લિમિટેડ ના સહયોગથી તેના સ્પોર્ટ્સ ઓડિટોરીયમમાં યોજાવામા આવેલ કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટ્ય થી કરવામાં આવેલ તેમજ આમંત્રીત મહેમાનો નું પુસ્તક થી સ્વાગત કરવામાં આવેલ.

જેમાં શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો છીએ અમે તો છોટુજી મહાકાળી સોંગ બમ બમ ભોલે વ્યસન મુક્તિ ઘરઘર કી કહાની નાટક આદિવાસી નૃત્ય કરાટે ડેમો પીરામીડ સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમો બાળકો દ્વારા રજુ કરવામાં આવેલ તેમજ જીલ્લા કક્ષાએ આવેલ શ્રેષ્ઠ બાળકો ને સન્માનિત કરવામાં આવેલ કાર્યક્રમમા મેટોડા ગ્રામપંચાયત સરપંચ જેન્તીભાઈ સભાયા મહામંત્રી સુરેશભાઈ વસોયા શિલ્પ ફેમના માલિક જીતેન્દ્રભાઈ ધ્રાંગધરીયા તેમજ મોટી સંખ્યામાં તાલુકાના શિક્ષકો શાળાના વાલીઓ ઉપસ્થિતી રહેલ. કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્ય તેમજ શાળા પરીવારે જહેમત ઉઠાવેલ મેટોડા જીઆઈડીસી શ્રી સરદાર પટેલ પ્રાથમિક શાળામા મોરપીંછ ૨૦૨૬ પ્રથમ વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવેલ.



# ઈડરઃ પીપોદરા દુધ ઉત્પાદક સહકારી મંડળીમાં દૂધ સ્વીકારવામાં રખાય છે પુરતી ચોકસાઈ

## નકલી દૂધ મામલે ચેરમેનની પ્રતિક્રિયા સામે આવી તમામ આક્ષેપો ફગાવાયા

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**




છેલ્લા કેટલાક દિવસથી નકલી દૂધ મામલે સોશિયલ મીડિયા થકી ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે ત્યારે આ આક્ષેપો વચ્ચે હવે ડેરીના ચેરમેનના નિવેદન બાદ નવો વળાંક આવ્યો છે જેમાં અનેક વિવાદો બાદ સાબરડેરી અને પીપોદરા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના ચેરમેન શામળ પટેલે સોશિયલ મીડિયા થકી એક નિવેદન બહાર પાડીને દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી નાખ્યું હતુ જેમાં તેઓએ જણાવ્યું હતુ કે પીપોદરા દૂધ મંડળીની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાનું આયોજનપૂર્વક રાજકીય ષડયંત્ર ચાલી રહ્યું છે આથી આવું હિન કૃત્ય કરનારાઓની વાતોમાં આવી ભરમાવવું નહિ તેમજ વધુમાં આ નિવેદનમાં ચેરમેને સમગ્ર મામલે ખુલાસો કર્યો હતો કે વર્ષ ૧૯૭૨ માં ૧૧૮૮૭ નંબરથી રજિસ્ટર્ડ થયેલ અમારી ધી પીપોદરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.કોડ નંબર-૧૧૩ અને વર્ષોથી મંડળીમાં તેઓ સેવારત છે અને તેમનું નામ લઈ કેટલાક સમાચાર માધ્યમો તથા સોશ્યલ મીડિયામાં ગામની ડેરીમાં નકલી દૂધ ભરાયું હોવાના મનઘડત ઉપજાવી કાઢેલા અને તથ્યથી વેગળા આક્ષેપો કરી પીપોદરા દૂધ મંડળીને ખોટી રીતે બદનામ કરવાનો કારસો ઘડાઈ રહ્યો હોય તેવું સ્પષ્ટપણે લાગી રહ્યું છે

દૂધ મંડળીના વાઈસ ચેરમેન અમૃત પટેલેનું એક નિવેદન જાહેર થયું છે જેમાં તેમણે જણાવ્યું છે કે શામળ પટેલ કે જેઓએ અમુલ ફેડરેશન અને સાબરડેરીનું નેતૃત્વ કરી બહોળા અનુભવથી બંને સંસ્થાઓને વિકાસની નવી ઊંચાઈએ લઈ જવામાં મોટું યોગદાન આપ્યું હોય,સ્વયં પ્રગતિશીલ દૂધ ઉત્પાદક હોય એ વ્યકિત કયારેય પણ લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરવાનું ખોટું કામ ના કરે એ સૌ જાણે છે.

દૂધ મંડળીના સેક્રેટરી હસમુખ પટેલે જણાવ્યું હતુ કે સાચી હકીકતથી સૌને વાકેફ કરીએ છીયે કે સોશ્યલ મીડિયામાં કરેલ આક્ષેપો મુજબના કોઈ વ્યક્તિઓનું એક ટીપું દૂધ પણ અમારી દૂધ મંડળીમાં ક્યારેય આવેલું નથી જ્યાં સ્વયં ચેરમેન શામળ પટેલે સામેથી મંડળીમાં જી.સી.એમ.એમ.એફ ની ટીમને બોલાવી સ્થળ તપાસ કરાવી હતી જેની તપાસમાં પણ પીપોદરા દૂધ મંડળીના એક પણ સભાસદનું દૂધ અસ્વીકાર્ય માલૂમ પડેલ નથી.

# ગોંડલ ભાજપ પરિવારે વિધાનસભાની કામગીરી રૂબરૂ નિહાળી

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**



## ધારાસભ્ય ગીતાબા જાડેજાએ કાર્યકરોને ગૃહની કરાવી મુલાકાત

ગાંધીનગર ખાતે ચાલી રહેલા વિધાનસભા સત્ર દરમ્યાન ગોંડલ શહેર ભાજપ પરિવાર દ્વારા ધારાસભ્ય ગીતાબા જયરાજસિંહ જાડેજા સાથે વિધાનસભા ગૃહમાં શુભેચ્છા મુલાકાત કરી હતી.મુલાકાત દરમિયાન શહેર ભાજપ પ્રમુખ સમીરભાઈ કોટડીયા, મહામંત્રી જેકીભાઈ પરમાર, રસીકભાઈ વિરડીયા, મનહરસિહ રાણા, મોહીતભાઈ પાંભર, પારસભાઈ રૈયાણી, રાહુલભાઈ ડાભી, સચિનભાઈ વ્યાસ, લખનભાઈ કોટડીયા, વિશ્વરાજસિહ જાડેજા, કાર્તિકભાઈ સાવલીયા ઉપસ્થિત રહ્યા હતા. આ વેળા ગીતાબા જાડેજાએ તમામ ને વિધાનસભા સત્ર ની કાર્યવાહી અંગે માહિતગાર કર્યા હતાં.

# અંજારમાં સુંદર સાહેબ મહારાજની પુણ્યતિથિ નિમિત્તે ભવ્ય શોભાયાત્રામાં હજારો ભાવિકો થયા ધન્ય

## અંજાર મંદિરે આરતી-મહાપ્રસાદ મહાપુજનથી વાતાવરણ બન્યું ધર્મમય



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

અંજારમાં સચ્ચિદાનંદ મંદિરના નિજાનંદ સંપ્રદાયના સ્થાપક સુંદર સાહેબ મહારાજશ્રી ની પુણ્યતિથિએ ભવ્ય શોભાયાત્રા નીકળી મોટી સંખ્યામાં રસિક ભાવિકો ભક્તો મોટી સંખ્યામાં જોડાયા હતા. ૨૩ - ૨ અને ૨૪ / ૨ ના બે દિવસ વાર્ષિક રસિક મિલન ઉત્સવના ભાગરૂપે આજે ૨૩-/૨ ના સોમવારે સચિંદાનંદ મંદિરે અંજારથી મહંત ત્રિકમદાસજી મહારાજ તથા રતનાલ સચિંદાનંદ મંદિરના મહંત ભગવાનદાસ મહારાજના માર્ગદર્શન હેઠળ દર વર્ષની જેમ આ વર્ષે પણ સાંજે ૪:૦૦ વાગેય થી અંજાર સચ્ચિદાનંદ મંદિરથી સુંદર સાહેબની ડેરી સુધી ભવ્ય સામૈયુ શોભા યાત્રા નિકળી હતી

અંજાર મંદિરે આરતી અને પૂણ્યતિથિ નિમિત્તે મહાપ્રસાદનું દાતાશ્રી બંને દિવસના રાજભોગ પરમધામવાસી રૂપાબેન લખમણભાઈ, રાઘવજી લખમણભાઈ, ગીતાબેન વાસણભાઈ, જાગૃતિબેન અરજણભાઈ હસ્તે જમનાબેન રાઘવજીભાઈ માતા વાળા દ્વારા મહા પ્રસાદ નું આયોજન કરવામાં આવ્યું હતું. પુણ્યતિથિ શોભાયાત્રા માં મુંબઈ, અને કચ્છ ના અંજાર, રતનાલ, મીઠાપસરિયા, ખેડોઈ, પાંચોટિયા સત્તાપર હિરાપર કડોલ.ચોબારી. સહિત ના ગામમાંથી સચ્ચિદાનંદ સંપ્રદાય રસિક ભાવિકો ભક્તો મોટી સંખ્યામાં રસિકજનો જોડાયા હતા. કચ્છ જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ. નગરપાલિકા પ્રમુખવૈભવ કોડરાણી પાર્થભાઈ સોરઠિયા. વાસણભાઈ માતા. મયાજરભાઈ છાંગા ગોવર્ધન આહીર કન્યા સ્કુલ પ્રમુખ ત્રિકમભાઈ વાસણભાઈ આહિર, સહિત ભાવિકો ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

# વિસાવદરથી માંગરોળ બદલી પામેલા પીએસઆઈ રોહિતને અપાયું વિદાયમાન

## સ્થાનિક અગ્રણીઓ, નગરશ્રેષ્ઠીઓ તથા પોલીસ સ્ટાફની હાજરીમાં વિદાય સમારંભ યોજાયો



**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**

વિસાવદર પોલીસ સ્ટેશન ખાતે બે વર્ષથી ફરજ બજાવતા પીએસઆઈ આર.ડી. રોહિત ની માંગરોળ ખાતે બદલી થતા વિસાવદર પોલીસ સ્ટેશનમાં ભવ્ય વિદાય સમારંભ યોજાયો હતો જેમાં પી.આઈ.પટેલના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફ,પત્રકારો, વકીલો,નગરપાલિકા ના સદસ્યો,તથા વિવિધ સામાજિક શૈક્ષણિક સંસ્થાઓના લોકો દ્વારા પી.એસ.આઈ રોહિતને ભવ્ય વિદાયમાન આપવામાં આવેલ હતું સરકારી કર્મચારીઓની બદલી થવી એ સામાન્ય બાબત છે પરંતુ પોલીસ ખાતાના અધિકારી તરીકે પ્રજાના હદયમાં સ્થાન મેળવેલ છે ત્યારે વિસાવદરની જનતાને આવા અધિકારીની કાયમી ખોટ રહેશે જ્યારે પી.આઈ.પટેલે જણાવેલ કે મેં રોહિત સાથે ફરજ બજાવેલ છે મને આ અધિકારીની કામગીરીથી પૂરતો સંતોષ મળેલ છે.

આખરે બદલી પામેલ અધિકારીએ જણાવેલ કે પોલીસ ખાતામાં અનેક જગ્યાએ ફરજ બજાવેલ છે પરંતુ મારી ફરજના ભાગ રૂપે હું મારા પરિવારથી દુર રહ્યો છું પરંતુ વિસાવદર ની જનતાએ અને ખાસ કરીને મારા મિત્રોએ તથા મારા પોલીસ કર્મચારીઓ તરફથી મને જે પ્રેમ તથા હૂંફ મળી છે તે માટે હું વિસાવદર નો કાયમી આભારી રહીશ તથા વિસાવદર પંથકની જનતા ખુબજ સારી હોય અને સરકારી અધિકારીઓ તથા પોલીસ ખાતા વિશે અહીંની પબ્લિક જે માન ધરાવે છે તેનો પણ સ્વીકાર કરી પોતાને જે રીતે સાથ સહકાર મળેલ છે તેવો જ સાથ સહકાર આવનારા સમયમાં પણ પોલીસને મળતો રહે તેવી ઈચ્છા વ્યકત કરેલ હતી

# ધોરાજી નગરપાલિકા દ્વારા સ્વદેશી મેળાનો પ્રારંભ




**અબતક, સલીમ ઘાંચી,ધોરાજી**

સ્વદેશી બનાવટની વસ્તુઓ ને બજારમાં વેગ મળે જેના હિસાબે રોજગારીની તકો અને સ્વદેશી વસ્તુઓનું માર્કેટમાં વેચાણ વધે વધુ ગ્રાહકો ઉપભોક્તા થાય એવા મિશ્ર હેતુસર ધોરાજી નગરપાલિકા દ્વારા ધોરાજી લેઉવા પટેલ સાંસ્કૃતિક ભુવન ખાતે સ્વદેશી મેળાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

# સુરેન્દ્રનગરઃ મહાત્મા જ્યોતિરાવ ફૂલે અને સાવિત્રીબાઈને ભારત રત્ન આપવાની માંગ

## જિલ્લા કલેકટર કચેરીએ આવેદન આપી કરાય રજૂઆત



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર કલેક્ટર કચેરી ખાતે માળી સમાજ દ્વારા મહાત્મા જ્યોતિરાવ ફૂલે અને સાવિત્રીબાઈ ફૂલેને ભારત રત્ન આપવાની માંગ સાથે આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી.

મહાત્મા જ્યોતિરાવ ફૂલે અને સાવિત્રીબાઈ ફૂલે દ્વારા પોતાનું સમગ્ર જીવન પછાત, દબાયેલા અને કચડાયેલા વર્ગને યોગ્ય સ્થાન તેમના ઉત્થાન અને ન્યાય અપાવવા માટે ન્યોછાવર કરી દીધું છે. તેમજ તેમની ઉન્નતિ અને પ્રગતિ માટે પણ અનેક કાર્યો કર્યા છે તેમજ બંધારણના ઘડવૈયા ડો.બાબાસાહેબ આંબેડકર પણ તેમને પોતાના ગુરુ માનતા હતા. આ ઉપરાંત

સાવિત્રીબાઈ ફૂલેને પણ મહિલાઓ વિદ્યાની દેવી માને છે અને અખંડ ભારતના પ્રથમ મહિલા શિક્ષિકા તરીકે તેમને મહિલાઓ માટે પ્રથમ શાળા ખોલી અને ત્યારબાદ વધુ ૧૭ શાળાઓ શરૂ કરીને શિક્ષણની જ્યોત પ્રજ્વલિત કરી છે. આમ ફુલે દંપતિ દ્વારા સમાજમાં મહત્વનું યોગદાન આપ્યું છે જેને ધ્યાને લઈને મહાત્મા જ્યોતિરાવ ફૂલે અને સાવિત્રીબાઈ ફૂલેને ભારત રત્ન આપવાની માંગ કરી હતી.

# શિસ્ત અને સમજણથી ન્યૂઝીલેન્ડે લંકાને હરાવી સેમિફાઈનલ માટે સ્થાન મજબૂત કર્યું

## ન્યુઝીલેન્ડે પહેલા બેટિંગ કરીને ૧૬૮ રન બનાવ્યા, જવાબમાં શ્રીલંકાની ટીમ નિર્ધારિત ૨૦ ઓવરમાં માત્ર ૧૦૭ રન જ બનાવી શકી!!!



**અબતક, રાજકોટ**

ન્યુઝીલેન્ડે શ્રીલંકાને ૬૧ રનથી હરાવ્યું. આ સાથે શ્રીલંકા ટી૨૦ વર્લ્ડકપ ૨૦૨૬ માંથી બહાર થઈ ગયું છે, જ્યારે ન્યુઝીલેન્ડે તેની સેમીફાઈનલની આશા જીવંત રાખી છે. કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં ન્યુઝીલેન્ડે પહેલા બેટિંગ કરીને ૧૬૮ રન બનાવ્યા હતા. જવાબમાં શ્રીલંકાની ટીમ નિર્ધારિત ૨૦ ઓવરમાં માત્ર ૧૦૭ રન જ બનાવી શકી હતી.શ્રીલંકાના ઘરઆંગણે ટીર૦ વર્લ્ડ કપ જીતવાનું સ્વપન ચકનાચૂર થઈ ગયું છે. શ્રીલંકાએ ભારત સાથે મળીને વર્લ્ડકપનું આયોજન કર્યું હતું, પરંતુ ન્યુઝીલેન્ડ સામેની હારથી શ્રીલંકાની ટીમ સેમીફાઈનલની દોડ અને વર્લ્ડકપમાંથી બહાર થઈ ગઈ છે. કામિન્દુ મેન્ડિસ અને દુનિથ વેલાલેજ સિવાય શ્રીલંકાના અન્ય કોઈ બેટ્સમેન સારી ઈનિંગ્સ રમી શક્યા નથી.

પહેલા બેટિંગ કરતા ન્યુઝીલેન્ડે ૮૪ રનમાં ૬ વિકેટ ગુમાવી દીધી હતી. પરંતુ મિચેલ સેન્ટનરના માત્ર ૨૬ બોલમાં ૪૭ રનની ધમાકેદાર ઈનિંગે તેમની ટીમને ૧૬૦ રનથી વધુ સ્કોર સુધી પહોંચાડી દીધી. તેને અને કોલ મેકકોન્ચીએ ૮૪ રનની પાર્ટનરશીપ કરી. સેન્ટનરના ૪૭ રને ન્યુઝીલેન્ડની વાપસીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી.




રચિન રવિન્દ્રએ બોલ સાથે બાકીનું કામ કર્યું. તેને ૪ ઓવરમાં માત્ર ૨૭ રન આપીને ૪ વિકેટ લીધી. તેને કુસલ મેન્ડિસ, પવન રત્નાયકે, કેપ્ટન દાસુન શનાકા અને દુષણ હેમંથાને આઉટ કર્યા. રવિન્દ્રએ પણ બેટિંગમાં ૩૨ રનનું યોગદાન આપ્યું. શ્રીલંકાને ઈનિંગના પહેલા જ બોલ પર મોટો ઝટકો પડ્યો. મેટ હેનરીએ પહેલા જ બોલ પર પથુમ નિસાંકાને ક્લીન બોલ્ડ કર્યો.

### કિવિઝ ઈંગ્લેન્ડ સામે જીતે કે ન જીતે, લંકા પાકિસ્તાનને હરાવશે તો પાક. વર્લ્ડકપમાંથી બહાર!

ગઈકાલની મેચ માત્ર શ્રીલંકા માટે જ નહીં, પણ પાકિસ્તાનની સેમિફાઈનલની આશાઓ માટે પણ નિર્ણાયક હતી. ન્યૂઝીલેન્ડની આ શાનદાર જીતે ગ્રુપ ૨ ના સમીકરણો બદલી નાખ્યા છે, જેના કારણે હવે પાકિસ્તાન માટે સેમિફાઈનલની ગલીઓ સાંકડી થઈ ગઈ છે. શ્રીલંકા આ હાર સાથે ટૂર્નામેન્ટમાંથી બહાર ફેંકાઈ ગયું છે, જ્યારે ન્યૂઝીલેન્ડે અંતિમ ચારમાં પહોંચવાનો પોતાનો દાવો મજબૂત કર્યો છે.

પાકિસ્તાન માટે સેમિફાઈનલમાં પહોંચવાની ગણતરી એવી હતી કે ન્યૂઝીલેન્ડ તેની બાકીની બંને મેચ હારી જાય. જોકે, કીવી ટીમે મેદાન પર શાનદાર પ્રદર્શન કરીને શ્રીલંકાને એકતરફી મુકાબલામાં હરાવી દીધું છે. આ પરિણામની સીધી અસર પાકિસ્તાન પર પડી છે, કારણ કે હવે ન્યૂઝીલેન્ડ પાસે સેમિફાઈનલમાં જવા માટે વધુ સ્પષ્ટ રસ્તો છે.

# ઝિમ્બાબ્વે - ૮૩ના વર્લ્ડકપનો બદલો લઈ ભારતને ટુર્નામેન્ટમાંથી બહાર "ફેંકી" દેશે?

## ટી૨૦ વર્લ્ડ કપની સેમિફાઈનલમાં પ્રવેશની આશા જીવંત રાખવા ભારતે જીતવું ફરજિયાત, સુપર-૮ની મેચ અગાઉ ભારતની મુખ્ય ચિંતા મોખરાના ક્રમના બેટરના ફોર્મની રહેશે

**અબતક, રાજકોટ**

સાઉથ આફ્રિકા સામેના કારમા પરાજય બાદ અચાનક જ બાજી પલટાઈ જતાં દબાણમાં આવી ગયેલી સૂર્યકુમાર યાદવની ભારતીય ટીમ આજે ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપની સુપર-૮ની મેચમાં ઝિમ્બાબ્વે સામે ટકરાશે ત્યારે તેના માટે આ મુકાબલો કરો યા મરોના જંગ સમાન બની રહેશે ત્યારે ઝિમ્બાબ્વે ૮૩ના વર્લ્ડકપનો બદલો લઈ ભારતને ટુર્નામેન્ટમાંથી બહાર "ખદેડી" દેશે?ટુર્નામેન્ટના પ્રારંભથી લીગ રાઉન્ડના અંત સુધી ટુર્નામેન્ટની ફેવરિટ રહેલી ટીમ અત્યારે એવી સ્થિતિમાં આવી ગઈ છે જ્યાં તેણે આ રાઉન્ડની બાકીની બંને મેચ જીતવી ફરજિયાત બની ગયું છે. ગુરુવારે અહીંના ચેપોક ખાતે આ મેચ સાંજે ૭.૦૦ કલાકે શરૂ થશે. વર્તમાન ચેમ્પિયન ભારતને પરેશાન કરી રહ્યો છે. આ મેચમાં ભારતને હવે માત્ર જીત જ નહીં પરંતુ પોતાની લડાયક ક્ષમતાનું પ્રદર્શન કરવું પડશે. રવિવારે સાઉથ આફ્રિકા સામે ૭૬ રને થયેલી હારને કારણે ભારતનો નેટ રન રેટ ઘટીને -૩.૮૦ થઈ ગયો છે. સેમિફાઈનલની રેસમાં રહેવા માટે ભારતે આ મેચ મોટા અંતરથી જીતવી અનિવાર્ય છે. ટીમની સમસ્યા ઓપનિંગ જોડી અને ત્રીજા ક્રમની બેટિંગ સૌથી મોટી ચિંતાનો વિષય છે. ઈશાન કિશન અને અભિષેક શર્માની જોડીએ અગાઉ ઘરઆંગણે પ્રભાવ પાડ્યો હતો, પરંતુ હાલમાં તેઓ સંઘર્ષ કરી રહ્યા છે. પેટના ઈન્ફેક્શન બાદ અભિષેક શર્મા લય ગુમાવી બેઠો હોય તેમ જણાય છે. ધીમી પિચો અને ઓફ-સ્પિનરો તેને મોટો શોટ રમતા અટકાવવામાં સફળ રહ્યા છે, જેને કારણે ભારતની શરૂઆત નબળી પડી રહી છે. આમ ભારતે ઓપનિંગ અને ત્રીજા ક્રમની બેટિંગની સમસ્યા ઉકેલવી પડશે. ઓપનર અભિષેક શર્મા હાલમાં એક એક રન માટે સંઘર્ષ કરી રહ્યો છે. જોકે, તેની ક્ષમતા તેના વર્તમાન આંકડા કરતાં ઘણી વધારે છે. અત્યાર સુધી રમાયેલી ચાર મેચોમાં તેણે માત્ર ૩.૫ની સરેરાશ અને ૭૫.૦૦ સ્ટ્રાઈક-રેટથી માત્ર ૧૫ રન જ ફટકાર્યા છે. બીજી તરફ તિલક વર્માએ પણ પોતાની રમતમાં સુધારો કરવાની જરૂર છે, જોકે તેની સ્થિતિ થોડી અલગ છે. એવું કહી શકાય કે અભિષેકની નિષ્ફળતાને કારણે તિલકે ઈશાન કિશનને સાથ આપવાની ભૂમિકા ભજવવી પડી રહી છે. જોકે મોખરાના ક્રમના ધબડકા વચ્ચે પણ ઈશાન કિશન ૧૯૩ના શાનદાર સ્ટ્રાઈક-રેટ સાથે સતત પ્રભાવિત કરી રહ્યો છે.આધુનિક ટી૨૦ ક્રિકેટના આક્રમક અભિગમ સામે ભારતીય બેટર્સનો સ્ટ્રાઈક-રેટ હાલ ચિંતાનો વિષય બન્યો છે. ખાસ કરીને પાવર-પ્લે દરમિયાન રન ગતિ જાળવી રાખવામાં ટોચના ખેલાડીઓ સંઘર્ષ કરી રહ્યા હોય તેવું જણાય છે.

### અક્ષર અને સુંદર બન્ને રમશે?બેટિંગ ક્રમમાં પરિવર્તન નિશ્ચિત

સાઉથ આફ્રિકા સામેની મેચ બાદ હવે ભારતીય ટીમ ઝિમ્બાબ્વે સામે ટકરાવા તૈયાર છે. જોકે, ટીમની બેટિંગ લાઈન-અપમાં કેટલાક પ્રશ્નો હજુ પણ સતાવી રહ્યા છે. ટોચના ત્રણ બેટ્સમેનોમાં જમણેરી બેટ્સમેન તરીકે સંજુ સેમસનનો સમાવેશ એક વિકલ્પ હોઈ શકે છે, પરંતુ સેમસન પોતે હાલમાં ફોર્મમાં નથી. આ સંજોગોમાં, ટીમ મેનેજમેન્ટ સૂર્યકુમાર યાદવને ત્રીજા ક્રમે પ્રમોટ કરી શકે છે અને તિલક વર્માને ચોથા ક્રમે મોકલી શકે છે, જેથી ઉપરના ક્રમમાં સતત ડાબોડી બેટ્સમેનોનો ક્રમ તોડી શકાય. ભારતની બોલિંગ લાઈન-અપ મજબૂત દેખાઈ રહી છે. જસપ્રિત બુમરાહ ફોર્મમાં છે અને તેને વરુણ ચક્રવર્તી, અર્શદીપ અને હાર્દિક પંડ્યાનો સાથ મળી રહ્યો છે. હવે તેમાં લેફ્ટ આર્મ સ્પિન ઓલરાઉન્ડર અક્ષર પટેલને સામેલ કરાય તો ભારતીય ટીમ વધુ મજબૂત બની શકે છે. અક્ષર પટેલ ટીમને ઘણો ઉપયોગી બની શકે છે.

# સસ્તા ચાઈનીઝ ફોનનો ક્રેઝ ઘટ્યો: લોકો હવે બજેટ નહીં, પણ 'બ્રાન્ડ' ને આપી રહ્યા છે પ્રાધાન્ય

## શાઓમી, ઓપો, રિયલમી, લિનોવો જેવા સ્માર્ટફોનની વેચાણમાં ઘટાડો તેની સામે સેમસંગ એપલના વેચાણમાં વધારો



**અબતક, રાજકોટ**

ભારતીય સ્માર્ટફોન માર્કેટમાં એક મોટો બદલાવ જોવા મળ્યો છે. વર્ષો સુધી સસ્તા ફોનના દમ પર રાજ કરનારી ચાઈનીઝ બ્રાન્ડ્સની પકડ હવે ઢીલી પડી રહી છે. ગ્રાહકો હવે એન્ટ્રી-લેવલના સસ્તા ફોનને બદલે એપલ અને સેમસંગ જેવી બ્રાન્ડ્સના પ્રીમિયમ સ્માર્ટફોન ખરીદવાનું વધુ પસંદ કરી રહ્યા છે.નાણાકીય વર્ષ ૨૦૨૫ માં પ્રથમ વખત શાઓમી, વનપ્લસ અને રિયલમી જેવી કંપનીઓના વેચાણમાં ઘટાડો નોંધાયો છે.₹૨૦,૦૦૦ થી ઓછી કિંમતના ફોનનો બજાર હિસ્સો ૩૮% થી ઘટીને માત્ર ૨૯% રહી ગયો છે.₹૪૫,૦૦૦ થી વધુ કિંમતના ફોનનો હિસ્સો વધીને ૪૭% થયો છે, જેનો સીધો ફાયદો એપલ અને સેમસંગને મળ્યો રિપોર્ટ અનુસાર, મેમરી ચિપ્સના ભાવ વધવાને કારણે અને રૂપિયાના મૂલ્યમાં ઘટાડો થવાને કારણે સ્માર્ટફોનની કિંમતોમાં વધારો થવાની શક્યતા છે. આનાથી ખાસ કરીને બજેટ સેગમેન્ટના ગ્રાહકોને વધુ અસર થશે.ચાઈનીઝ કંપનીઓમાં માત્ર વીવો એકમાત્ર એવી બ્રાન્ડ રહી છે જેણે પ્રીમિયમ સેગમેન્ટમાં પોતાની હાજરી વધારીને ૧૧% ની વૃદ્ધિ જાળવી રાખી છે

| કંપનીનું નામ | વેચાણમાં ફેરફાર (%) |
|---|---|
| ઓપો | -૩૮% |
| વનપ્લસ | -૧૩ |
| રિયલમી | -૮.૪% |
| શાઓમી | -૭% |
| વિવો | +૧૦.૯% |
| એપલ | +૧૮% |
| સેમસંગ | +૧૨% |

# ચોટીલા નાયબ કલેકટર દ્વારા નાળધરી અને રૂપાવટી ગ્રામ પંચાયતના દફતરની કરી ચકાસણી સમીક્ષા



**અબતક રણજીતસિંહ ધાંધલ**

સુરેન્દ્રનગર જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા ગ્રામ્ય સ્તરે સરકારી કામગીરીની પારદર્શિતા અને સક્ષ્મતા ચકાસવા માટે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે આજે ૨૫/૦૨/૨૦૨૬ના રોજ નાયબ કલેક્ટર એચ.ટી. મકવાણાએ મૂળી તાલુકાના નાળધરી ગામ તેમજ થાનગઢ તાલુકાના રૂપાવટી (થાન) ગામની રૂબરૂ મુલાકાત લીધી હતી.

મુલાકાત દરમિયાન નાયબ કલેક્ટર દ્વારા તલાટી-કમ-મંત્રીના દફતરોની સઘન તપાસ કરવામાં આવી હતી. એપેન્ડીક્ષ-એ અને સામાન્ય દફતર તપાસણી ફોર્મ ભરીને વહીવટી પ્રક્રિયાની સમીક્ષા કરાઈ હતી. મુખ્યત્વે ગામ નમૂના નંબર ૧ (ખેતીવાડી પત્રક), ૮-ક (શિક્ષણ ઉપકર), ૯ (રોજમેળ), ૧૪ (જન્મ-મરણ રજીસ્ટર), અને ૧૮ (સરક્યુલર ફાઈલ) જેવા મહત્વના દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી હતી. આ ઉપરાંત તલાટી ગામે નિયમિત જાય છે કે કેમ, ડાયરી લેખન અને પંચાયતની મિલકતોની જાળવણી જેવા મુદ્દાઓ પર પણ ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો.

# ચોટીલાના અમરાપર મધ્યાહન ભોજન કેન્દ્રમાં નાયબ કલેકટરના ચેકીંગમાં ગેરરિતીઓનો પર્દાફાશ

## મધ્યાહન ભોજન કેન્દ્રની ગેરરિતીના પગલે સંચાલક અને રસોઈયાને ત્વરીતપણે કરાયા છુટ્ટા

**અબતક, રણજીતસિંહ ધાધલ ચોટીલા**


ચોટીલાના અમરાપર પ્રાથમિક શાળામાં ચાલતા મધ્યાહન ભોજન કેન્દ્રમાં લોલંલોલની ફરિયાદને પગલે ચોટીલા નાયબ કલેકટર એચ.ટી.મકવાણાએ ચેકીંગ કરી કરેલી તપાસમાં ગેરરિતી જણાતા મધ્યાહન ભોજન કેન્દ્રના સંચાલક અને રસોઈયાબહેનને છુટ્ટા કરી દેવાતા ખળભળાટ મચી ગયો છે.

૨૫/૦૨ના રોજ નાયબ કલેકટર ચોટીલા એચ.ટી.મકવાણાએ પી.એમ. પોષણ યોજના અંતર્ગત તપાસણી કરવા ચોટીલા સબ ડીવીઝન હેઠળના થાનગઢ તાલુકાના અમરાપર ગામમાં આવેલ મધ્યાહન ભોજન કેન્દ્ર નંબર ૧૩ની આકસ્મિક તપાસણી કરતા સંચાલક અનિલભાઈ એન.અંદાણી તેમજ રસોઈયા મીઠીબેન કામાભાઈ પીહલાએ મામલતદાર થાનગઢની રજા લીધા વગર મનસ્વી રીતે ગેરહાજર રહેલ હતા, જે અંગે સંચાલક અનિલભાઈ અંદાણીને મામલતદારએ ટેલીફોનીક સંપર્ક કરતા વગર પરવાનગીએ અમદાવાદ ગયેલ હોવાની કબુલાત કરી હતી અને માફી પણ માગી હતી.

પ્રાથમિક શાળામાં આજે કુલ ૨૫૧ વિદ્યાર્થીઓ હાજર હતા જે પૈકી ૧૨:૦૦ વાગ્યે આપવામાં આવતા મધ્યાહન ભોજન યોજનામાં ૧૮૫ વિદ્યાર્થીઓએ ભોજન લીધેલ હોવાનુ વર્ધી બુકમાં દર્શાવેલ હતુ. જે અંગે શંકા જતા ખરેખર ૧૮૫ વિદ્યાર્થીઓએ ભોજન લીધેલ છે કે કેમ ? તે અંગે નાયબ કલેકટર અને મામલતદારએ બાળવાટીકાથી ધોરણ ૧,૨,૩,૪,૫,૭,૮ એમ તમામ બાળવાટીકાથી ૮ માં ધોરણ સુધી બાળકોના વર્ગખંડમાં જઈ બાળકોને સમજુત કરી પુછતા ખરેખર મધ્યાહન ભોજન લીધેલ બાળકોની સંખ્યા ૧૫૩ માલુમ પડેલ હતી, આમ, ક્રોસ વેરીફિકેશન કરતા ૩૨ બાળકો વધુ દર્શાવેલ હતા. મધ્યાહન ભોજન યોજના ઉપરાંત દરેક પ્રાથમિક શાળામાં મુખ્યમંત્રી પોષ્ટીક અલ્પહાર યોજના રાજય સરકારે અમલવામાં મુકેલ છે જે અંતર્ગત બપોરના ભોજન પછી ચાર વાગ્યાની નાની રીસેસમાં બાળકોને ફરજીયાત નાસ્તો આપવાનો હોય છે, તે અંતર્ગત આજે બાળકોને મેનુ મુજબ સુખડી આપવાની થાય. જે મુજબ આ મધ્યાહન ભોજન કેન્દ્રમાં હાજર સંખ્યા ૨૫૨ મુજબ દરેક બાળક દીઠ ૫૦ ગ્રામ (૨૦ ગ્રામ ઘઉંનો લોટ, ૧૫ ગ્રામ ગોળ, ૧૦ ગ્રામ સીંગતેલ, ૫ ગ્રામ ખાંડેલા સીગના દાણા) તેમ ગણી બાળક દીઠ ૫૦ ગ્રામ સુખડી આપવાની થાય, જે મુજબ ૨૫૧ બાળકોની ગણતરી કરતા ૨૫૧*૧૨= ૧૨ કિલો અને ૫૫૦ ગ્રામ સુખડી બનાવી પડે પરંતુ મધ્યાહન ભોજન કેન્દ્રમાં બનાવેલ સુખડીનુ વજનકાંટાથી વજન કરતા ફકત ૩ કિલોને ૭૦૦ ગ્રામ સુખડી બનાવેલ હતી એટલે કે ૮ કીલો અને ૮૦૦ ગ્રામ સુખડી ઓછી બનાવેલ હતી જે ખુબ જ ગંભીર ગેરરીતી રજીસ્ટર પણ નીભાવવામાં આવેલ નથી. અમરાપર પ્રાથમિક શાળાના મધ્યાહન ભોજન કેન્દ્ર ૧૩ અમરાપર-૧ માં ગંભીર ગેરરિતીઓ ધ્યાને આવતા મધ્યાહન ભોજન કેન્દ્રના સંચાલક અનિલભાઈ એન.અનદાણી તેમજ રસોઈયા મીઠીબેન કમાભાઈ પીહલાને તાત્કાલીક ધોરણે છુટા કરી અત્રેને અહેવાલ મોકલી આપવા મામલતદાર થાનગઢને આદેશ આપવામાં આવ્યો હતો.

# ઈન્સ્ટાગ્રામમાં ૧૦ કરોડ ફોલોવર્સ સાથે નરેન્દ્ર મોદી વિશ્વના પ્રથમ નેતા બન્યાં

## ઈન્સ્ટાગ્રામ યુવાનોનું પ્લેટફોર્મ હોવા છતાં આટલા ફોલોઅર્સ હોવાનો અર્થ છે કે પીએમ મોદી નવી પેઢી સાથે મજબૂતીથી જોડાયેલા છે




વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર એક નવો ઈતિહાસ રચ્યો છે. તેઓ વિશ્વના એવા પ્રથમ રાજકીય નેતા બની ગયા છે જેમના ફોલોઅર્સની સંખ્યા ૧૦ કરોડને વટાવી ગઈ છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ (૪.૩ કરોડ) બીજા ક્રમે છે, જ્યારે ઈન્ડોનેશિયા અને બ્રાઝિલના રાષ્ટ્રપતિઓ પણ મોદી કરતા ઘણા પાછળ છે. ટોચના ૫ નેતાઓના ફોલોઅર્સ ભેગા કરો તો પણ તે મોદી કરતા ઓછા થાય છે. ભારતમાં યુપીના CM યોગી આદિત્યનાથ (૧.૬ કરોડ) અને રાહુલ ગાંધી (૧.૨ કરોડ) કરતા PM મોદીની લોકપ્રિયતા અનેકગણી વધારે છે.

વર્ષ ૨૦૨૫ અને ૨૦૨૬ ના સર્વે મુજબ પીએમ મોદી દુનિયાના સૌથી લોકપ્રિય નેતા છે. તેઓ ૬૭% થી ૭૫% રેટિંગ સાથે સતત પ્રથમ સ્થાને રહ્યા છે. લોકપ્રિયતાની યાદીમાં જાપાનના PM અને અમેરિકાના ડોનાલ્ડ ટ્રમ્પ જેવા નેતાઓ પીએમ મોદીથી ઘણા પાછળ છે. ઈન્સ્ટાગ્રામ મુખ્યત્વે યુવાનોનું પ્લેટફોર્મ છે, ત્યાં ૧૦ કરોડ ફોલોઅર્સ હોવાનો અર્થ છે કે પીએમ મોદી નવી પેઢી સાથે મજબૂતીથી જોડાયેલા છે.

ટેકનોલોજીના યુગમાં પીએમ મોદી માત્ર ભારતના જ નહીં, પરંતુ વિશ્વના સૌથી પ્રભાવશાળી અને લોકપ્રિય નેતા તરીકે ઉભરી આવ્યા છે.

# જૂનાગઢ ધારાસભ્ય સંજય કોરડીયા સાથે રૂ. ૭.૧૫ લાખની છેતરપિંડી

## ફલાઈટ રદ થતા સ્પાર્કલ હોલીડેસ પ્રા.લી.એ રિફંડ નહીં ચુકવી કરી ઠગાઈ



**અબતક, દર્શન જોશી જુનાગઢ**

જૂનાગઢના ધારાસભ્ય સાથે રૂ. ૭.૧૫ લાખની છેતરપિંડી થઈ હોવાની પોલીસ દફતરે ફરિયાદ નોંધાઈ છે, અમદાવાદની સ્પાર્કલ હોલીડેસ પ્રાઈવેટ લીમીટેડ એ વિદેશ જવા લીધેલ રૂપિયા ફલાઈટ રદ થવા છતાં રિફંડ નહીં આપતા આ ફરિયાદ થઈ હોવાનું જાણવા મળી રહ્યું છે.

જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડીયાના અંગત મદદનીશ હર્ષ લાલજીભાઈ ગોઠી એ જુનાગઢ બી ડીવીઝન પોલીસમાં અમદાવાદની સ્પાર્કલ હોલીડેસ પ્રાઈવેટ લીમીટેડના ભાગીદારો અને કામ કરતા કર્મચારીઓ સામે એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, કામના આરોપી સ્પાર્કલ હોલીડેસ પ્રાઈવેટ લીમીટેડ (૭૦૪, સેન્ટોરીની સ્કવેર, સટાબજારની સામે સેટેલાઈટ અમદાવાદ) ના ભાગીદારો અને કામ કરતા કર્મચારીઓ મો.૮૩૪૭૫ ૭૮૯૭૨ ની ટ્રાવેલ કંપનીમાં સંજયભાઈ ઉર્ફે સુરેશભાઈ કોરડીયાએ પોતાના પરીવાર સાથે જોર્જીયા દેશમાં જવા સારૂ રૂ. ૭,૧૫,૮૦૦ નુ બુકીંગ કરાવેલ હોય અને ઈરાન યુધ્ધના કારણે ફલાઈટ રદ થતા પ્રવાસે જઈ શકેલ ન હોય અને આ ટ્રાવેલ કંપની દ્વારા બુંકીગના રૂપીયા તા. ૧૫/૬/૨૫ થી ૨૫/૨/૨૬ સુધી રિફન્ડ નહી કરી તેમની સાથે છેતરપીંડી કરી ગુન્હો કરેલ છે.

જૂનાગઢના ધારાસભ્ય સાથે અમદાવાદની સ્પાર્કલ હોલીડેસ પ્રાઈવેટ લીમીટેડ દ્વારા થયેલ છેતરપીંડી અંગે ધારાસભ્યના અંગત મદદનીશ એ કરેલ ફરિયાદના આધારે પોલીસે ગુન્હો નોંધ્યો છે, જેની તપાસ બી ડિવિઝન પો.સ.ઈ. એસ.કે.મહેતા એ હાથ ધરી છે.

# અમદાવાદમાં નવ સ્થળે ઈડીના દરોડા :અનાસ ગ્રૂપ પાસેથી કરોડોની રોકડ, સોનું-ચાંદી જપ્ત

## એક કરોડ રોકડા, ૩૩.૩૪ લાખની વિદેશી કરન્સી, ૧.૬ કિલો સોનું અને ૮૦ કિલો ચાંદી કબ્જે

**અબતક, રાજકોટ**

એનફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) અમદાવાદની ટીમ દ્વારા શહેરના પાન મસાલા અને ખૈનીના મોટા ઉત્પાદક અનાસ ગ્રૂપ અને તેમના ભાગીદારો તથા સંકળાયેલા માણસો મળી કુલ ૯ પ્રિમાઈસિસ પર દરોડા પાડવામાં આવ્યા હતા. દરોડા દરમિયાન ઈડીના અધિકારીઓએ એક કરોડ રૂપિયા રોકડા, ૩૩.૩૪ લાખની વિદેશી કરન્સી, ૧.૬ કિલો સોનું અને ૮૦ કિલો ચાંદી જપ્ત કરી હતી. સાથે સાથે તપાસ દરમિયાન મોટા પ્રમાણમાં મિલકતો અને ટ્રાન્ઝેક્શનની વિગતો મળી આવી છે. આ ઉપરાંત દુબઈ સહિત અન્ય દેશોમાં પણ તેમની મિલકતો હોવાની વિગતો મળતા તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે. અનાસ ગ્રૂપ તમાકુ પ્રોસેસિંગ, પેકેજિંગ અને મેન્યુફેક્ચરિંગના વ્યવસાય સાથે જોડાયેલ છે અને અંબર ટોબેકો, ઉમદા ટોબેકો તથા શમા ફિલ્ટર ખૈની જેવા બ્રાન્ડ નામ હેઠળ પોતાની પ્રોડક્ટ બજારમાં વેચે છે.અનાસ ગ્રૂપની આર્થિક ગતિવિધિઓ અંતર્ગત નોંધાયેલી ફરિયાદના અનુસંધાનમાં ઈડીના અધિકારીઓએ તપાસ શરૂ કરી હતી અને થોડા સમય પહેલા પૂરતા પોલીસ બંદોબસ્ત સાથે ગ્રૂપના સંચાલકો અને ભાગીદારો ઉપરાંત તેની સાથે સંકળાયેલા લોકોના વેજલપુર, જુહાપુરા અને દાણીલીમડા સહિતના વિસ્તારોમાં નવ પ્રિમાઈસિસ પર દરોડા પાડીને કાર્યવાહી શરૂ કરી હતી. લાંબા સમય સુધી ચાલેલી તપાસમાં અધિકારીઓને સંચાલકો અને તેમના ભાગીદારોના ઘરમાંથી એક કરોડ રૂપિયા રોકડા, ૩૩.૩૪ લાખની વિદેશી કરન્સી, વિદેશી માર્કિંગ ધરાવતા સોનાના ૧૬ બિસ્કિટ કે જેનું વજન ૧.૬ કિલો થાય છે (જેની બજાર કિંમત ૨.૫ કરોડ રૂપિયા થાય) અને ચાંદીના ૫૦૦ ગ્રામનું એક એવા ૧૬૦ બિસ્કિટ, જેનું કુલ વજન ૮૦ કિલો થાય છે અને તેની બજાર કિંમત બે કરોડ રૂપિયા થાય છે.

આ ઉપરાંત અધિકારીઓને મોટા પ્રમાણમાં દસ્તાવેજ, બાનાખત અને કાચી તેમજ પાકી લખાણની ચિઠ્ઠીઓ મળી આવી છે. જેના આધારે ગ્રૂપ અને તેની સાથે સંકળાયેલા લોકોની દુબઈ સહિત વિદેશમાં ઘણી બધી પ્રોપર્ટી હોવાનું સામે આવી રહ્યું છે. હવે આ પ્રોપર્ટી વિદેશમાં કરાયેલા હવાલા અને તેને સંલગ્ન તમામ બાબતોની તપાસ શરૂ કરવામાં આવી છે.

અનાસ ગ્રૂપ પરના દરોડાને કારણે તમાકુ, પાન મસાલા, ગુટકા તેમજ સોપારીનો વેપાર કરતા વેપારીઓ દોડતા થઈ ગયા છે, કેમકે દરેક ઉત્પાદકો સાથે આ ગ્રૂપ સંકળાયેલું હોવાની વિગતો સામે આવી રહી છે.

### પાન મસાલાના મોટા ઉત્પાદક અનાસ ગ્રૂપ પાસેથી દસ્તાવેજ, બાનાખત અને કાચી તેમજ પાકી લખાણની ચિઠ્ઠીઓ પણ મળી

# બોર્ડની પરીક્ષાનો ઉત્સાહભેર પ્રારંભ: કલેક્ટરે ફૂલ આપી વિદ્યાર્થીઓને આવકાર્યા

## જિલ્લાના ૧૦૧ કેન્દ્રો પર ૨૮,૫૩૮ વિદ્યાર્થીઓ ભયમુક્ત માહોલમાં આપશે પરીક્ષા; ૧૭૦૦થી વધુ કર્મચારીઓનો ચુસ્ત બંદોબસ્ત



ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓનો આજથી જામનગર જિલ્લામાં ઉત્સાહભેર પ્રારંભ થયો છે. પરીક્ષાના પ્રથમ દિવસે જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર અને જિલ્લા શિક્ષણ અધિકારી વિપુલ મહેતા સહિતના ઉચ્ચ અધિકારીઓએ પરીક્ષા કેન્દ્રોની મુલાકાત લીધી હતી. અધિકારીઓએ પરીક્ષા આપવા આવેલા વિદ્યાર્થીઓને ફૂલ આપી અને મોઢું મીઠું કરાવીને આવકાર્યા હતા, જેનાથી વિદ્યાર્થીઓમાં પરીક્ષાનો ભય દૂર થાય અને તેઓ આત્મવિશ્વાસ સાથે પેપર લખી શકે.તા. ૨૬ ફેબ્રુઆરીથી ૧૮ માર્ચ સુધી ચાલનારી આ પરીક્ષા માટે જામનગર જિલ્લામાં વ્યાપક આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લામાં કુલ ૧૬ મુખ્ય પરીક્ષા કેન્દ્રો હેઠળ ૧૦૧ પરીક્ષા સ્થળો પર ૯૭૫ બ્લોક તૈયાર કરવામાં આવ્યા છે. આ વર્ષે જિલ્લાના કુલ ૨૮,૫૩૮ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં પોતાનું નસીબ અજમાવી રહ્યા છે, જેમાં ધોરણ ૧૦ના ૧૭,૩૪૩, ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના ૯,૧૬૯ અને વિજ્ઞાન પ્રવાહના ૧,૯૦૫ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય અને શાંતિપૂર્ણ વાતાવરણ જળવાઈ રહે તે માટે જિલ્લાભરમાં ૧૭૦૦થી વધુ કર્મચારીઓનો સ્ટાફ તૈનાત કરવામાં આવ્યો છે. વહીવટી તંત્ર દ્વારા તમામ કેન્દ્રો પર સીસીટીવી કેમેરા અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે પારદર્શક પરીક્ષા યોજાય તેવી સજ્જતા દર્શાવવામાં આવી છે. પ્રથમ દિવસે વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને તંત્ર દ્વારા કરવામાં આવેલી સુવિધાઓની પણ સરાહના કરવામાં આવી હતી.

# દ્વારકામાં કાળિયા ઠાકોરના સાનિધ્યમાં અબીલ ગુલાલની છોળોથી રમતા ભાવિકો

## ફૂલડોલ ઉત્સવને લઈને પગપાળા યાત્રિકો સહિત શ્રધ્ધાળુઓની ભીડ: તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ

**અબતક, મહેન્દ્ર કક્કડ**
**દ્વારકા**



ગઈકાલથી હોળાષ્ટક બેસવાની સાથે જ જગતમંદિરમાં ઠાકોરજીને સવારે શૃંગાર આરતી દરમ્યાન તેમજ સાંજે સંધ્યા આરતી સમયે શ્વેત વસ્ત્રોની સાથોસાથ કેસરયુકત દ્રવ્યોથી ભરેલી પિચકારી તેમજ અબીલ ગુલાલની પોટલી સાથે આરતી કરવામાં આવી રહી છે. આ દરમ્યાન જગતમંદિરના નિજસભામંડપ તથા મંદિર પરિસરમાં ભાવિકો ઠાકોરજી સંગ ફુલડોલ મનાવતા હોવાના ભાવ સાથે અબીલ ગુલાલની છોળો ઉડતી જોવા મળે છે. આગામી ફુલડોલ ઉત્સવ સુધી સવાર-સાંજ ઠાકોરજીના સાનિધ્યમાં ભાવિકો અબીલ ગુલાલથી રમતાં જોવા મળશે. જયારે ૩જી માર્ચે હજારો ભાવિકોની ઉપસ્થિતિમાં સવારે ૧૧ થી ૧૨ વાગ્યા સુધી જગતમંદિરમાં ફુલડોલ ઉત્સવ ઉજવાશે.

દ્વારકામાં અત્યારથી જ ફુલડોલ ઉત્સવના માહોલ સાથે સવારે મંગલા આરતીથી બપોરે અનોસર તેમજ સાંજે ઉત્થાપનથી શયન સુધી ભાવિકોની સવિશેષ ભીડ જોવા મળી રહી છે. તંત્ર દ્વારા ભીડને કન્ટ્રોલ કરવા વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ફુલડોલ ઉત્સવમાં ભાગ લેવા માટે રાજ્યભરમાંથી ગામેગામથી લાખો ભાવિકો પગપાળા તેમજ વાહનો દ્વારા આવી રહ્યા છે. જેમાં હાલારના જામનગર, ખંભાળીયા ઉપરાંત કચ્છ, સુરેન્દ્રનગર, રાજકોટ, જુનાગઢ, પોરબંદર, મોરબી, અમદાવાદ, વડોદરા, સુરત, મહેસાણા, વિરમગામ સહિતના જિલ્લાઓમાંથી પણ પદયાત્રીઓ મોટી સંખ્યામાં ફુલડોલ ઉત્સવ મનાવવા નિકળી પડ્યા છે. પદયાત્રીઓમાં ભરવાડ તથા રબારી સમાજના ભાવિકોની સંખ્યા સૌથી વધુ જોવા મળી રહી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લા વહીવટીતંત્રે પણ વિવિધ સ્તરે યાત્રાળુઓની સુખાકારી, સલામતી તથા સુરક્ષા અંગે તડામાર તૈયારીઓ કરી છે. જેમાં પોલીસ વિભાગ, કલેકટર કચેરી, નગરપાલીકા, દેવસ્થાન સમિતિ તેમજ સ્વયંસેવી સંસ્થાઓ પણ વ્યવસ્થા જાળવવામાં મદદરૂપ થઈ રહી છે. શહેરમાં ટ્રાફીક અનુસંધાને પણ એકમાર્ગીય વ્યવસ્થા ગોઠવવામાં આવી છે તેમજ શહેર તેમજ આસપાસના પદયાત્રીઓ માર્ગમાં ભોજન, નાસ્તા, આરામના સ્ટોલ તથા સાંસ્કૃતિક કાર્યક્રમો સહિતની વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી રહી છે.

# એનએસજી અને કમાન્ડો દ્વારા ૭ આતંકવાદીઓનો ખાતમો કરી ૧૨ જેટલા બંધકોને મુકત કરાવાયા

## રિલાયન્સ બાદ કલેક્ટર કચેરી અને ક્રિસ્ટલ મોલ ખાતે પણ રાષ્ટ્રીય કક્ષાની હાઈ-લેવલ 'મોકડ્રીલ' યોજાઈ



જામનગર રિલાયન્સ રિફાઈનરીમાં યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાની મોકડ્રીલ બાદ જામનગર જિલ્લા કલેક્ટર કચેરીના બીજા માળે તેમજ શહેરના વ્યસ્ત એવા ક્રિસ્ટલ મોલ ખાતે આ જ પ્રકારની આતંકવાદ વિરોધી 'મોકડ્રીલ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ કવાયત દ્વારા રાષ્ટ્રીય સુરક્ષા એજન્સીઓ અને સ્થાનિક વહીવટી તંત્રએ સંભવિત કટોકટી સામે પોતાની સજ્જતા અને ત્વરિત પ્રતિસાદનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.

આજના ઓપરેશનમાં કલેક્ટર કચેરીના બીજા માળ પર તથા ક્રિસ્ટલ મોલની અંદર ૭ આતંકવાદીઓ દ્વારા હુમલો કરી ૧૨ જેટલા નાગરિકોને બાન પકડવાની સ્થિતિનો 'ડમી' સિનારીયો ઊભો કરવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં જ નેશનલ સિકયુરિટી ગાર્ડ (NSG), ચેતક કમાન્ડો, પોલીસ તંત્ર અને ક્વિક રિસ્પોન્સ ટીમ દ્વારા આ સંવેદનશીલ સ્થળોને કોર્ડન કરવામાં આવ્યા હતા. જાનમાલને કોઈ જ નુકશાન ન થાય તે માટે તંત્ર દ્વારા તાત્કાલિક બુલેટ પ્રુફ વાહનો, ફાયર ફાઈટર અને એમ્બ્યુલન્સ સહિતના અદ્યતન સાધનો તૈનાત કરી દેવામાં આવ્યા હતા. તંત્ર દ્વારા આતંકી ઘટના અંગેનો મેસેજ મળતાની સાથે જ ગણતરીની મિનિટોમાં તમામ સંબંધિત વિભાગોના કાફલાઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

અત્યંત કુશળતાપૂર્વક આતંકી કાવતરું નિષ્ફળ બનાવી તમામ આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા અને તમામ ૧૨ હોસ્ટેજિસને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા. કલેકટર કચેરી ખાતે સાંજે ૬:૪૮ કલાકે શરૂ થયેલી આ દિલધડક મોકડ્રીલ સતત ૫ કલાકથી વધુ સમય સુધી ચાલી હતી અને રાત્રે ૧૨:૨૦ કલાકે પૂર્ણ જાહેર કરવામાં આવી હતી.જ્યારે ક્રિસ્ટલ મોલ ખાતે રાત્રે ૧૧.૩૦ કલાકે શરૂ થયેલી મોકડ્રિલ રાત્રે ૩.૨૦ કલાકે પૂર્ણ થઈ હતી.

જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા કંટ્રોલ રૂમ દ્વારા તમામ વિભાગો વચ્ચે ગણતરીની ઘડીઓમાં સંકલન સાધવામાં આવ્યું હતું.

### ટીબી મુકત ભારત અભિયાન હેઠળ

# ધ્રોલ: નયારા એનર્જી દ્વારા પોષણ કિટનું વિતરણ



**અબતક, સંજય ડાંગર**
**ધ્રોલ**

ભારત સરકારના 'ટીબી મુક્ત ભારત' અભિયાનને સાકાર કરવાના ઉમદા હેતુ સાથે જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકા ખાતે ટીબીના દર્દીઓને પોષણયુક્ત રાશન કિટ વિતરણનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ જિલ્લા વિકાસ અધિકારી અંકીત પન્નુ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને જિલ્લા ક્ષય અધિકારી ડો. પંકજકુમાર સિંઘ, જિલ્લા ક્ષય મેડિકલ ઓફિસર ડો. ધીરેન પીઠડીયા, તથા તાલુકા હેલ્થ ઓફિસર ડો. એચ.એન. ફોઝેના સીધા માર્ગદર્શન હેઠળ સંપન્ન થયો હતો.

શરીરની રોગપ્રતિકારક શક્તિમાં ઘટાડો થવાને કારણે ટીબી થવાની સંભાવના વધી જાય છે. જો સમયસર ટીબીની દવા સાથે પૂરતા પ્રમાણમાં પ્રોટીન અને વિટામિન મળે તો આ રોગને વહેલી તકે નાબૂદ કરી શકાય તેમ છે. આ બાબતને ધ્યાને રાખીને જામનગર જિલ્લાની નામાંકિત કંપની નયારા એનર્જી દ્વારા જરૂરિયાતમંદ દર્દીઓને સહ પ્રમાણસર પોષણ મળી રહે તેવા શુભ હેતુથી નિષ્ણાતો દ્વારા તૈયાર કરવામાં આવેલ પોષણયુક્ત રાશન કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# કંપનીને કચરો તાત્કાલિક ઉઠાવવા અને ડિઓ સ્પ્રે વધારવા મનપાનો કડક આદેશ


## મંત્રી રિવાબા જાડેજાના ત્વરિત સૂચન બાદ વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટ પર મનપાનું એકશન:દુર્ગંધ અંગેની રજૂઆતો બાદ સ્થળ નિરીક્ષણ



જામનગરના ગાંધીનગર વિસ્તારમાં આવેલ વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટમાંથી ફેલાતી દુર્ગંધ અંગે સ્થાનિક નાગરિકોની રજૂઆતો બાદ મંત્રી રિવાબા જાડેજાએ મહાનગરપાલિકા તંત્રને તાત્કાલિક કાર્યવાહી કરવા સૂચના આપી હતી. હાલ ચાલી રહેલા ગુજરાત રાજ્ય વિધાનસભા સત્ર દરમિયાન આ મુદ્દો ધ્યાન પર આવતા શિક્ષણ મંત્રીએ સંબંધિત વિભાગને એકશન લેવા જણાવ્યું હતું.

સૂચનાના અનુસંધાને જામનગર મહાનગરપાલિકાના આસિસ્ટન્ટ કમિશનર અને સોલિડ વેસ્ટ વિભાગના કંટ્રોલિંગ અધિકારી મુકેશભાઈ વરણવા તેમની ટીમ સાથે પ્લાન્ટના સ્થળે પહોંચ્યા અને પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું. આ મુલાકાત દરમિયાન વોર્ડ નં. ૨, ૩ અને ૪ના ભાજપના કોર્પોરેટરો પણ હાજર રહ્યા હતા.નિરીક્ષણ દરમ્યાન કંપની દ્વારા બહાર રાખવામાં આવેલો કચરો તાત્કાલિક ઉઠાવી લેવા, આસપાસની સફાઈ સુચારૂ કરવા તથા દુર્ગંધ નિયંત્રણ માટે કરવામાં આવતા ડિઓ સ્પ્રેના છંટકાવમાં વધારો કરવા કડક સૂચનાઓ અપાઈ હતી. ડિઓ સ્પ્રે માટે ઉપયોગમાં લેવાતી નોઝલ વગેરે સાધનો યોગ્ય રીતે કાર્યરત રહે તેની માવજત કરવા પણ કંપનીને સૂચના આપવામાં આવી છે.મહાનગરપાલિકા તંત્ર દ્વારા અઠવાડિયામાં બે વખત સ્થળ મુલાકાત અને દૈનિક રિપોર્ટિંગ કરવાની વ્યવસ્થા અમલમાં મૂકાશે. ઉપરાંત, નજીકના ભવિષ્યમાં પ્લાન્ટને અન્ય સ્થળે સ્થળાંતર કરવાની શક્યતા અંગે પણ વિચારણા ચાલી રહી હોવાનું જાણવા મળે છે.સ્થાનિકોમાં રાહતની લાગણી વ્યાપી છે અને તંત્ર દ્વારા સતત મોનિટરિંગની ખાતરી આપવામાં આવી છે.

# રાષ્ટ્રીય સ્તરની કાઉન્ટર ટેરરિસ્ટ એકસરસાઈઝ અંગે કલેકટર કચેરી ખાતે સમીક્ષા બેઠક યોજાઈ



રિલાયન્સ રિફાયનરી તથા તા.૨૪ના રોજ કલેકટર કચેરી તથા ક્રિસ્ટલ મોલ ખાતે રાષ્ટ્રીય સ્તરની કાઉન્ટર ટેરરિસ્ટ એકસરસાઈઝ યોજવામાં આવી હતી. આ મોકડ્રિલમાં રાષ્ટ્રીય સુરક્ષા દળો, ચેતક કમાન્ડો, સીઆઈએસએફ, ક્વિક રિસ્પોન્સ ટીમ જામનગર, જિલ્લા વહીવટી તંત્ર, વિશેષ કાઉન્ટર ટેરરિઝમ ટીમો, જિલ્લા પોલીસ તેમજ અન્ય સંબંધિત વિભાગોએ સંકલિત રીતે ભાગ લીધો હતો. આ અંગે ચર્ચા અને સમીક્ષા કરવા જિલ્લા પોલીસ અધિક્ષક

## બેઠકમાં જિલ્લા કલેકટર અને જિલ્લા પોલીસ અધીક્ષક ની પ્રતિબધ્ધતા, પ્રતિભાવ અને સુસંગત કામગીરીની પ્રશંસા

તથા એન.એસ.જી.ના કમાન્ડોની ઉપસ્થિતિમાં કલેકટર કચેરી ખાતે લગત વિભાગોની સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન મોકડ્રિલ દરમિયાન હાથ ધરાયેલી કાર્યવાહી, વિભાગો વચ્ચેનું સંકલન, સમયસર પ્રતિસાદ અને સુરક્ષા વ્યવસ્થાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. તેમજ જિલ્લા પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈની, ઈન્સીડન્ટ કમાન્ડરો , ચેતક કમાન્ડો, રિલાયન્સના પ્રતિનિધિ તથા એન.એસ.જી. કમાન્ડો અને અન્ય અધિકારી ઓએ મોકડ્રીલને લઈને પોતાના અનુભવો, સારી કામગીરી અને લર્નિંગ પોઈન્ટ્સ જણાવ્યા હતા.

જિલ્લા કલેકટર કેતન ઠક્કર અને જિલ્લા પોલીસ અધીક્ષક ડો. રવિમોહન સૈનીની પ્રતિબધ્ધતા, પ્રતિભાવ અને સુસંગત કામગીરી તથા જિલ્લા વહીવટીતંત્રમાં મોકડ્રીલને લઈને ઉત્સાહ તેમજ સજાગતા જોવા મળી હતી. આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર શારદા કાથડ, નાયબ મ્યુનીસીપલ કમિશ્નર ઝાલા, એનએસજીના કમાન્ડરો, ચેતક કમાન્ડો, રિલાયન્સના પ્રતીનીધી તેમજ લગત વિભાગના અધિકારી ઓ ઉપસ્થિત રહ્યા હતા.



રાજકોટ જિલ્લા કલેક્ટર ડૉ. ઓમ પ્રકાશ ન્યૂ એરા સ્કૂલમાં વિદ્યાર્થીઓને આવકારવા પહોંચ્યા

## વિદ્યાર્થીઓ તણાવ મુક્ત વાતાવરણમાં પરીક્ષા આપે તેવી વ્યવસ્થા કરાઈ: જિલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશ

રાજકોટ જિલ્લા કલેકટર ડૉ. ઓમ પ્રકાશ આજે ન્યુ એરા સ્કૂલ ખાતે ધોરણ ૧૦ અને ૧૨ના બોર્ડના વિદ્યાર્થીઓને આવકારવા માટે પહોંચ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે અહીં પરીક્ષા આપવા આવેલા વિદ્યાર્થીઓની સાથે વાત કરી. તેઓ ખૂબ જ કોન્ફિડન્ટ છે અને તેમને જોઈએ ત્યારે ચોક્કસપણે આપણું બાળપણ યાદ આવી જાય. કલેકટરે પોતે જયારે બોર્ડની પરીક્ષા આપી ત્યારે નર્વસ હતા કે કેમ તેવું પૂછ્વામાં આવતા તેમણે જણાવ્યું કે, જનરલ ઓપરેશન એ પ્રકારની છે કે બોર્ડની પરીક્ષાની શરૂઆતમાં બધા નર્વસ જ હોય છે. વિદ્યાર્થીઓને સંદેશો આપવાનું કે આખું વર્ષ આપે મહેનત કરી છે જેથી કોઈપણ પ્રકારનો સ્ટ્રેસ રાખવાની જરૂર નથી અને અહીં તણાવ મુક્ત વાતાવરણમાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકે તે માટે વહીવટી તંત્ર દ્વારા પ્રયાસ કરવામાં આવેલો છે. સમવેદનશીલ પરીક્ષા કેન્દ્રો ઉપર વર્ગ ૧ અને ૨ના અધિકારીઓને નિરીક્ષણ માટે મૂકવામાં આવ્યા છે.

# બેસ્ટ ઓફ લક | ધો.૧૦-૧૨ની પરીક્ષાનો પ્રારંભ: ઢોલ-નગારા અને દાંડિયાના તાલે વિદ્યાર્થીઓનું સ્વાગત





## ધોરણ ૧૦ અને ૧૨ના કુલ ૧૫.૨૭ લાખ જેટલા વિદ્યાર્થીઓ ૧૭૦૧ સેન્ટર પર ૧૮ માર્ચ સુધી આપશે કસોટી રાજકોટ જિલ્લામાં ૬૫ કેન્દ્રો પરથી ૮૦,૨૪૮ વિદ્યાર્થીઓની બોર્ડની કસોટી શરૂ

**અબતક, રાજકોટ**

આજથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાની શરૂઆત થઈ છે. બોર્ડની આ વર્ષે ધોરણ ૧૦ અને ૧૨ના કુલ ૧૫.૨૭ લાખ જેટલા વિદ્યાર્થીઓ ૧૭૦૧ સેન્ટર પર પરીક્ષા આપવાના છે.

ધો-૧૦નું પ્રથમ ભાષાનું પેપર શરૂ થઈ ગયું છે.ક્યાંક વિદ્યાર્થીઓનું બેન્ડબાજાથી સ્વાગત કરાયું હતું તો ક્યાંક દાંડિયાના તાલ સાથે વિદ્યાર્થીઓને આવકાર અપાયો હતો. વિદ્યાર્થીઓને તિલક કરી ફૂલ આપી મોઢું મીઠું કરાવી પ્રવેશ અપાયો હતો.રાજકોટમાં

(અનુ. આઠમા પાને)

### હેલ્પલાઇન પરથી વિદ્યાર્થીને માર્ગદર્શન મળશે

પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓ, વાલીઓ કે પરીક્ષાની કામગીરીના કર્મચારીને માર્ગદર્શન આપવા માટે જિલ્લાના કંટ્રોલરૂમ પર ફોન નંબર ૦૭૯ ૨૩૨ ૨૦૩૧૪ પર સંપર્ક કરી શકાશે. જે જાહેર રજાઓ સહિત સવારે ૭થી રાત્રે ૮ વાગ્યા સુધી કાર્યરત રહેશે. ઉપરાંત રાજ્ય કક્ષાએ હેલ્પ લાઇન નંબર ૧૮૦૦૨૩૩૫૫૦૦ આપવામાં આવ્યો છે. તમામ દિવસોમાં સવારે૧૦થી સાજે ૬૩૦ સુધી કાર્યરત રહેશે.

# શૈક્ષણિક કેલેન્ડરમાં ધુળેટી અને રામનવમી સહિતની ચાર રજાઓની તારીખમાં ફેરફાર

### ધુળેટીની ૪, ચેટીચાંદની ૧૯, રમઝાન ઈદની ૨૧ અને રામ નવમીની ૨૬મી માર્ચ રજા જાહેર કરાય

**અબતક, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણીક વર્ષ ૨૦૨૫-૨૬ની જાહેર રજાઓનાં કેલેન્ડરમાં ચાર તહેવારની રજાની તારીખમાં ફેરફાર કરાયો છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડરમાં શૈક્ષણીક વર્ષ દરમ્યાન લેવામા આવનાર શાળાકીય પરીક્ષાની તારીખની વિગતો પ્રથમ અને દ્વિતિય સત્રના શૈક્ષણીક કાર્ય દિવસો, વેકેશનના

(અનુ. આઠમા પાને)

### ગુજરાતમાં બે વર્ષમાં રૂ.૩૭૨૭ કરોડનું ડ્રગ્સ પકડાયું

# ડ્રગ્સ મુક્તિ માટે દરેક જિલ્લામાં નવા સેન્ટર ખોલવાનો રાજ્ય સરકારનો નિર્ણય

### ડ્રગ્સ માફિયાઓની મિલકતો પર પણ 'દાદાનું બુલડોઝર' ફરશે: નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી

**અબતક, રાજકોટ**

રાજ્યમાં ડ્રગ્સના દૂષણને નાથવા માટે સરકાર દ્વારા લેવામાં આવેલા કડક અને નક્કર પગલાંઓની વિધાનસભામાં વિગતવાર માહિતી રજૂ કરતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર ડ્રગ્સ મુકત ગુજરાતના સંકલ્પ સાથે આગળ વધી રહી છે.

નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ડ્રગ્સના સોદાગરો સામે ગુજરાત પોલીસે ટોપ ટુ બોટમ ઈન્વેસ્ટિગેશન કરીને કડકમાં કડક કાર્યવાહી કરી છે. રાજ્ય સરકારે કચ્છ જિલ્લામાં ડ્રગ્સ સોદાગરોની રૂ.૩૨.૨૦ કરોડની મિલકતો પણ જપ્ત કરી છે. એટલું જ નહીં, ડ્રગ્સના વેપાર સાથે જોડાયેલા તત્વોના ગેરકાયદે બાંધકામો પર પણ 'દાદાનું બુલડોઝર' ફેરવી દેવામાં આવ્યું છે. ગુજરાત પોલીસે અન્ય રાજ્યોની પોલીસ સાથે સંકલન સાધીને 'પાંડી બ્રધર્સ' જેવા આંતરરાજ્ય ડ્રગ્સ માફિયાઓના નેટવર્કને તોડી પાડ્યું છે.

ગુજરાત પોલીસે ડ્રગ્સ બનાવતી ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યમાંથી પણ ડ્રગ્સ બનાવતી ફેક્ટરીઓ પકડી છે. તે ઉપરાંત ડ્રગ પેડલર અને ડ્રગ કાર્ટેલ્સને પકડીને ટોપ ટુ બોટમ તમામ પ્રકારના

(અનુ. આઠમા પાને)

### ૩૩૭ જેટલા સિરામિક એકમોને કોઈ રાહત નહિ

# મોરબીના સિરામિક ઉદ્યોગોની રૂ.૧૨૨ કરોડના દંડ સામેની અપીલ એનજીટીએ ફગાવી

### ભૂતકાળમાં કોલગેસીફાયરનો ઉપયોગ કરી પર્યાવરણને નુકસાની પહોંચાડવા બદલ ખાસ કમિટી દ્વારા ફટકારાયો હતો દંડ

**અબતક, રાજકોટ**

નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલની વેસ્ટ ઝોન (પુણે) બેન્ચે મોરબી અને વાંકાનેર પંથકના સિરામિક ઉદ્યોગોને મોટો ઝટકો આપ્યો છે. એનજીટીએ ૩૩૭ જેટલા સિરામિક એકમો દ્વારા કરવામાં આવેલી અપીલને ફગાવી દીધી છેઅને પર્યાવરણને નુકસાન પહોંચાડવા બદલ (એન્વાયરમેન્ટલ ડેમેજ કમ્પેન્સેશન - ઈડીસી) ફટકારવામાં આવેલ રૂ. ૧૨૨.૦૫ કરોડનો દંડ યથાવત રાખ્યો છે. પ્રતિબંધિત કોલ ગેસિફાયરનો ઉપયોગ ચાલુ રાખવા બદલ આ આકરી કાર્યવાહી કરવામાં આવી છે.

મોરબી વિસ્તારમાં પ્રદૂષણની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને કોલ ગેસિફાયરના ઉપયોગ પર



કડક પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આ મામલો છેક સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યા બાદ ગુજરાત પ્રદૂષણ

(અનુ. આઠમા પાને)

### દંડની રકમની ગણતરી અને વહેંચણી કેવી રીતે થઈ?

વર્ષ ૨૦૨૪ માં રચાયેલી કમિટીએ પર્યાવરણને થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરીને ૧૨૨.૦૫ કરોડ રૂપિયાનો આંકડો નક્કી કર્યો હતો. પ્રદૂષણ ફેલાવનાર તમામ ઉદ્યોગો પાસેથી આ રકમ વસૂલવા માટે એકમોને તેમની ઉત્પાદન ક્ષમતા અને કદના આધારે 'સ્મોલ', 'મીડિયમ' અને 'લાર્જ' એમ ત્રણ કેટેગરીમાં વિભાજિત કરવામાં આવ્યા હતા. એનજીટીએ પણ આ પદ્ધતિને સંપૂર્ણપણે યોગ્ય ઠેરવીને સ્વીકારી છે કે આટલા મોટા દંડની વહેંચણી માટે આ જ એકમાત્ર વ્યવહારુ રસ્તો હતો.

### આટલો મોટો દંડ ફટકારતા પહેલા બોર્ડ દ્વારા કોઈ નોટિસ કે બચાવની તક ન અપાતા ઉદ્યોગકારોમાં નારાજગી

જીપીસીબીની દંડ ફટકારવાની કાર્યવાહી સામે ૩૩૭ એકમોએ એનજીટીના દ્વાર ખખડાવ્યા હતા. તેઓની મુખ્ય નારાજગી એ વાતની હતી કે આટલો મોટો દંડ ફટકારતા પહેલા બોર્ડ દ્વારા તેમને કોઈ જ નોટિસ કે બચાવ કરવાની તક આપવામાં આવી ન હતી. વધુમાં, જે દિવસથી એકમમાં કોલ ગેસિફાયર લગાવવામાં આવ્યું હોય, તે જ દિવસથી દંડની ગણતરી શરૂ કરવાની જીપીસીબીની નીતિ સામે પણ ઉદ્યોગકારોએ સખત વિરોધ નોંધાવીને તેને કાયદા વિરુદ્ધ ગણાવી હતી.

# પોલીસ ભરતી માટેની શારીરિક કસોટીમાં ૧,૧૦,૬૬૫ ઉમેદવારો પાસ: ૧૯ એપ્રિલે લેખીત પરીક્ષા લેવાશે

### ૭૪૫૯૧ પુરૂષો અને ૩૬૦૭૪ મહિલાઓ ઉતિર્ણ

**અબતક, રાજકોટ**

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા પીએસઆઈ અને લોકરક્ષક કેડરના ભરતી માટે લેવામાં આવેલી શારીરિક પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ભરતીની જાહેરાત બાદ આવેલી અરજીમાં ૧૦ લાખથી વધુ ઉમેદવારોની શારીરીક કસોટી રાજયના અલગ અલગ ૧૫ ગ્રાઉન્ડ ખાતે લેવામાં આવી હતી.જેનું પરિણામ જાહેર થયું છે. કુલ ૧,૧૦,૬૬૫ ઉમેદવારો પાસ થયા છે. આગામી ૧૯મી એપ્રીલના રોજ પરીક્ષા લેવામાં આવશે.

કન્ફર્મ થયેલા ઉમેદવારો પૈકી, ફકત પીએસઆઈ અને લોકરક્ષક બન્ને માટે ઉમેદવારી નોંધાવેલી હોય તેવા ૩,૯૩,૫૫૮ ઉમેદવારોની શારીરિક કસોટી શરૂઆતના દિવસોમાં લેવામાં આવી હતી.

શારીરિક કસોટીમાં ઉતિર્ણ થયેલ ૧,૧૦,૬૬૫ ઉમેદવારોનું પરીણામ ભરતી બોર્ડની વેબસાઈટ ઉપર જાહેર કરવામાં આવેલુ છે. જેમાં ૭૪,૫૯૧ પુરૂષ ઉમેદવારો તથા ૩૬,૦૭૪ મહિલા ઉમેદવારોનો સમાવેશ થાય છે.

શારીરિક કસોટીમાં ઉતિર્ણ થયેલ આ ઉમેદવારોની લેખિત પરીક્ષા તા.૧૯.૦૪.૨૦૨૬ના રોજ યોજાવાની સંભાવના છે.

વિધાનસભા ગૃહ ખાતે રાજ્યમાં પોલીસ ભરતી અને બઢતી અંગેના મહત્ત્વના આંકડાઓ રજૂ કરતાં કાયદા રાજ્યમંત્રી કૌશિક વેકરિયાએ જણાવ્યું કે રાજ્યમાં વર્ષ ૨૦૨૫-૨૬માં ૧૦,૨૮૮ પોલીસ અધિકારીઓની ભરતીની પ્રક્રિયા ચાલી રહી છે. જ્યારે વર્ષ ૨૦૨૪માં ૬,૩૧૯ અને વર્ષ ૨૦૨૫માં ૪,૭૮૧ મળીને કુલ ૧૧,૧૦૦ પોલીસ અધિકારીઓને બઢતી આપવામાં આવી છે.

વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન સમગ્ર રાજ્યમાં ૪૭૫ બિનહથિયારી પીએસઆઈની ભરતી કરવામાં આવી છે. જ્યારે વર્ષ ૨૦૨૫-૨૬માં અંદાજે ૬૫૯ બિનહથિયારી પીએસઆઈ

(અનુ. આઠમા પાને)

# ગુજરાતમાં "ગાય"ને રાજ્યમાતાનો દરજ્જો આપવા કોંગ્રેસ પ્રમુખની માંગ

### ગાયોના રક્ષણ માટે કોઈ નક્કર કાયદાની અમલવારી કરાતી નથી: અમિત ચાવડા

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં ગાયને રાજ્યમાતાનો દરજ્જો આપવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડાએ માંગણી ઉઠાવી છે.

વિધાનસભામાં અમિતભાઈ ચાવડાએ પ્રશ્નોત્તરી કાળ દરમિયાન ભાગે લેતા જણાવ્યું હતું કે ગાય ભારતીય સંસ્કૃતિ, સંસ્કાર અને આસ્થાનું પ્રતિક, ગાય માતાને રાજ્યમાતાનો દરજ્જો આપવાની માંગ કરી હતી. ભાજપ માત્ર મતોના રાજકારણ માટે ગાયના નામનો ઉપયોગ કરે છે, પરંતુ વાસ્તવિકતામાં ગૌમાતાની હાલત દયનીય છે. જો મહારાષ્ટ્રની સરકાર ગાયને 'રાજ્યમાતા' જાહેર કરી શકતી હોય, તો ગુજરાત સરકાર કેમ પાછી પાની કરી રહી છે?

રાજ્યમાં કડક કાયદાની વાતો વચ્ચે પણ અનેક શહેરો અને અંતરિયાળ વિસ્તારોમાં ગાયોની કતલ અને ગૌ-માંસ પકડાય રહ્યું છે. જે ભાજપ સરકારની નિષ્ફળતા છતી કરે છે. ગૌ માંસ ભરેલા વાહન પર જો ભાજપના સ્ટીકર, ઝંડા લગાવેલા હોય તો પોલીસ કોઈપણ પ્રકારની કાર્યવાહી કરતી નથી. ભાજપ સરકાર એક તરફ ગાયને માતા કહી મત માંગવામાં આવે છે, તો બીજી તરફ કતલખાનાઓ સુધી ગૌવંશને પહોંચાડતું નેટવર્ક પોલીસ અને

(અનુ. આઠમા પાને)


# રાજકોટના પેલેસ રોડ નજીક ફ્લેટમાં આગ ભભુકતા વૃદ્ધ માતા-પુત્રનું મોત


### રાત્રિના સમયેમન મંદિર એપાર્ટમેન્ટમાં આગ લાગતા ૯૨ વર્ષીય પ્રભાબેન અને ૬૧ વર્ષીય નરેન્દ્રભાઈએ ગુંગળામણથી દમ તોડી દીધાનું પ્રાથમિક તારણ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના પેલેસ રોડ નજીક વર્ધમાનનગરના મનમંદિર એપાર્ટમેન્ટમાં ગત રાત્રિના ૧૧૩૦ વાગ્યાની આસપાસ આગ લાગતા વૃદ્ધ માતા પુત્રનું ગુંગળામણથી મોત નીપજ્યું હતું. આગની ઘટનાને પગલે બે ફાયર ફાઈટર, પોલીસ સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને પાણીનો માળો ચલાવી આગ પર કાબુ મેળવી

(અનુ. આઠમા પાને)





### એસીમાં શોર્ટ સર્કિટ થતાં આગ લાગ્યાનું પ્રાથમિક તારણ

પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર હાલ આગ લાગવાનું સચોટ કારણ જાણી શકાયું નથી પરંતુ એસીમાં શોર્ટ સર્કિટ થતાં ફ્લેટના રસોડામાં અને હોલમાં આગ લાગતા ગુંગળાઈ જતાં માતા-પુત્રનું મોત થયું હતું. જો કે, આગ લાગવાનું સચોટ કારણ જાણવા એફએસએલ ટીમની મદદ લેવાઈ છે.

### દરવાજો તોડી ફાયર બ્રિગેડની ટીમે ફ્લેટમાં પ્રવેશ મેળવ્યો દોઢ કલાકની જહેમત બાદ આગ કાબુમાં આવી

ફાયર બ્રિગેડમાંથી પ્રાપ્ત વિગત અનુસાર રાત્રીના ૧૧૩૧ વાગ્યે આગની ઘટના અંગે કોલ મળ્યો હતો. જેથી તાત્કાલિક કનકરોડ ફાયર સ્ટેશન અને બેડીપરા ફાયર સ્ટેશન ખાતેથી બે ફાયર ફાઈટરો દોડી ગયા હતા. રાત્રીના ૧૨૫૮ સુધી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો. ફ્લેટનો દરવાજો અંદરથી બંધ હોય ફાયરની ટીમે દરવાજો તોડી ફ્લેટમાં પ્રવેશ મેળવ્યો હતો.

### બનાવને પગલે બે ફાયર ફાઇટરોએ દોડી જઈ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો: એ ડિવિઝન પોલિસે એફએસએલ રિપોર્ટના આધારે તપાસ આદરી